# રાજકોટ મિરર

RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 251 Dt. 27-03-2025 Page : 08 Price : Rs 3

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT







# લઘુમતીઓ વિરોધ હુમલામાં થયો વધારો : USCIRF

## ભારતે યુએસ કમિશન ઓન ઈન્ટરનેશનલ ફ્રીડમના રિપોર્ટને નકારી કાઢી કહ્યું લોકશાહી અને સહીષ્ણુતાના પ્રતિક ભારતનની છબી ખરડાવવાનો થઈ રહ્યો છે પ્રયાસ

નવીદિલ્હી, તા. ૨૬

ભારતે લઘુમતીઓ સામે ભેદભાવ અંગેના યુએસ કમિશન ઓન ઈન્ટરનેશનલ રિલિજિયસ ફ્રીડમ (USCIRF)ના દાવાઓને સ્પષ્ટપણે નકારી કાઢ્યા છે અને સ્પષ્ટપણે કહ્યું છે કે અમેરિકન પેનલ USCIRFનો અહેવાલ લોકશાહી અને સહિષ્ણુતાના પ્રતીક તરીકે ભારતના દરજ્જાને ઓછો કરવાનો પ્રયાસ છે, જે ક્યારેય સફળ થશે નહીં. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે નવીનતમ USCIRF રિપોર્ટ ''પક્ષપાતી અને રાજકીય રીતે પ્રેરિત મૂલ્યાંકન'' જારી કરવાની તેની ભૂતકાળની રીતને પુનરાવર્તિત કરે છે. વિદેશ મંત્રાલય (MEA) એ કડક શબ્દોમાં કહ્યું કે લોકશાહી અને સહિષ્ણુતાના પ્રતીક તરીકે ભારતના દરજ્જાને ઓછો કરવાના અમેરિકાના પ્રયાસો સફળ થશે નહીં. મંત્રાલયના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, તેના અહેવાલની નોંધ લેવાને બદલે, USCIRF ને ''ચિંતાનું સંગઠન'' તરીકે નિયુક્ત કરવું જોઈએ કારણ કે તે સહિષ્ણુતા અને સુમેળને નબળી પાડી રહ્યું છે.

વિદેશ મંત્રાલયના નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, ''USCIRF દ્વારા અલગ-અલગ ઘટનાઓને ખોટી રીતે રજૂ કરવાના અને ભારતના જીવંત બહુસાંસ્કૃતિક સમાજ પર શંકા વ્યક્ત કરવાના સતત પ્રયાસો ધાર્મિક સ્વતંત્રતા માટે વાસ્તવિક ચિંતાને બદલે ઈરાદાપૂર્વકના એજન્ડાને પ્રતિબિંબિત કરે છે. આવી સ્થિતિમાં, USCIRF ને યોગ્ય રીતે ચિંતાની સંસ્થા તરીકે નિયુક્ત કરવું જોઈએ.'' તેના વાર્ષિક અહેવાલમાં, યુએસ પેનલે ભારતની વિદેશી ગુપ્તચર એજન્સી રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગ (RAW) પર અમેરિકામાં પ્રતિબંધ મૂકવાની માંગ કરી હતી અને કહ્યું હતું કે આ સંગઠન લઘુમતીઓ સાથે ભેદભાવ કરે છે અને તેમને હેરાન કરે છે. આ પેનલે એવો પણ આરોપ લગાવ્યો છે કે છ્અઠ એ શીખ અલગતાવાદીઓની હત્યામાં ભૂમિકા ભજવી છે. રિપોર્ટમાં એવો પણ આરોપ મૂકવામાં આવ્યો છે કે ૨૦૨૪ માં ભારતમાં ધાર્મિક લઘુમતીઓ સામે હુમલા અને ભેદભાવમાં વધારો થયો છે.

રિપોર્ટ જાહેર થયા પછી, વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે આ મામલે કહ્યું, અમે USCIRFનો તાજેતરમાં પ્રકાશિત ૨૦૨૫નો વાર્ષિક અહેવાલ જોયો છે, જેમાં તે ફરી એકવાર તેના અગાઉના અહેવાલોની જેમ પક્ષપાતી મૂલ્યાંકન જારી કરી રહ્યું છે. તેમણે કહ્યું કે કમિશન ભારતની ધાર્મિક વિવિધતા અને બહુલતાનું સચોટ પ્રતિનિધિત્વ કરી રહ્યું નથી અને તેના વારંવારના આરોપો ભારતમાં ધાર્મિક સ્વતંત્રતાની સ્થિતિને ખોટી રીતે રજૂ કરે છે. આ સાથે, જયસ્વાલે એમ પણ કહ્યું કે ભારતમાં ૧.૪ અબજ લોકો રહે છે, જે વિવિધ ધર્મોમાંથી આવે છે. ભારતીય સમાજ એ વાતનું ઉદાહરણ છે કે વિવિધ ધર્મોના લોકો શાંતિપૂર્ણ અને સુમેળભર્યા રીતે કેવી રીતે સાથે રહે છે. તેમણે એમ પણ કહ્યું કે અમને એવી કોઈ અપેક્ષા નથી કે USCIRF ભારતની બહુલવાદી વાસ્તવિકતાને સ્વીકારશે અથવા તેના વિવિધ સમુદાયોના શાંતિપૂર્ણ સહજીવનને સમજશે.

**વિદેશી ગુપ્તચર એજન્સીએ રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગ પર અમેરિકામાં પ્રતિબંધ મૂકવાની માંગ કરી હતી**

# હૃદય રોગ, કેન્સરની દવામાં ૧.૭ ટકાના ભાવ વધારાની ધારણા

## ફાર્માસ્યુટિકલ ઉદ્યોગ ને મળશે રાહત કારણ કે કાચા માલની કિંમત અને અન્ય ખર્ચમાં થઈ રહ્યો છે ઉતરોતર વધારો



નવીદિલ્હી, તા. ૨૬

જો તમારા ઘરમાં દવાઓની ખૂબ જ જરૂર હોય, તો આ સમાચાર તમારા માટે થોડા ચિંતાજનક છે, કારણ કે ડાયાબિટીસ, હૃદય રોગ અને કેન્સર જેવા ગંભીર રોગો માટે જરૂરી દવાઓના ભાવ ટૂંક સમયમાં વધવાની ધારણા છે. જ્યારે નિયંત્રણ શ્રેણીમાં દવાઓના ભાવમાં ૧.૭ ટકાનો વધારો થવાની ધારણા છે. ઓલ ઈન્ડિયા ઓર્ગેનાઈઝેશન ઓફ કેમિસ્ટ્સ એન્ડ ડ્રગિસ્ટ્સના જનરલ સેક્રેટરી રાજીવ સિંઘલે જણાવ્યું હતું કે આનાથી ફાર્માસ્યુટિકલ ઉદ્યોગને કિંમતો વધારવામાં મદદ મળશે, કારણ કે કાચા માલની કિંમત અને અન્ય ખર્ચ દરરોજ વધી રહ્યા છે, જેનાથી ઉદ્યોગને થોડી રાહત મળશે. તેમણે વધુમાં કહ્યું, 'જ્યાં સુધી વેપારનો સવાલ છે, બજારમાં દવાઓના નવા ભાવ જોવામાં બે થી ત્રણ મહિના લાગશે, કારણ કે કોઈપણ સમયે બજારમાં લગભગ ૯૦ દિવસનો દવાઓનો સ્ટોક હોય છે.'

અગાઉ એવું અહેવાલ આવ્યું હતું કે રસાયણો અને ખાતરો અંગેની સંસદીય સ્થાયી સમિતિના અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ફાર્માસ્યુટિકલ કંપનીઓ વારંવાર નિર્ધારિત મર્યાદાથી વધુ દવાઓના ભાવ વધારીને નિયમોનું ઉલ્લંઘન કરતી જોવા મળી છે. ૬ માર્ચ, ૨૦૨૫ સુધીમાં, નેશનલ ફાર્માસ્યુટિકલ્સ પ્રાઈસિંગ ઓથોરિટી (NPPA) એ મેડિસિન્સ (રેટ કંટ્રોલ) ઓર્ડર (DPCO), ૨૦૧૩ ના ફકરા ૨૦ હેઠળ ઉલ્લંઘનના ૩૦૭ કેસ દસ્તાવેજીકૃત કર્યા છે, જે બિન-સુનિશ્ચિત દવાઓ માટે ભાવ વધારાને નિયંત્રિત કરે છે. આ ઉલ્લંઘનો દવાના ભાવમાં અનિયંત્રિત વધારા અને તેની શક્તિ પરની અસર અંગે વધતી ચિંતાઓને રેખાંકિત કરે છે. આ મહિનાની શરૂઆતમાં, રસાયણ અને ખાતર મંત્રાલયે જણાવ્યું હતું કે રાષ્ટ્રીય આવશ્યક દવાઓની સૂચિ, ૨૦૨૨ માં સૂચિબદ્ધ દવાઓની કિંમત મર્યાદાને કારણે સરેરાશ કિંમતમાં ઘટાડો થવાથી દર્દીઓ માટે અંદાજે વાર્ષિક રૂ. ૩,૭૮૮ કરોડની બચત થઈ છે.

# ગૃહમાં બોલવાની તક મળતી નથી : રાહુલ

## સ્પીકર ઓમ બિરલાએ રાહુલ ગાંધી પર ટિપ્પણી કરી કહ્યું કે કોઈપણ સભ્યનું વર્તન ગૃહની ગરિમા અનુસાર હોવું જોઈએ



નવીદિલ્હી, તા. ૨૬

વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ લોકસભાના સ્પીકર ઓમ બિરલા પર તેમને ગૃહમાં બોલવાની તક ન આપવાનો આરોપ લગાવ્યો છે. તેમણે કહ્યું કે ગૃહ અલોકતાંત્રિક રીતે ચલાવવામાં આવી રહ્યું છે. સ્પીકર ઓમ બિરલાએ રાહુલ ગાંધી પર ટિપ્પણી કરી હતી અને કહ્યું હતું કે કોઈપણ સભ્યનું વર્તન ગૃહની ગરિમા અનુસાર હોવું જોઈએ. સ્પીકરે કહ્યું હતું કે આવા ઘણા કિસ્સા મારા ધ્યાનમાં આવ્યા છે જેમાં સભ્યોનું વર્તન ગૃહની ગરિમાને અનુરૂપ ન હતું. આ ગૃહમાં પિતા અને પુત્રી, માતા અને પુત્રી અને પતિ અને પત્ની પણ સભ્યો તરીકે બેસે છે. તેથી, વિરોધ પક્ષના નેતા પાસેથી ગૃહના નિયમ ૩૪૯ અનુસાર વર્તન કરવાની અપેક્ષા રાખવામાં આવે છે.

રાહુલ ગાંધીએ તેમની ટિપ્પણીનો સખત વિરોધ કર્યો. તેમણે કહ્યું કે મેં આવું કંઈ કર્યું નથી અને ગૃહને અલોકતાંત્રિક રીતે ચલાવવામાં આવી રહ્યું છે. લોકસભા સ્પીકર બિરલાએ બુધવારે શૂન્ય કાળ પછી વિપક્ષના નેતા રાહુલ ગાંધીને કહ્યું કે તેમણે ગૃહના નિયમો અને પરંપરાઓ અનુસાર વર્તન કરવું જોઈએ અને તેમની પાસેથી પણ આ અપેક્ષા રાખવામાં આવે છે. આ પછી તેમણે ગૃહની કાર્યવાહી ૨ વાગ્યા સુધી સ્થગિત કરી દીધી. ગૃહ સ્થગિત થયા પછી, કોંગ્રેસના સાંસદો બિરલાને મળ્યા અને 'વિપક્ષના નેતાને બોલવાની તક ન આપવા' બદલ પોતાનો વિરોધ નોંધાવ્યો. સંસદ પરિસરમાં મીડિયા સાથે વાત કરતા રાહુલ ગાંધીએ કહ્યું, 'લોકસભા સ્પીકરે મારા વિશે કંઈક કહ્યું. જ્યારે હું ઉભો થયો, ત્યારે તેઓ ઉભા થઈને ચાલ્યા ગયા અને ગૃહની કાર્યવાહી મુલતવી રાખી.

જ્યારે પણ હું ગૃહમાં બોલવા માટે ઉભો થાઉં છું, ત્યારે મને બોલવાની મંજૂરી નથી, જ્યારે પરંપરા રહી છે કે જો વિપક્ષના નેતા ઉભા થાય છે, તો તેમને બોલવાની મંજૂરી આપવી જોઈએ. મને ખબર નથી કે ગૃહમાં શું ચાલી રહ્યું છે. રાહુલ ગાંધીએ કહ્યું, 'મેં કંઈ કર્યું નથી.' હું શાંતિથી બેઠો હતો. મેં છેલ્લા સાત-આઠ દિવસમાં કંઈ કહ્યું નથી. લોકશાહીમાં સરકાર અને વિપક્ષ બંને માટે સ્થાન છે, પરંતુ અહીં લોકશાહી માટે કોઈ સ્થાન નથી. મને ખબર નથી કે લોકસભા સ્પીકર શું વિચારે છે. તેમણે આરોપ લગાવ્યો કે ગૃહ અલોકતાંત્રિક રીતે ચલાવવામાં આવી રહ્યું છે.

ગૃહમાં કોંગ્રેસના નાયબ નેતા ગૌરવ ગોગોઈએ આરોપ લગાવ્યો કે વિપક્ષના નેતાને બોલવાની તક આપવામાં આવતી નથી. તેમણે દાવો કર્યો હતો કે જો કોઈ ભાજપ સાંસદ કે મંત્રી ફક્ત ઉભા થાય છે, તો તેમને બોલવાની સ્વતંત્રતા મળે છે. ગોગોઈએ કહ્યું, ''આપણે બધાએ જોયું છે કે સુષ્મા સ્વરાજ જ્યારે વિપક્ષના નેતા હતા ત્યારે તેમને લોકસભામાં કેટલું સન્માન મળ્યું હતું.'' તેમણે કહ્યું, ''અમે લોકસભા સ્પીકરને મળ્યા અને અમારો વાંધો નોંધાવ્યો અને તેમને વિપક્ષના નેતાની ગરિમાનું અપમાન કરવામાં આવી રહ્યું છે તે અંગે જણાવ્યું.'' તેમણે કહ્યું કે લોકસભા સ્પીકર તરફથી કોઈ સંતોષકારક જવાબ મળ્યો નથી. ગોગોઈએ કહ્યું, 'અમે ઇચ્છીએ છીએ કે ગૃહ કાર્યરત રહે, પરંતુ આ ગૃહનું વાતાવરણ બગાડવાનું કાવતરું છે.'

## સમૃદ્ધ જીવન અને સમૃદ્ધ આવક એજ રાજ્ય સરકારની નેમ : દેસાઈ

# નવા વર્ષમાં રાજ્યનું જાહેર દેવુ ૧૫.૨૮ ટકા થવાનો અંદાજ

## રાજ્યમાં કરદાતાઓની સંખ્યામાં ૧૪૫ ટકાનો વધારો, કુલ ૧૨,૪૬,૫૮૧ કરદાતા નોંધાયા : જીએસટી રિટર્ન ફાઈલિંગ અને ઇ-વે બિલ ચકાસણીમાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ સ્થાને

રાજકોટ, તા. ૨૬

રાજ્યના નાણાં મંત્રી કનુભાઈ દેસાઈએ વિધાનસભા ગૃહમાં વર્ષ ૨૦૨૫-૨૬ માટેની નાણાં વિભાગની અંદાજપત્રીય માગણીઓ રજૂ કરતાં નાણાં મંત્રી દેસાઈએ જણાવ્યું કે રાજ્યનો નાણાં વિભાગ રાજવિત્તીય અધિનિયમ, ૨૦૦૫ના નિયત માપદંડો મુજબ નાણાકીય વ્યવસ્થાપન માટે શિસ્તબદ્ધ રીતે કાર્યરત છે. આ માટેના નિયત માપદંડોને અનુસરીને રાજ્યની મહેસૂલી ખાધ ક્રમશઃ નાબૂદ કરીને સુદૃઢ રાજવિત્તીય વ્યવસ્થાતંત્ર અને રાજવિત્તીય સ્થિરતા સુનિશ્ચિત કરવામાં સફળ રહી છે તેમ તેમણે વિશ્વાસપૂર્વક જણાવ્યું હતું.

નાણાં મંત્રીએ કહ્યું કે દેશના જીડીપીમાં નોંધપાત્ર હિસ્સો ધરાવતું ગુજરાત સૌથી ઝડપથી વિકસતાં રાજ્યોના અર્થતંત્રોમાંનું એક છે. બે દાયકા અગાઉ તત્કાલિન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં શરૂ થયેલી ગુજરાતની વિકાસયાત્રા સતત આગળ વધી રહી છે.

રાજ્યના જાહેર દેવા વિશે વાત કરતાં મંત્રીએ કહ્યું કે રાજ્યના ઘરગથ્થુ ઉત્પાદન-ય્જીડ્ઢઁની સામે જાહેર દેવાના પ્રમાણમાં ઉત્તરોત્તર ઘટાડો થઇ રહ્યો છે અને વર્ષ ૨૦૨૫-૨૬માં જાહેર દેવુ ૧૫.૨૮ ટકા રહેવાનો અંદાજ સૂચવવામાં આવ્યો છે. જે ૨૭.૧૦ ટકાની નિયત મર્યાદા કરતાં ઘણું જ ઓછું છે. કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યોને મૂડી રોકાણના પ્રોજેક્ટ્સ માટે ૫૦ વર્ષ માટે વ્યાજમુક્ત લોનના સ્વરૂપમાં રાજ્યોને નાણાકીય સહાય ચૂકવવામાં આવે છે. જે અંતર્ગત ચાલું નાણાકીય વર્ષમાં અત્યાર સુધી કેન્દ્ર સરકાર દ્વારા આ યોજના હેઠળ ગુજરાતને રૂ.૫૦૨૭ કરોડની સહાય આપવામાં આવી છે. જેના પરિણામે જાહેર દેવા પર વ્યાજની ચૂકવણીના સરેરાશ ખર્ચમાં ઘટાડો નોંધાયો છે.

રાજ્યના એકંદર ઘરગથ્થુ ઉત્પાદન તથા આવકના વધારાની છેલ્લાં ૧૦ વર્ષની સાપેક્ષ વિગતો આપતાં મંત્રીએ કહ્યું કે રાજ્યમાં નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫માં જાહેર દેવા પર વ્યાજની ચૂકવણીનો સરેરાશ ખર્ચનો દર ૮.૮૭ ટકા જેટલો હતો. જે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના સુધારેલા અંદાજમાં ૭.૩૬ ટકા જેટલો થવાનો અંદાજ છે. આમ, એકંદર ઘરગથ્થુ ઉત્પાદન તથા આવકના વધારાના સાપેક્ષમાં જાહેર દેવાનો દર ઘટ્યો છે તેમ તેમણે ઉમેર્યું હતું. રાજ્યના નાણાં વિભાગની નાણાકીય શિસ્ત તથા કાર્યક્ષમતા વિશે વાત કરતાં શ્રી દેસાઈએ કહ્યું કે રાજ્યના એકંદર ઘરગથ્થુ ઉત્પાદન-GSDPના પ્રમાણમાં રાજવિત્તીય ખાધ - Fiscal ઉયરશભશનિું પ્રમાણ વર્ષ ૨૦૨૪-૨૫ના સુધારેલા અંદાજોમાં નિયત મર્યાદા ૩ ટકા સામે ૧.૮૯ ટકા જેટલુ નીચું, જ્યારે વર્ષ ૨૦૨૫-૨૬ ના અંદાજ મુજબ ૧.૯૬ ટકા જેટલું અંદાજવામાં આવ્યું છે, તેમ મંત્રીશ્રીએ જણાવ્યું હતું. નેશનલ કાઉન્સિલ ઓફ એપ્લાઈડ ઈકોનોમિક રિસર્ચના ફેબ્રુઆરી ૨૦૨૫ ના રિપોર્ટ મુજબ રાજ્યોના નાણાકીય વ્યવસ્થાપનમાં ગુજરાતે ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે તેમ તેમણે જણાવ્યું હતું.

રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ હેઠળ આપવામાં આવતી સહાય વિશે માહિતી આપતાં શ્રી દેસાઈએ જણાવ્યું કે વર્ષ ૨૦૨૪-૨૫માં ફેબ્રુઆરી, ૨૦૨૫ સુધી રાજ્યમાં લાભાર્થીલક્ષી ૪૧૭ અલગ અલગ યોજનાઓ અંતર્ગત ડીબીટીના માધ્યમથી સહાય આપવામાં આવી છે. તદુપરાંત, વર્ષ દરમિયાન કુલ ૦૯ નવી લાભાર્થીલક્ષી યોજનાઓને ડીબીટી પોર્ટલ પર ઉમેરવામાં આવી છે.




અપશબ્દો બોલવાને કારણે મારામારીની ઘટનાઓ પછી હવે બબ્બે હત્યાની ઘટના બની!

# ગાળોને કારણે લોહી રેડાયુંઃ બે યુવાનની છરી-પથ્થરથી ક્રુર હત્યા




**એક ઘટનામાં મિત્રો સાથે બેઠેલા યુવાનને છરીના ઘા ઝીંકી ઢાળી દેવાયોઃ બીજામાં દારૂ પીધા બાદ મિત્રો વચ્ચે બખેડો થતાં એકે બીજાને પાણકાથી પતાવી દીધો**

રાજકોટઃ ગાળો બોલવા જેવી વાતે ઉશ્કેરાઇને ક્રોધીત થઇ જતો માણસ કાળઝાળ થઇ હુમલા કરી બેસે છે અને ઘણીવાર આવા હુમલા જીવલેણ પણ નીવડી શકે છે. હત્યાની વધુ બે ઘટના સામે આવી છે જેમાં એક યુવાનની ગાળો બોલવા મામલે છરીના ઘા મારી હત્યા કરવામાં આવી છે. આ હુમલામાં વચ્ચે પડેલા સાળા-બનેવી સહિત ત્રણ લોકો ઘાયલ પણ થયા હતાં. બીજી ઘટનામાં દારૂ પીધા બાદ ડખ્ખો થતાં એક મિત્રએ બીજા મિત્રને પથ્થરના ઘા ફટકારી મોતને ઘાટ ઉતારી દીધો હતો. હત્યાની આ બંને ઘટનાને પગલે પોલીસને દોડધામ થઇ પડી હતી. આરોપીઓને ઝડપી લેવા પોલીસ ટીમો બનાવી કામે લાગી હતી.

વિગતો પર નજર કરીએ તો હત્યાની ઘટના અમદાવાદ પૂર્વ વિસ્તારમાં બની છે. અહિના બાપુનગરમાં સાસોયટી પાસે સાળા બનેવી અને મિત્રો સહિત આઠ લોકો બેઠેલા આ સમયે સોસાયટીમાં રહેતો યુવક ગાળો બોલતો હતો જેથી ગાળો બોલવાની ના પાડતાં એક જ પરિવારના પાંચ લોકોએ આવીને ચાર યુવકો ઉપર છરી પાઇપ,લાકડીથી હુમલો કર્યો હતો જેમાં છરીથી હુમલામાં ગંભીર રીતે ઘાયલ મેઘાણીનગરના યુવકનું સારવાર દરમિયાન મોત થયું હતું. આ બનાવ અંગે બાપુનગર પોલીસે હત્યા તથા હત્યાની કોશિષ સહિતની કલમ હેઠળ ગુનો નોંધીને તમામ આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. ઘટના બારામાં બાપુનગરમાં પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર એસ. જી. ખાંભલાના જણાવ્યા મુજબ બાપુનગરમાં ગુજરાત હાઉસીંગ બોર્ડના મકાનમાં રહેતા અને વસ્ત્રાલ ખાતે બનેવીની ઓફિસમાં નોકરી કરતા એકત્રીસ વર્ષના યુવકે બાપુનગર પોલીસ સ્ટેશનમાં બાપુનગરમાં રહેતા જયસિંહ સહિત પાંચ લોકો સામે ફરિયાદ નોંધાવી હતી.

રાતે યુવક તેના બાપુનગરમાં છેલ્લા બસ સ્ટેન્ડ પાસે આવેલી કર્ણાવતી એપાર્ટમેન્ટમાં બનેવીના ઘર પાસે બનેવી સહિત છ મિત્રો સાથે બેઠા હતા જ્યાં મધરાતે ત્યાં રહેતો આરોપી છરી લઇને આવ્યો હતો અને ફરિયાદીના બનેવીને ગાળો બોલતો હતો. જેથી ગળો બોલવાની ના પાડતાં ઉશ્કેરાઇ ગયો હતો આ સમયે બુમાબુમ થતાં બીજા તેના પરિવારના સભ્યો પાઇપ, છરી અને લાકડીઓ લઇને આવ્યા હતા. જયસંહિ મેઘાણીનગરના વિજય ઉર્ફે વિશાલ શ્રીમાળીને છાતીમાં છરીના ઘા મારીને લોહી લુહાણ કર્યા બાદ છોડવવા વચ્ચે પડતાં ફરિયાદીને માથામાં છરીના મારીને અન્ય મિત્રોને પણ પાઇપ અને લાકડીના ફટકા મારીને ગંભીર રીતે ઘાયલ કર્યા હતા. આ હુમલામાં ગંભીર રીતે ઘાયલ તમાને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા હતા જ્યાં ફરજ પરના ડોક્ટરે મજત જાહેર કર્યો હતો આ બનાવ અંગે બાપુનગર પોલીસે હત્યા સહિતની કલમ હેઠળ ગુનો નાંધીને તમામ આરોપીઓની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી હતી.

હત્યાની બીજી ઘટના પર નજર કરીએ તો નેત્રંગ તાલુકાના અરેઠી ગામે રહેતી સંગીતા મહેન્દ્ર વસાવાનો ભાઇ રાજેશ વસાવા તેની પત્નિ તેમના બાળકો સાથે પિયરમાં રહેવા જતી રહી હોઇ છેલ્લાં દશેક વર્ષથી ગામમાં રહેતાં અશ્વિન ધારાસિંગ વસાવા સાથે દારૂ પીને સાથે ફરતો હતો. અને અશ્વિનના ખેતરમાં આવેલાં આંબાના ઝાડ નીચે ખાઇ-પીને ઉંઘી રહેતાં હતાં. દરમિયામનમાં ગઇકાલે રાત્રીના નવેક વાગ્યાના અરસામાં સંગીતાના મામાના છોકરાએ ફોન કરી જણાવ્યું હતું કે, રાજેશ વસાવા અને અશ્વિન વસાવા વચ્ચે તેના ખેતરમાં આવેલાં આંબાના વૃક્ષ નીચે ઝઘડો થતાં અશ્વિને રાજેશને માથામાં પથ્થરો વડે માર મારતાં તેનું મોત નીપજ્યું હતું. જેથી તેઓ તુરંત સ્થળ પર દોડી ગયાં હતાં. તેમણે ત્યાં જઇ તપાસ કરતાં ત્યાં નજીકમાં રહેતાં કાંતિ વસાવાએ જણાવ્યું હતું કે, રાત્રે સાડા આઠેક વાગ્યાના અરસામાં અશ્વિન અને રાજેશ વચ્ચે અંદરોઅંદર ઝઘડો થતો હોવાનો અવાજ તેમના ઘરે આવતો હતો. જેથી તેમણે બેટરી મારીને તે તરફ જોતાં અશ્વિન પથ્થરથી રાજેશના માથામાં મારતો હોવાનું જણાતાં તેઓ ત્યાં પહોંચતાં અશ્વિન તેમને જોઇને ભાગી ગયો હતો. બનાવને પગલે તેમણે વાલિયા પોલીસમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે આરોપીને ગણતરીના સમયમાં ઝડપી પાડી જેલ ભેગો કર્યો છે. હત્યાના કારણ બાબતે પોલીસે વધુ તપાસ કરી રહી છે. જો કે દારૂ પીધા બાદ ડખ્ખો થતાં ગાળાગાળી થતાં આ હત્યા થયાની ચર્ચા છે.

# બાળકોમાં માનસિક તણાવ દૂર કરવા મનોવિજ્ઞાન ભવનની નવતર પહેલ

**રાજકોટની વિવિધ શાળાઓના આચાર્યો અને મંડળોને આવકાર્ય કાઉન્સેલિંગના MOU માટે જેમાં નિશુલ્ક મનોવિજ્ઞાન ભવનના અધ્યાપકો અને વિદ્યાર્થીઓ કરશે કાઉન્સેલિંગ**

રાજકોટ, તા. ૨૬

બાળકોમાં વધતા જતા મોબાઈલ વળગણ અને આક્રમક વર્તનને ધ્યાનમાં રાખીને મનોવિજ્ઞાન ભવન પહેલ કરવા જઈ રહ્યું છે. બાળકો એ ભારતનું ભવિષ્ય છે અને એમનું ધ્યાન રાખી તેમને યોગ્ય દિશાએ વાળવા એ સહુની નૈતિક ફરજ છે. બાળકોનું ઘડતર શાળાથી શરુ થાય છે અને ત્યાંથી એમને એક નવી દિશા મળે છે પણ ઘણી વખત બાળકને યોગ્ય કાઉન્સેલિંગ અને સમજણની જરૂરિયાત ઉભી થતી હોય છે. અમરેલીમાં બની એવી ઘટનાઓ, નાના બાળકોની થતી આત્મહત્યા, ઓનલાઈન ગેમિંગનું વળગણ અને અન્ય માનસિક સમસ્યાઓનું નિવારણ લાવવું ખુબ જરૂરી બની ગયું છે અને એ ફરજ સમાજના દરેક નાગરિકની છે.

આ બાબતને ધ્યાનમાં રાખીને સૌરાષ્ટ્ર યુનિવર્સીટીના મનોવિજ્ઞાન ભવનના અધ્યક્ષ શાળાઓના પ્રિન્સીપાલ અને ટ્રસ્ટી ગણોને ખઘઞ માટે આવકારવામાં આવ્યા હતા. જેમાં મનોવિજ્ઞાન ભવનના અધ્યાપકો અને વિદ્યાર્થીઓ શાળાઓમાં જઈને વિદ્યાર્થીઓનું યોગ્ય કાઉન્સેલિંગ કરી શકે અને તેમને માનસિક સમસ્યાઓ માંથી બહાર કાઢી શકે. હાલ સવિશેષ વાત કરવામાં આવે તો વિદ્યાર્થીઓ માં માનસિક ભારણ અને માનસિક સ્ટ્રેસનું લેવલ ઉતરોતર વધી રહ્યું છે ત્યારે આ કિસ્સામાં તેમના દ્વારા કોઈ એવા પગલાં લેવામાં ન આવે જેનાથી તેઓને તકલીફ વેઠવી પડે તે માટે દરેક કોલેજ અને સ્થાનિક સંસ્થાઓએ ધ્યાન કેન્દ્રિત કરવું જરૂરી છે એટલું જ નહીં આ કિસ્સામાં યોગ્ય વ્યવસ્થા ઉભી થાય તે માટે નક્કર આયોજન પણ હાથ ધરવું અનિવાર્ય છે. તેને લઈને હાલ દરેક સેવાકીય સંસ્થાઓની સાથોસાથ શૈક્ષણિક સંસ્થાઓ આગળ આવીને કામ કરી રહી છે.

## MOU થકી થશે અનેક ફાયદા

૧) બંન્ને સંસ્થાના વિકાસ તેમજ વિદ્યાર્થીઓના વિકાસ અને પ્રગતિ માટે નવા દ્વાર ખુલશે
૨) જ્યાં વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ ફાયદાઓ મળી રહેશે
૩) શાળા લેવલ થી જ માનસિક જાગૃતિ લાવવાથી સમાજમાં પરિવર્તનની શરૂઆત થશે
૪)વિદ્યાર્થીઓમાં જાગૃતિ આવશે તો તેના ફાયદા લાંબા ગાળા સુધી જોવા મળી શકે છે
૫) વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસની તકો વધી જશે
૬) વિદ્યાર્થીઓને થતી કોઈપણ મુશ્કેલીઓને આપણે જળમૂળથી પરિવર્તન લાવવાના કે સુધાર લાવવાના પ્રયત્નો કરી શકીશું
૭) એક સ્વસ્થ માનસ જ સ્વસ્થ સમાજનું નિર્માણ કરી શકે છે
૮)સમાજમાં વધતા આત્મહત્યાના બનાવોને ઘટાડવામાં મદદરૂપ થઈ શકે છે
૯) ક્યારેક બાળક માટે માતા પિતા કરતા ઘણીવાર શિક્ષકો કહે એ સરળતાથી વિદ્યાર્થીઓ માની લેતા હોય છે તો આ બાબતને આપણે યોગ્ય દિશા આપી શકીશું...
૧૦) સામાજીકરણ ની પ્રક્રિયામાં શાળા એ ઘણું અગત્યનું માધ્યમ છે તો શાળા સાથેના આ સહિયારા પ્રયત્નથી આપણે બાળકને નિષેધક દિશાથી પાછા વાળવાના પ્રયત્ન કરી શકીશું.
૧૧) બાળકના માનસિક, ભાવનાત્મક, આવેગિક વિકાસ પર યોગ્ય ધ્યાન આપી શકીશું.
૧૨) પેરેન્ટ્સ ટીચર મીટીંગમાં વાલીઓને પણ યોગ્ય સલાહ મળી શકશે.

# વેરા વસુલાતની ૯૭ ટકા કામગીરી પૂર્ણ



**રિકવરી ઝુંબેશમાં ગઈકાલે મનપાને ૬૪ લાખની થઈ આવક : એક મિલકતને સીલ કરી ત્યારે આઠ મિલકત સામે રિકવરી**

રાજકોટ, તા. ૨૬

છેલ્લા ઘણા સમયથી સમગ્ર શહેરમાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રિકવરી ઝુંબેશ ચાલી રહી છે જેમાં વિભાગ દ્વારા જે કોઈ મિલકત ધારકોએ પોતાનો વેરો ન ભર્યો હોય તેમના પર પગલાં લેવામાં આવી રહ્યા છે મળતી માહિતી મુજબ જે ૪૧૦ કરોડનો લક્ષ્યાંક આપવામાં આવ્યો હતો તેની સામે મહાનગરપાલિકા ૯૭ ટકા કામગીરી પૂર્ણ કરી છે. એક સમય એવો હતો કે શું વેરા વસુલાત વિભાગ ટાર્ગેટને પહોંચી શકશે કે કેમ તે અંગે એક નહીં અનેક પ્રશ્નો ઉભા થતા હતા પરંતુ જે તીવ્ર વેગથી કામગીરી હાથ ધરવામાં આવી તેને ધ્યાને લઈ હાલ ૪૦૧ કરોડને રિકવરી પહોંચી ગઈ છે. મળતી માહિતી મુજબ ગઈકાલે કુલ એક મિલકતને સીલ કરવામાં આવી હતી જ્યારે આઠ મિલકત સામે મનપાને રિકવરી પણ થઈ હતી.

મળતી માહિતી મુજબ વોર્ડ નંબર એકમાં રહ્યા રોડ પર આવેલ એક યુનિટને નોટ કરવામાં આવી જેની સામે એક લાખ રૂપિયાની રિકવરી થઈ હતી તો બીજી તરફ ગાંધીગ્રામ એકમાં યુનિટને નોટિસ સામે ૫૭,૦૦૦ ની રિકવરી થઈ. તો વોર્ડ નંબર સાત માં આવેલા ગોંડલ રોડ પર આવેલ એક મિલકતને સીલ કરવામાં આવી હતી. જ્યારે નવલ નગરમાં એક યુનિટને નોટિસ સામે ૧.૩૩ લાખની રિકવરી થઈ. આનંદ બંગ્લોઝ ચોકમાં ૧-યુનિટની નોટિસ સામે રીકવરી રૂ.૩૭,૦૩૪ થઈ. જ્યારે વોર્ડ નં-૧૪માં ગુંદાવાડી શેરી નં-૧૬માં ૩-યુનિટની નોટિસ સામે રીકવરી રૂ.૫.૧૧ લાખ.અને વોર્ડ નં-૧૮ કોઠારીયા રોડ પર આવેલ ૧-યુનિટના બાકી માંગણા સામે સીલ ની કાર્યવાહી કરતા રીકવરી રૂ.૫૩,૯૮૦ થઈ.

એમ કુલ રિકવરી નો આંકડો ૪૦૧ કરોડને પાર પહોંચ્યો છે. ત્યારે બાકી રહેતા દિવસોમાં પણ રિકવરી ઝુંબેશ યથાવત રીતે ચાલુ રાખવામાં આવશે કારણ કે વેરા વસુલાત વિભાગના અધિકારીઓના જણાવ્યા અનુસાર ૪૧૦ કરોડ ના લક્ષણ પહોંચવા માટે જે સંભવત પગલાઓ લેવામાં આવશે તે હાથ ધરાશે. એટલુજ નહીં ૩૧ માર્ચ ૨૦૨૫ સુધી તમામ રજાના દિવસો સહિત રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વેરા-વસૂલાત શાખાની સઘન કામગીરી ચાલુ રાખવામા આવશે.

# રાજકોટ RTO આકરા પાણીએ

**૪૦ થી વધુ વાહન ચાલકો પર ફટકારાયા દંડ : ૯ લાખથી વધુની થઈ આવક**




રાજકોટ, તા. ૨૬

રાજકોટ આરટીઓ તંત્ર છેલ્લા ઘણા સમયથી ખાસ ડ્રાઇવ ચલાવી રહી છે ત્યારે આ ચેકિંગ ડ્રાઇવ માં જે પણ લોકોએ વાહન વેરો ભર્યો ન હોય તેના ઉપર આકરા પગલા લેવા માટેની ખાસ વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે ત્યારે હાલ માર્ચ એન્ડિંગ હોવાના પગલે આ ચેકિંગ ડ્રાઈવમાં ખાસ કરીને જે વેરો ન ભરનાર ડિફોલ્ટરો હોય તેમના પર તવાઈ બોલાવવામાં આવી હતી અને તેઓને દંડ પણ ફટકારવામાં આવ્યો હતો. હાલ ૪૦ થી વધુ વાહન ચાલકો ઉપર કાર્યવાહી કરવામાં આવી જેના ભાગરૂપે હાલ પગલાઓ લેવામાં આવી રહ્યા છે.

હવે માર્ચ એન્ડિંગને સાવ નજીક સમય આવી ગયો છે.ત્યારે રાજકોટ જિલ્લા આર.ટી.ઓ તંત્રએ લક્ષ્યાંકો પૂર્ણ કરવા માટે આજરોજ હાઈવે ઉપર ખાસ ચેકીંગ ડ્રાઈવ હાથ ધરી હતી. આ ચેકીંગ ડ્રાઈવમાં ખાસ કરીને ટેકસ ડિફોલ્ટરો ઉપર તવાઈ ઉતારાઈ હતી.અને લાંબા સમયથી ટેકસ નહી ભરનારા ડિફોલ્ટરોને દંડ ફટકારવામાં આવેલ હતો.આ અંગે આરટીઓ અધિકારી કે.એમ.ખપેડનાં જણાવ્યા મુજબ રાજકોટ આરટીઓ કચેરી દ્વારા વાહન ટેક્સ ડિફોલ્ટર બાબતે ચેકીંગ હાથ ધરવામાં આવેલ હતું જેમાં કચેરી ના ઈન્સ્પેક્ટર દ્વારા અલગ અલગ સ્થળ ઉપર ચેકિગ હાથ ધરેલ અને કુલ ૪૨ જેટલાં મોટર વાહન કાયદાના ભંગ બદલ કાર્યવાહી કરવામાં આવેલ અને ૫,૮૯,૮૭૩/- નો દંડ કરવાં આવેલ હતો. એચ એ પટેલ અને કે ડી ઝાલાની સયુંકત ડ્રાઈવ થી કુલ ૧૨ જેટલાં ટેક્સ ડિફોલ્ટર વાહનો પકડવામાં આવેલ અને ૪,૦૮,૮૭૩/- જેટલો દંડ કરી ડિટેઇન કરવામાં આવેલ હતાં.

આવનારા દિવસોમાં આ પ્રકારના જે અન્ય વાહન ચાલકો હશે કે જેને પોતાનો વેરો નહીં ભર્યો હોય તેમના ઉપર પણ કાર્યવાહી કરવામાં આવશે અને તે માટેનો હાલ તખતો તૈયાર કરી લેવામાં આવ્યો છે. હાલ માર્ચ મહિનો પૂરો થવાને ગણતરીના જ દિવસો બાકી રહ્યા છે ત્યારે આગામી દિવસોમાં આ પ્રકારની ઝુંબેશ ચાલુ રહેશે ત્યારે આ પ્રકારના કરચોરોને ડામવા હાલ તમામ પગલાંઓ લેવામાં આવશે.

છેતરપીંડીની ઘટના એકાદ દિવસ ન નોંધાય તો જ નવાઇ ગણાયઃ લાખોના ફ્રોડના બે કિસ્સા

# કેનેડાના વર્ક પરમીટ લેવા જતાં યુવાને ગુમાવ્યા અડધો કરોડ

**બીજી તરફ વેપારી પાસેથી રૂની ગાંસડીઓ તો લઇ લીધી પણ સાડા ચાલીસ લાખ ન ચુકવી ચૂનો લગાડી દેવાયોઃ બંને ઘટનામાં પોલીસ તપાસનો ધમધમાટ**

રાજકોટઃ અનેક ગુજરાતીઓને ગમે તેમ કરીને વિદેશ જવાની ત્યાં સ્થાયી થવાની ઘેલછા હોય છે. વિદેશ જવાના પ્રયાસોમાં તેઓ લેભાગુ એજન્ટોનો શિકાર બની જતાં હોય છે અને લાખો કરોડો ગુમાવી દેતાં હોય છે. વધુ એક આવી ઘટનામાં કેનેડાની વર્ક પરમીટ વિઝા અપાવી દેવાના નામે પિસ્તાલીસ લાખની ઠગાઇ થઇ છે. ઠગાઇની બીજી ઘટનામાં કોટન ઇન્ડસ્ટ્રીઝના વેપારી સાથે ચાલીસ લાખ આડત્રીસ હજારનું ફ્રોડ થયું હતું. રૂની ગાંસડીઓ ખરીદ કર્યા બાદ આ નાણા ચુકવાયા નહોતાં.

વિગતો પર નજર કરીએ તો ગુજરાતીઓની વિદેશ જવાની ઘેલછા જાણીતી છે. જેનો ગેરલાભ ઉઠાવી ઠગ એજન્ટો લોકોના લાખો રૂપિયા પડાવી રહ્યા છે. કેનેડામાં રહેતા હોવાની સોશિયલ મીડિયા પર રીલ બનાવી પીસીનું કામ કરતો હોવાનું કહેનાર કૂશલ રાજપુતનો સંપર્ક કરી અમદાવાદના ટુર વિઝા ઓપરેટરો પોતાના ક્લાયન્ટના કામ તેને આપ્યા હતા. કૃશલ અને તેના આણંદના મળતીયા દંપતી વૃંદા અને વિવેક પટેલે વિઝાના નામે ૪૫ લાખની ઠગાઇ કરી હોવાની ફરિયાદ ક્રાઇમબ્રાંચમાં નોંધાઇ છે. મણીનગરમાં રહેતા ઉમેશભાઇ અમીન છ વર્ષથી મણીનગરમાંજ અનાયા ઓવરસીજ નામની ઓફિસ ધરાવી વિઝા અને વર્ક પરમિટનું કામ કરે છે. તેમની ફરિયાદ છે કે તેમની ઓફીસે આવેલા ક્લાયન્ટને યુ.કે.ના વિઝીટર વિઝા માટે ફાઇલ મુકી હતી પરંતુ વિઝા મળ્યા નહોતા. જેથી ક્લાયન્ટે તેમને કેનેડાના વિઝા અને વર્ક પરમિટ માટે વાત કરી હતી. જોકે ઉમેશ અમીન કેનેડાનું કામ કરતા નથી જેથી તેમણે આ બાબતે ના પાડી હતી.




**ત્રીજા બનાવમાં હોટેલના રીવ્યુ આપી ટાસ્ક મારફત કમાણીની લાલચ દઇ મહિલાને છેતરી લેવાયા**

પરંતુ કલાયન્ટ સાથેની ચર્ચામાં કેનેડામાં કુશાલ રાજપુત ઇમિગ્રેશન લોયરની સોસીયલ મિડીયા પર જાહેરાતો જોઇ હોવાની ચર્ચા થઇ હતી. હવે ક્લાયન્ટ માટે તેમણે કુશલ રાજપુતનો સંપર્ક કર્યો હતો. અને કામ આપ્યું હતું જોકે રૂપિયાના મુદ્દે કુશલને મળ્યા નહોવાથી એડવાન્સ અંગે થોડી આનાકાની થતાં કુશાલે ગુજરાતમાં આણંદના કાસોર ગામમાં રહેતા વૃંદાબેન અને તેમના પતિ વિવેકભાઇ પટેલ જ ગુજરાતનું કામ સંભાળતા હોવાનું જણાવ્યું હતું. સાથે સાથે રૂપિયાનો વ્યવહાર તેમની સાથે કરવાનું કહ્યું હતું. જેથી ઉમેશભાઇ અને ક્લાયન્ટ આણંદ જઇને વૃંદાબેન તથા વિવેકભાઇને મળ્યા હતા અને બધુ પાક્કુ કર્યું હતુ. ત્યાર બાદ ટુકડે ટુકડે આ ત્રિપુટીને ૪૫ લાખ ચુકવ્યા હતા. રૂપિયા ચુકવાતાં કુશાલે ફોન બંધ કરી દીધો હતો. પોતે છેતરાયા હોવાનો અહેસાસ થતાં આ બાબતે ક્રાઇમબ્રાંચમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. છેતરપીંડીની બીજી ઘટના પર નજર કરીએ તો ઢસામા રહેતા અને લાઠીના કાચરડી ગામની સીમમા મીલ ધરાવતા વેપારી પાસેથી અન્ય વેપારી પેઢીના ચાર શખ્સોએ કપાસના રૂની ગાંસડીઓ મંગાવી બાદમા ૪૦.૩૮ લાખની રકમ ન ચુકવી છેતરપીંડી આચરતા આ બારામા દામનગર પોલીસ મથકમા ફરિયાદ નોંધાવાઇ છે. ચિરાગભાઇ રાજેન્દ્રભાઇ ગાંગડીયા નામના વેપારીએ દામનગર પોલીસ મથકમા નોંધાવેલી ફરિયાદમા જણાવ્યું હતુ કે તેઓ કાચરડી ગામની સીમમા માતંગી કોટન ઇન્ડસ્ટ્રીઝ નામની પેઢી ચલાવે છે.

દરમિયાન સિધ્ધનાથ કોટેક્ષ પ્રા.લીના ડાયરેકટરો અને વહિવટદારો વીરેન સુરેશભાઇ લુણાગરીયા, દર્શન રમણીકભાઇ ભાલાળા, સુરેશ ગોવિંદભાઇ લુણાગરીયા, રમણીક ચકુભાઇ ભાલાળા નામના શખ્સોએ અલગ અલગ બીલથી ૧,૬૮,૪૨,૨૭૯ના કપાસના રૂની ગાંસડીનો માલ પંદર દિવસના વિશ્વાસ ભરોસે ઉધારીમા વેચાણથી મંગાવ્યો હતો. બાદમા બાકી રહેતા ૪૦,૩૮,૬૫૧ની રકમની ઉઘરાણી કરવા છતા પરત આપી ન હતી. આ શખ્સોએ વેપારી સાથે બાકી નીકળતી રકમ ન ચુકવી છેતરપીંડી આચરી હતી. દામનગર પોલીસે ચારેય શખ્સો સામે ઠગાઇનો ગુનો દાખલ થતાં વિશેષ તપાસ પીઆઇ આર.વાય.રાવલે હાથ ધરી હતી.

ત્રીજી ઘટનામાં નડિયાદના માતર તાલુકાના સોખડા ખાતે રહેતી મહિલાને ઘરે બેઠા માત્ર અલગ અલગ હોટલના રીવ્યુ કરી, તેને ફાઇવ સ્ટાર આપી અને તેના સ્ક્રીનશોટ શેર કરવાથી તગડી કમાણીની લાલચ આપી ઓનલાઈન છેતરપિંડી કરવામાં આવી હતી. જેમાં મહિલાએ રૂપિયા ૧,૦૬,૫૦૦ ગુમાવ્યા હતા. પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું ધ્યાને આવતા મહિલાએ અજાણ્યા મોબાઈલ નંબરના ધારક વિરુદ્ધ માતર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. રૂપલબેન કેતનકુમાર કાછિયા પટેલને એક અજાણ્યા નંબર ઉપરથી મેસેજ આવ્યો હતો. જે મેસેજમાં તેમને ઘરે બેઠા અલગ અલગ હોટલના રીવ્યુ કરવાના અને તેને ફાઇસ્ટાર આપીને તેનો સ્ક્રીનશોટ પાડી મોકલી આપવાનો અને ઇન્સ્ટન્ટ સેલેરી પેટે રૂ. ૨૦૫ તેમજ રોજના રૂપિયા ૭,૭૭૭ કમાવવાની તક મળશે તેમ કહેતાં મહિલાએ કામ કરવાની હા પાડી હતી. જેથી મેસેજ કરનારે સોશિયલ મીડિયા એપ ટેલિગ્રામ ચેનલની લીંક મોકલી હતી.

જે લિંક મહિલાએ ઓપન કરી અને તેમાં અલગ અલગ સભ્યો જોયા હતા અને જુદા જુદા ટાસ્ક પૂરા કરવા પર આઇડીબીઆઇ બેન્કના એકાઉન્ટમાં રૂપિયા ૫૦, ૧૦૦, ૨૦૦ મળતા હતા અને તેની જાણ મેસેજ મારફતે કરાતી હતી. બાદમાં મહિલાને મેસેજ કરીને ડિપોઝિટ પેટે પૈસા ભરવાનું કહેતાં મહિલાએ ૪ માર્ચના રોજ ગુગલ પે દ્વારા અલગ અલગ ટ્રાન્ઝેક્શનથી રૂપિયા ૧,૦૬,૫૦૦ ટ્રાન્સફર કર્યા હતા. જે બાદ મહિલાને પોતે છેતરપિંડીનો શિકાર બની હોવાનું ધ્યાને આવતા તેમણે પહેલા સાઇબર ક્રાઇમ હેલ્પલાઇન નંબર ઉપર ઓનલાઇન ફરિયાદ કરી હતી અને બાદમાં આ મામલે માતર પોલીસ મથકે અજાણ્યા મોબાઈલ નંબરના ધારક સામે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ કરી છે.

કોઇના દ્વારા થતી અનહદ હેરાનગતી ઘણીવાર જીવલેણ નીવડી શકે

# પોસ્ટમેનને અધિકારીઓએ એવો હેરાન કર્યો કે જીવ દઇ દીધો

### તેર લાખ રૂપિયા પડાવી લીધા હતાં: વધુ રકમ મંગાતા ઝેર પી મોત મેળવ્યું : બીજી ઘટનામાં દિકરી સાથે દૂષ્કર્મ આચરનારા હવસખોર બાપે લોકઅપમાં કર્યો આપઘાત

રાજકોટઃ અવાર-નવાર એવી ઘટનાઓ બનતી હોય છે જેમાં કોઇને કોઇ વ્યક્તિ બીજાના ત્રાસને કારણે મરી જવા માટે મજબૂર થતી હોય છે. આ પ્રકારની ઘટનાઓમાં કારણો અલગ અલગ હોય છે. દરમિયાન એક ચોંકાવનારી ઘટનામાં પોસ્ટ ઓફિસના કર્મચારીએ આપઘાત કરી લીધો છે. તેની પાસેથી પોસ્ટના અધિકારીઓએ જ તેર લાખ જેવી રકમ પડાવી લીધી પછી પણ વધુ પૈસાની માંગણી કરતાં તે મોત મેળવવા મજબૂર થઇ ગયાનું સામે આવતાં પોલીસે એફઆઇઆર દાખલ કરી હતી.



ઘટના પર નજર કરીએ તો આ બનાવ વલસાડનો છે. અહિ પોસ્ટ ઓફિસમાં પોસ્ટલ આસિસ્ટન્ટ ખીમજી વાઘેલાએ આપઘાત કર્યો હતો. આ મામલે મૃતક યુવકના પિતાએ પોસ્ટ ઓફિસના ઉચ્ચ અધિકારીઓ સામે ફરિયાદ નોંધાવી છે. પોસ્ટ ઓફિસમાં પોસ્ટલ આસિસ્ટન્ટ તરીકે કાર્યરત ખીમજી વાઘેલાના આઈડીનો દુરુપયોગ થયો હતો. પોસ્ટમાસ્ટરના એકાઉન્ટમાં નાણાંની હેરાફેરી મળી આવી હતી. આ મામલે તેમની સામે વિભાગીય તપાસ શરૂ કરવામાં આવી હતી. બાદમાં તેમને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યાં હતા. ફરિયાદ મુજબ, પોસ્ટ ઓફિસના ઉચ્ચ અધિકારી તલગાવકર અને અન્ય લોકોએ ખીમજીને હેરાન કર્યા હતા. તેમની પાસેથી ૧૩ લાખ રૂપિયા પડાવ્યાં હતા. એટલું જ નહીં, વધુ ૫ લાખ રૂપિયાની માગણી કરી હતી. સતત માનસિક દબાણને કારણે ખીમજીએ પારનેરા ડુંગર પર આપઘાત કર્યો હતો. સમગ્ર ઘટના સુસાઇડ નોટમાં ઉલ્લેખ કરી ખીમજી વાઘેલાએ આપઘાત કર્યો હતો.

પોલીસને લાશ પાસેથી મળેલી સુસાઇડ નોટના આધારે વલસાડ રૂરલ પોલીસ મથકના પીઆઇ ભાવિક જીતિયાના નેતૃત્વમાં વલસાડ રૂરલ પોલીસની ટીમેપ્રાથમિક તપાસનો દોર ચલાવ્યો હતો. મૃતકના પિતાની ફરિયાદના આધારે આરોપીઓ સામે એફઆઇઆર દાખલ કરી હતી. ખીમજી વાઘેલાના આપઘાત બાદ ટીમે વલસાડ હેડ પોસ્ટ ઓફિસના હેડ પોસ્ટ માસ્તર સાથે વાત કરતા ખીમજી વાઘેલાએ સેલવાસની પોસ્ટ ઓફિસમાં રૂપિયાની ઉચાપત મામલે સસ્પેન્ડ કરવામાં આવ્યા હોવાનું અને વલસાડ હેડ પોસ્ટ ઓફિસમાંથી ખીમજી વાઘેલા સસ્પેન્ડ થયા બાદ પોસ્ટ ઓફિસમાં આવ્યાં ન હોવાનું જણાવ્યું હતું. અધિકારીઓ દ્વારા ટોર્ચર કરવા બાબતે પણ તેમણે હાથ ખંખેર્યા હતા.

બીજી એક ચોંકાવનારી ઘટનામાં સુરતમાં પોલીસ કસ્ટડીમાં દુષ્કર્મ કેસના આરોપીના મોતની ઘટના સામે આવી છે. વરાછા પોલીસ સ્ટેશનના લોકઅપમાં આરોપીએ પોતાના શર્ટથી ગળાફાસોં ખાઈ આપઘાત કર્યો હતો. ઘટના બનતા પોલીસ દોડતી થઈ ગઈ હતી. જોકે, ઘટનાને પગલે ૧૦૮ એમ્બ્યુલન્સ તાત્કાલિક વરાછા પોલીસ સ્ટેશન પહોંચી હતી. જ્યાંથી મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. મળતી માહિતી પ્રમાણે સુરતમાં પિસ્તાલીસ વર્ષીય આધેડ પરિવાર સાથે રહેતો હતો. પરિવારમાં પત્નિ અને બે દીકરીઓ છે. જે પૈકી નાની સત્તર વર્ષની દીકરી સાથે પિતાએ અડપલાં અને દુષ્કર્મ આચર્યું હતું. આ અંગે રાત્રે વરાછા પોલીસ સ્ટેશનમાં પહેલાં પોક્સો અને અડપલાં કરવાની ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ત્યાર બાદ પિસ્તાલીસ વર્ષીય પિતાને ઝડપી પાડવામાં આવ્યો હતો. આ સાથે જ સગીર દીકરીનું વિગતવાર નિવેદન નોંધવામાં આવ્યું હતું.

સગીર દીકરીએ પોતાના નિવેદનમાં પિતા દ્વારા કરવામાં આવેલી હરકતને વિગતવાર જણાવી હતી. જેમાં પિતા દ્વારા છાતીના ભાગે અડપલાં કરવાની સાથે દુષ્કર્મ આચર્યું હોવાનું જણાવ્યું હતું. જેના પગલે વરાછા પોલીસ દ્વારા પીડિતાનું મેડિકલ ચેકઅપ પણ કરાવવામાં આવ્યું હતું અને આ સાથે પિતાનું ઈન્ટ્રોગેશન પણ શરૂ કર્યું હતું. પોલીસ દ્વારા પંચ અને અન્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. તે દરમિયાન આરોપી પિતાએ લોકઅપના બાથરૂમમાં બારીના સળિયા સાથે પોતાનો શર્ટ બાંધી ગળાફાંસો ખાઈ લીધો હતો. ડીસીપી આલોક કુમારે જણાવ્યું હતું કે વરાછા પોલીસ સ્ટેશનમાં દુંખદ ઘટના બની છે. જેમાં એક પોક્સોનો અને કલમ ૩૭૬ રેપનો આરોપી હતો. તેણે પોતના ગળામાં ફાંસો લગાવીને આપઘાત કરી લીધો છે. આરોપી પર દીકરીના રેપ અને પોક્સોની ફરિયાદ નોંધવામાં આવી હતી.

# વિચરતી-વિમુક્ત જાતિના ૫૪૫ લાભાર્થીઓને પ્લોટની સનદ અપાઈ

### મુખ્યમંત્રીએ કહ્યું જેમને કોઈ પૂછતું નથી એમને વડાપ્રધાન પૂછે છે : આવાસ યોજનાની સહાયમાં રૂા. ૫૦ હજારનો વધારો, મકાન બનાવવા હવે રૂા.૧.૭૦ લાખ મળશે



રાજકોટ, તા. ૨૬

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે રાજકોટમાં વિચરતી-વિમુક્ત જાતિના તથા ગામતળના પ્લોટના ૫૪૫ જેટલા લાભાર્થીઓને રહેણાંક હેતુ માટે જમીનની સનદ આપવામાં આવી હતી. આ સાથે 'પંડિત દીનદયાળ આવાસ યોજના'ના લાભાર્થીઓને હુકમો તેમજ નેશનલ લાઈવલીહુડ મિશન હેઠળ તાલીમ પછી રોજગારી મેળવનારા યુવાનોને નિમણૂક પત્ર પણ એનાયત કરવામાં આવ્યા હતા. રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા હેમુગઢવી હોલ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સંબોધનમાં જણાવ્યું હતું કે, સરનામા વિનાના માનવીઓને કાયમી સરનામું આપવાનો આ અવસર છે. જેમને કોઈ પૂછતું નથી એમને આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી પૂજે છે અને તેમના સંકલ્પ મુજબ, રાજ્ય સરકારે વિચરતી-વિમુક્ત જાતિના આવાસ વિહોણા લોકોને પ્લોટ, મકાન અને તમામ સુવિધા આપવા અભિયાન શરૂ કર્યું છે. સરકારની બધી યોજનાઓના કેન્દ્રમાં છેવાડાનો માણસ છે.

વધુમાં તેઓએ કહ્યું કે દરેકના માથે છત હોય તેવા નિર્ધાર સાથે શરૂ કરાયેલા અભિયાન અંતર્ગત આજે રાજકોટ જિલ્લાના છ તાલુકાના ૫૦૦થી વધુ પરિવારોને જમીનની નિઃશુલ્ક સનદ અપાઈ રહી છે. જેનાથી આ પરિવારના આશરે ૨૧૦૦ જેટલા લોકોને પ્લોટ મળતા તેઓ પોતાનું મકાન બનાવી શકશે. મકાન વિનાનું કોઈ રહેવું ના જોઈએ, એવો રાજ્ય સરકારનો નિર્ધાર છે. શિક્ષણને જ તમામ પ્રશ્નોનું સમાધાન ગણાવતા મુખ્યમંત્રીએ ઉપસ્થિત સૌને ભારપૂર્વક આગ્રહ કરતા જણાવ્યું કે, હવે તમને પ્લોટ અને મકાન માટે સહાય મળી રહી છે ત્યારે તમારા દીકરા-દીકરીઓને અચૂક ભણાવજો.

બજેટમાં આવાસ સહાયમાં વધારાની કરવામાં આવેલી જોગવાઈનો ઉલ્લેખ કરતા મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, આવાસ યોજના હેઠળ મકાન બનાવવા સરકાર અગાઉ રૂપિયા ૧.૨૦ લાખ આપતી હતી, પરંતુ રાજ્ય સરકારે તેમાં રૂ. ૫૦ હજારનો વધારો કર્યો છે. ઉપરાંત શૌચાલય તેમજ અન્ય યોજનાઓ હેઠળ વધુ રૂપિયા ૪૨ હજાર મળીને કુલ મળીને આશરે સવા બે લાખ રૂપિયા મકાન બનાવવા માટે મળશે. જેનાથી લાભાર્થી સુવિધાયુક્ત મકાન બનાવી શકશે.

જિલ્લા કલેકટર પ્રભવ જોશીએ કાર્યક્રમની પૂર્વભૂમિકા સાથે સ્વાગત પ્રવચન કરતા કહ્યું હતું કે, આજે વિચરતા વિમુક્ત સમુદાયના જિલ્લાના ૫૪૫ લાભાર્થીઓને જમીનની સનદનું વિતરણ કરાઈ રહ્યું છે. પંડિત દીનદયાલ આવાસ યોજના' હેઠળ રાજકોટ જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં વિકસતી જાતિના ૧૬૩૧ લાભાર્થીઓને ત્રણ હપ્તામાં કુલ રૂપિયા ૧૧૦૦.૪૭ લાખની સહાય ચૂકવવામાં આવી છે. જિલ્લાના ૧૦૮ ગામોના અંત્યોદય પરિવારના દીકરા-દીકરીઓને રોજગારી મળી શકે તેવા હેતુથી સ્વાવલંબનના પ્રોજેકટ હેઠળ પ્રથમ તબકકામાં ૩૦ બહેનોને નર્સિંગની તાલીમ આપી ૧૦૦ ટકા નોકરી આપવામાં આવી. બીજા તબકકામાં ૬૦ ભાઇઓને એરકન્ડીશનર, રેફ્રીજરેટર, સોલારના રીપેરીંગ કામની તાલીમ તથા રોજગારી આપવામાં આવી છે. આ યુવાનોને આજે નિમણૂક પત્ર એનાયત કરાઈ રહ્યા છે.

# મેટોડા જી.આઇ.ડી.સી. ગેઇટ નં.૩માં ફુટ પેટ્રોલીંગ યોજી, સ્પેશીયલ ડ્રાઇવ

### બેદરકાર વાહનચાલકો પાસેથી૨૩ હજારનો દંડ વસુલાયો

રાજકોટ મિરર, ખીરસરા(રણમલ)

રાજકોટ રેન્જના આઇ.જી. અશોકકુમાર યાદવ, રાજકોટ ગ્રામ્ય જિલ્લા પોલીસ વડા હિમકર સિંહ દ્વારા મિલ્કત સબંધી ગુન્હાઓ બનતા અટકાવવા તેમજ પ્રોહી, જુગારની બદીને નેસ્ત નાબુદ કરવા તેમજ વાહન અકસ્માતના બનાવો બતા અટકાવવા અસરકારક કામગીરી કરી કરવા સુચના અપાઈ હતી. જે અંતર્ગત ગોંડલ ડીવીઝનના ડી.વાય.એસ.પી. કે.જી.ઝાલાના માર્ગદર્શન મુજબ મેટોડા **GIDC** પો.સ્ટે.ના પીઆઈ એસ.એચ. શર્મા, પીએસઆઈ એન.બી.ઝાલા અને પોલીસ સ્ટાફ દ્વારા મેટોડા જી.આઇ.ડી.સી. ગેઇટ નં.૩ ની અંદર બુધવારી બજારમાં આજે તા.૨૬/૦૩/૨૦૨૫ના રોજ સાંજે ૪-૩૦ થી ૭-૦૦ દરમ્યાન ફુટ પેટ્રોલીંગ યોજી, સ્પેશીયલ ડ્રાઇવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ડ્રાઇવ દરમ્યાન ૫૨ કેસ સ્થળ દંડ અને એનસી, રૂ.૨૩ હજારનો દંડ, એમવી એકટ હેઠળ ૧૩, તેમજ બી.એન.એસ.એસ. ક.૧૨૮-૧૫ (**C.R.P.C. 109**)હેઠળ કાર્યવાહી કરવામાં આવી હોવાનું મેટોડા પોલીસના પીઆઈ એસ.એચ. શર્માએ જણાવ્યું હતું.

હવે શહેરમાં ગઠીયાનો નવતર પ્રયોગ

# ઇકો કારમાં ૪૦ હજાર સેરવ્યા, ૧૯ હજાર પરત કરી ગઠિયો છૂ

### આજીડેમ પોલીસમાં ગુન્હો : ઇકો કાર ચાલકને શોધતી પોલીસ



રાજકોટ મિરર તા.૨૬

જિલ્લાના જસદણ તાલુકાના કનેસરા ગામે રહેતા પ્રૌઢ તેમની પત્ની સાથે રાજકોટ આવતા આજીડેમ ચોકડી પાસે એક ઇકો કારમાં બેસેલા ચાર શખ્સો નજર ચૂકવી ૪૦ હજાર લઈ ગયા બાદ ૧૯ હજાર પરત આપી ગયા અને ૨૧ હજાર રૂપિયા આ શખ્શો લઈ ગયા હોવાની ફરિયાદ આજીડેમ પોલીસમાં નોંધાતા પોલીસે કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગત મુજબ જિલ્લાના જસદણ તાલુકાના કનેસરા ગામમાં રહેતા પ્રેમજીભાઈ ઉકાભાઇ જાદવ ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે ગત તા.૨૧/૦૩/૨૦૨૫ના તેમના પત્ની મંજુબેન સાથે રાજકોટ લીમડા ચોક પંચનાથ હોસ્પિટલમાં તેમના પત્નીની આંખો બતાવવાની હતી. જેથી કનેસરાથી સવારના ૮ વાગ્યા આસપાસ સરકારી બસ મારફતે રાજકોટ આવ્યા હતા, ત્યારે તેમની પત્નીની આંખો બતાવી થોરાળા વિસ્તારમાં રહેતા તેમના દીકરી લતા બહેનના ઘરે ગયા હતા અને ત્યાંથી ચાર વાગ્યા આસપાસ સરધાર ગામ તેમનો દીકરો રાહુલ રહે છે ત્યાં જવા માટે નીકળ્યા હતા અને ત્યારે આજીડેમ ચોકડી પાસેથી એક કારમાં તેમના પત્ની મંજુબેન સાથે સરધાર ગામ જવા માટે બેસેલા હતા અને આજીડેમ ચોકડી પાસે રવિવારે ભરાતી હોવાથી મેદાનની સામે પેટ્રોલ પંપ પાસે પહોંચતા આ કારવાળા ભાઈએ કહ્યું હતું કે ગીરદી પડે છે તમે ઉતરી જાવ એમ કહી ઉતારી દીધેલા હતા અને તેમના પેન્ટના ખિસ્સામાં રૂપિયા ૪૦ હજાર હતા તે જોવા મળ્યા ન હતા અને ત્યાં જ ઊભા હતા તેટલી વારમાં એક ઇકો કાર જીજે ૦૩ એનએફ ૪૮૨૫ વાળી કાર તેમની પાસે આવીને કાર ચાલકે કહ્યું કે કાકા આ..લ્યો તમારા રૂપિયા ગાડીમાં પડી ગયા હતા તેમ કહી જતો રહ્યો હતો અને આ રૂપિયા જોતા ઓછા લાગતા ગણવા લાગ્યા હતા અને ગણીને ત્યારે ૧૯,૦૦૦ રૂપિયા આપી ગયેલ હતો જેથી તેમને દીકરી લતાબેન ના દીકરા પ્રિયાંશુને ફોન કરતા આ બાબતને જાણ કરતા થોડીવારમાં આવી જતા ૨૧૦૦૦ રૂપિયા કારનો ડ્રાઇવર અને તેમની સાથે બીજા ચાર અજાણ્યા શખ્શો નજર ચૂકવી ખિસ્સામાંથી ૨૧ હજાર લઈ જતા આજી ડેમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે કારચાલક અને અજાણ્યા ચાર શખ્સોની શોધખોળ આદરી છે.

શેર માર્કેટના નામે અલગ અલગ ખાતામાં નાનાં ટ્રાન્સફર કરાવી

# મહિલા સાથે રૂ.૫૫ લાખની રકમની છેતરપિંડી કરનાર ચીટર ઝડપાયો

### સાયબર ક્રાઇમ પોલીસે વેશ પલટો કરીમાધોપૂર રાજસ્થાનથી દબોચી લીધો



રાજકોટ મિરર તા.૨૬

શહેરના મોટી ટાંકી ચોક પાસે રહેતી મહિલા સાથે શેર માર્કેટના નામે ફેક એન્ડ્રોઇડ એપ્લિકેશન ડાઉનલોડ કરાવી રોકાણના નામે અલગ અલગ ખાતામાંથી રૂ.૫૫,૦૦,૫૯૪ ની રકમ છેતરપિંડી કરનાર શખ્શને સાયબર ક્રાઇમ પોલીસે માધોપુર રાજસ્થાનથી ઝડપી પાડી કાયદેસર કાર્યવાહી કરી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ મોટી ટાકી ચોક પંચનાથ પ્લોટ શેરી નંબર ૧૭માં રહેતા બેલાબેન સુરેશચંદ્ર વૈદ્ય ગત તા. ૦૫/૦૫/૨૦૨૪ના ફરિયાદ નોંધાવી હતી કે ફેસબૂકમા સ્ટોક માર્કેટમાં ઇન્વેસ્ટમેન્ટ કરી ત્રણ મહિનામાં ૫૦૦ ટકા રિટર્ન મળશે આવી જાહેરાત જોઈ લિંકમાં ક્લિક કરી વોટ્સેપ ગ્રુપમાં જોડાયેલા હતા અને શેરબજારમાં રોકાણ કરવા માટે અલગ વિભાગો હતા, જેમાં અપર સર્કિટ સ્ટોક અને આઇ.પી.ઓમાં રોકાણ કરવા માટે પ્રાઈમ વી.આઈ.પી બેંકના વોટ્સેપ ગ્રુપમાં જણાવતા હતા. આમ એન્ડ્રોઇડ એપ્લિકેશન ડાઉનલોડ કરાવી વોટ્સેપ ગ્રુપમાંથી પોતાની ઓળખ કંપનીને જણાવી સ્ટોક માર્કેટમાં રોકાણ કરવા પ્રેરી અલગ અલગ મોબાઈલ નંબર માંથી મેસેજ કરી વિશ્વાસમાં લઈ અલગ-અલગ બેંક ખાતામાં રૂપિયા ૫૫,૯૪,૫૯૪ ભરાવડાવી તેમાંથી તેમણે વિશ્વાસમાં લેવા માટે સૌપ્રથમ ૧,૯૪,૦૦૦ પરત આપી ઓનલાઇન સ્ટોક માર્કેટમાં રોકાણ કરવાના બહાને વિશ્વાસઘાત કર્યો હતો.આ બાબતે સાયબર ક્રાઇમ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

તે અન્વયે રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રિજેશ કુમાર ઝા, અધિક પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગડીયા, નાયબ પોલીસ કમિશ્નર ક્રાઇમ સ્પેશિયલ બ્રાન્ચ ડો. પાર્થરાજસિંહ ગોહિલ, મદદનીશ પોલીસ કમિશ્નર સી. એમ. પટેલએ રાજકોટ શહેરના નાગરિકો સાથે થયેલા સાઇબરના કિસ્સામાં શખ્સને પકડી પાડવાના આદેશો આપ્યા હતા.

દરમિયાન ફર્સ્ટ પી.આઈ. જે.એમ. કૈલા, પી.એસ.આઇ બી.બી.જાડેજાના માર્ગદર્શન હેઠળ સાઇબર ક્રાઇમ પોલીસ સ્ટેશનની ટીમ કાર્યરત હોય જે અંગે સાયબર ફ્રોડના નાણા ફેરવતા રાજસ્થાન માધોપુર ગામ બોરિફમાં રહેતો રૂપરેશ ગજાનંદ શર્માને સવાઈ માધોપુર રાજસ્થાનથી સાયબર ક્રાઇમ પોલીસે વેસ પલટો કરી છટકું ગોઠવી શખ્સને પકડી પાડી કાયદેસર કાર્યવાહી કરવા તજવીજ હાથ ધરી છે.

આ શખ્શે તેના નામે પ્રોપરાઇટર તરીકે બોગસ પેઢી ઊભી કરી હતી તેમજ પેઢીના નામે કરંટ બેંક એકાઉન્ટમાં સાયબર ફ્રોડના નાણા ટ્રાન્સફર કરતો હતો.

આ કામગીરી પી.આઈ એમ. એ. ઝણકાત અને હેડ. કોન્સ. દિગ્વિજયસિંહ ઝાલા દ્વારા કરવામાં આવી હતી.

# દારૂની ૩૦૯ બોટલ સાથે મહિલા સહિત ૫ ઝપડાયા, ૪ ની શોધખોળ

### ૩૪ ટીન બિયર મળી રૂ.૬.૦૮ લાખનો મુદ્દામાલ કબજે કરતી પ્ર. નગર, ભક્તિનગર, થોરાળા, આજીડેમ અને પી.સી.બી. પોલીસ

રાજકોટ મિરર તા.૨૬

શહેરમાં જુદા જુદા પાંચ દરોડામાં પોલીસે વિદેશી દારૂની ૩૦૯ બોટલ અને ૩૪ બિયર સાથે મહિલા સહિત પાંચ શખ્સોને ઝડપી પાડી ચાર શખ્શોની શોધખોળ આદરી છે.

થોરાળા પોલીસે બાતમીના આધારે જીજે ૦૩ ડીડી ૪૧૦૫ નંબરની કરને રોકી તલાશી લેતા તેમાંથી કુબલીયા પરા શેરી નંબર ૫ મચ્છી ચોકમાં રહેતો રોહન ભીમાભાઇ સોલંકીને વિદેશી દારૂની ૪૮ બોટલ ઝડપાયો હતો. પોલીસે દારૂની બોટલ અને કાર સહિત રૂ. ૧,૧૫, ૩૭૬નો મુદ્દામાલ કબ્જે કરી કાર્યવાહી હાથ ધરી હતી.

બીજા દરોડામાં આજીડેમ પોલીસના જીજે ૦૩ જેઆર ૦૭૭૦ નંબરની કારને રોકી તલાશી લેતા તેમાંથી બીયરના ૩૪ ટીન અને દારૂની ૨૦૭ બોટલ પોલીસને હાથ લાગી હતી. પોલીસે ઈન્દિરા નગર મેઈન રોડ જય સીયારામ ચોક દેવપરા કોઠારીયા રોડ પર રહેતો શિવમ જનકભાઈ ભંડીગજીને

બિયરના ટીન, દારૂની બોટલ અને કાર સહિત રૂ.૪,૫૩,૩૨૯નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ત્રીજા દરોડામાં પી.સી.બી. પોલીસે પેટ્રોલિંગ દરમિયાન મુનીર ઉર્ફે બાબા જેઠવા નામનો શખ્શ સાધુવાસવાણી કુંજ રોડ મારુતિ શોરૂમ બાજુમાં માધાપર બાયપાસ પર વિદેશી દારૂની બોટલો સાથે ઉભો છે. બાતમી પરથી પોલીસે દારૂની રૂ.૬,૩૪૫ની ૪૭ બોટલ સાથે મુનીરને ઝડપી લીધો હતો.

ચોથા દરોડામાં ભક્તિનગર પોલીસે આશાપુરા નગર શેરી નંબર ૧૨ કોઠારીયા મેઈન રોડ પર રહેતી શિવાનીબેન જયદીપભાઈ ઉર્ફે જીગો પાડલીયા દારુ સાથે મળી આવી હતી. આ મહિલાએ દારૂની બોટલો કુલદીપ ગઢવી નામનો શખ્સ વેચાણ કરવા આપી ગયા હોવાનું જણાવ્યું હતું. પોલીસે શિવાનીની ૫ બોટલ સાથે રૂ.૩૦૦૦નો મુદ્દામાલ કબજે કરી કાર્યવાહી કરી હતી.

પાંચમા દરોડામાં પ્ર. નગર પોલીસનો સ્ટાફે કાલાવડ રોડ પાસે રહેતા વિનેશ કાંતિભાઈ ડોડીયાને વિદેશી દારૂની ૨ બોટલ અને રીક્ષા સાથે ઝડપી પાડ્યો હતો. પોલીસેરૂ.૩૦,૩૦૦નો મુદામાલ કબજે કરી કાર્યવાહી હાથ ધરી હતી.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# ઘરના ભુવા, ઘરના ડાકલા

## યુનિવર્સિટીમાં આડાઅવળાની તપાસ યુનિવર્સિટી જ કરે એ યોગ્ય છે ?




યુનિવર્સલ શબ્દ પરથી યુનિવર્સિટી શબ્દ આવ્યો છે. યુનિવર્સલ એટલે વિશ્વવ્યાપી-બ્રહ્માડિય. જ્ઞાનના દ્રષ્ટિકોણથી બ્રહ્માંડીય સ્થાનને યુનિવર્સિટી કહેવાય. જોકે આપણી યુનિવર્સિટીઓ ખાબોચિયા જેવી બનવા લાગી છે. જ્ઞાન તો દૂરની બાબત છે, સમજદારીનો પણ દુષ્કાળ પડવા લાગ્યો હોય તેમ લાગે છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી વારંવાર વિવાદોમાં ઘેરાઈ જાય છે. મોટાભાગે પ્રકરણો ભીના સંકેલી લેવામાં આવે છે. જ્ઞાનનું ક્ષેત્ર અશુદ્ધિઓથી ભરાઈ ગયું હોય તેમ નથી લાગતું ? વર્તમાન સમયમાં અર્થશાસ્ત્ર ભવન વિવાદમાં આવી ગયું છે. આસિસ્ટન્ટ પ્રોફેસર સામે દ્વિઅર્થી વાતો કરવા અને ચોક્કસ જ્ઞાતિના જ છાત્રોને ગુણ આપવાની વાતો કરવાના આક્ષેપો થયા છે.

આ અંગે રજૂઆત ઉપર સુધી થતા ખળભળાટ મચી ગયો છે. સાવ ખાડે ગયેલું યુનિવર્સિટીનું તંત્ર જાગ્યું અને તપાસ કરવાના નિવેદનો થયા. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં જ્ઞાતિવાદથી માંડીને પદના ગેરલાભ લેવાની વાત નવી નથી. લાખો રૂપિયાના પગાર ધરાવતા કહેવાતા જ્ઞાનીઓ આવા ગંદા ખાબોચિયામાં ખદબદી રહ્યા છે. જ્ઞાનમાર્ગ માટે આ કલંક જેવી સ્થિતિ ગણાય, પરંતુ કોઈ ઠોસ પગલા ભરાયાનું ધ્યાનમાં નથી.

અર્થશાસ્ત્ર ભવનના પ્રોફેસર સામે થયેલા આક્ષેપો અંગે મહિલા આયોગે તપાસના આદેશો આપતા તંત્રએ ધંધે લાગવું પડ્યું હતું. કુલપતિ કહે છે કે, અમે તપાસ કરીને રિપોર્ટ આયોગને આપીશું.

મુખ્ય મુદ્દો એ છે કે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ગંભીર વિવાદમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી જ તપાસ કરે, એ યોગ્ય છે ? ઘરના ભુવા-ઘરના ડાકલા જેવો આ ખેલ નથી? આક્ષેપો સામાન્ય નથી. તટસ્થ એજન્સી દ્વારા તપાસ ન થવી જોઈએ ? ભૂતકાળમાં અનેક ગંભીર પ્રકરણોમાં ઘરના ભુવા-ઘરના ડાકલા જેવી તપાસ કરીને પ્રકરણોના ફીંડલા વાળી દેવાયા હતા.

તપાસના નામે આડાઅવળા સેટિંગ કરીને કે ધાક-ધમકી આપીને સમાધાન કે પ્રકરણ પુરા કરી દેવાની પ્રવૃત્તિ નહીં થાય તેની ગેરંટી કોણ આપશે ? શુદ્ધિકરણના અભાવના કારણે યુનિવર્સિટીઓમાં ગંદી વૃત્તિના થર જામી ગયા છે. પ્રકરણો અંગે ઊંડાણથી તપાસ કરીને હલકી વૃતિ ઉજાગર કરીને તેને નિર્ણાયક સજા થવી જોઈએ.

અર્થશાસ્ત્ર ભવનના વિવાદમાં એક બાબત નિશ્ચિત છે કે પ્રોફેસર ના-લાયક છે અથવા તેને બદનામ કરવાનો ખેલ નંખાયો છે. જે હોય તે, પણ ગુન્હો અતિ ગંભીર થયો છે. સેટિંગ કરીને કે માફા-માફી કરીને પ્રકરણ પૂરું કરવાને બદલે ગુન્હેગારને સજા સુધી પહોંચાડવો જરૂરી છે.

પ્રકરણો ભીના સંકેલવાના કારણે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની આબરૂ રહી નથી. નવા પ્રકરણમાં ગુન્હો જેમણે કર્યો હોય તેને ઉઘાડા પાડીને શુદ્ધિકરણનો પ્રારંભ થવો જોઈએ.



પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક)
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા

# દક્ષિણ કોરિયાના જંગલોમાં આગે લીધું વિકરાળ રૂપ : ૨૪થી વધુના મોત



૧૯ થી વધુ લોકો ઘાયલ : ૧૩૦૦ વર્ષ જૂનું બૌદ્ધ મઠ દવસ્ત

નવીદિલ્હી, તા. ૨૬

દક્ષિણ કોરિયામાં શુષ્ક હવામાન અને ભારે પવન વચ્ચે જંગલમાં લાગેલી આગમાં ઓછામાં ઓછા ૨૪ લોકોના મોત થયાના અહેવાલ છે. સરકારી અધિકારીઓએ બુધવારે જણાવ્યું હતું કે આ ઘટનાઓમાં ઓછામાં ઓછા ૧૯ લોકો ઘાયલ પણ થયા છે. મંગળવારે એન્ડોંગ અને અન્ય દક્ષિણ શહેરો અને નગરોના અધિકારીઓએ સ્થાનિક રહેવાસીઓને સુરક્ષિત સ્થળોએ જવાનો આદેશ આપ્યો. બીજી તરફ, સૂકા પવનને કારણે લાગેલી આગને કાબુમાં લેવા માટે અગ્નિશામકો સખત મહેનત કરી રહ્યા છે. આગ ઓલવવાનો પ્રયાસ કરતી વખતે એક હેલિકોપ્ટર પણ ક્રેશ થયું. આગને કારણે, ૪૩ હજાર એકરથી વધુ જમીન બળીને રાખ થઈ ગઈ હતી અને ૧૩૦૦ વર્ષ જૂના બૌદ્ધ મઠ સહિત સેંકડો બાંધકામો નાશ પામ્યા હતા. દક્ષિણ કોરિયાના ગૃહ અને સલામતી મંત્રાલયના જણાવ્યા અનુસાર, એન્ડોંગ, તેના પડોશી શહેરો ઉઇસોંગ અને સેનસેઓંગ અને ઉલ્સાન શહેરમાં ૫,૫૦૦ થી વધુ લોકોને તેમના ઘર છોડવાની ફરજ પડી હતી. આ એવા વિસ્તારો છે જે આગથી સૌથી વધુ પ્રભાવિત થયા છે. કોરિયા હેરિટેજ સર્વિસના અધિકારીઓએ જણાવ્યું હતું કે ઉઇસોંગમાં લાગેલી આગને કારણે સાતમી સદીના ગોયુન્સા બૌદ્ધ મઠ રાખ થઈ ગયો હતો.

તમને જણાવી દઈએ કે લગભગ ૯૦૦૦ અગ્નિશામકો, ૧૩૦ થી વધુ હેલિકોપ્ટર અને સેંકડો વાહનો આગ ઓલવવામાં રોકાયેલા છે. ઉઇસોંગમાં જંગલની આગ ઓલવવાનો પ્રયાસ કરતી વખતે એક હેલિકોપ્ટર ક્રેશ થયું. કોરિયા ફોરેસ્ટ સર્વિસે બુધવારે જણાવ્યું હતું કે બચાવ પ્રયાસો ચાલુ છે અને વિમાનમાં ફક્ત એક જ પાયલોટ સવાર હોવાનું માનવામાં આવે છે. દક્ષિણ દક્ષિણ કોરિયામાં લાગેલી ભીષણ આગને ઓલવવા માટે અગ્નિશામકો કામ કરી રહ્યા છે. આગ સંદક્ષિણ કોરિયા તેના ઇતિહાસની સૌથી વિનાશક જંગલી આગની ઘટનાઓમાંની એકનો સામનો કરી રહ્યું છે કારણ કે પવનથી ચાલતી આગ દેશના દક્ષિણ પ્રદેશોને સળગાવી દે છે, જેમાં હેલિકોપ્ટર પાઇલટ સહિત ઓછામાં ઓછા ૨૪ લોકો માર્યા ગયા છે અને ૨૭,૦૦૦ થી વધુ લોકોને તેમના ઘર ખાલી કરવાની ફરજ પડી છે.બંધિત ઘટનાઓમાં ૨૦૦ થી વધુ ઈમારતો નાશ પામી હોવાના અહેવાલ છે.

પીડિતોમાં એક પાયલોટનો પણ સમાવેશ થાય છે જેનું હેલિકોપ્ટર દક્ષિણપૂર્વીય શહેર ઉઇસોંગમાં આગ સામે લડતી વખતે ક્રેશ થયું હતું, જે સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તારોમાંનું એક છે. અધિકારીઓએ પુષ્ટિ આપી છે કે હેલિકોપ્ટરમાં અન્ય કોઈ ક્રૂ મેમ્બર નહોતા. મૃતકોમાં ચાર અગ્નિશામકો અને સરકારી કર્મચારીઓનો સમાવેશ થાય છે, જેઓ સાંચોંગમાં ઝડપથી આગળ વધતી આગમાં ફસાઈ જવાથી મૃત્યુ પામ્યા હતા. ઓછામાં ઓછા ૨૬ લોકોને વિવિધ ગંભીરતાની ઈજાઓ પહોંચી છે, જ્યારે હજારો લોકો હજુ પણ વિસ્થાપિત છે કારણ કે કટોકટી દળો આગને કાબુમાં લેવા માટે સંઘર્ષ કરી રહ્યા છે.

# CBI દ્વારા ઈન્ટરપોલ કલર કોડેડ નોટિસ અંગે યોજાયો વર્કશોપ

## NIA, ED, DRI, NCB જેવી કેન્દ્રીય એજન્સીઓના ટોચના અધિકારીઓ રહ્યા હાજર

નવીદિલ્હી, તા. ૨૬

સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન દ્વારા કાયદા અમલીકરણ એજન્સીઓના અધિકારીઓ વચ્ચે ઇન્ટરપોલ કલર-કોડેડ નોટિસ સંબંધિત કાનૂની મુદ્દાઓની ચર્ચા કરવા અને સમજ વધારવા માટે બે દિવસીય વર્કશોપનું આયોજન કર્યું હતું. ઇન્ટરપોલના નોટિસ અને ડિસેમિનેશન ટાસ્ક ફોર્સના સહયોગથી આયોજિત આ વર્કશોપમાં સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન (ઈઈઈ), નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સી (ગઈઅ), એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઊઉ), ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઇન્ટેલિજન્સ (ઉછઈ), નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો (ગઈઇ), દિલ્હી પોલીસ અને વાઈલ્ડલાઈફ ક્રાઇમ કંટ્રોલ બ્યુરો (ઠઈઈઇ) જેવી કેન્દ્રીય એજન્સીઓના અધિકારીઓએ હાજરી આપી હતી. રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશ પોલીસના કર્મચારીઓ અને વિદેશ મંત્રાલય અને કેન્દ્રીય ગૃહ મંત્રાલયના પ્રતિનિધિઓ ઉપરાંત ન્યાયાધીશો અને કાનૂની નિષ્ણાતોએ પણ ભાગ લીધો હતો.

આ વર્કશોપનો ઉદ્દેશ્ય ઇન્ટરપોલની કલર-કોડેડ નોટિસ સિસ્ટમ અને તેની સમીક્ષા પ્રક્રિયા, તેમજ ઇન્ટરપોલના આદેશો અથવા કાનૂની માળખા અને પાલન તપાસ પદ્ધતિઓની સમજ વધારવાનો હતો. મંગળવારે યોજાયેલી વર્કશોપમાં નોટિસ સંબંધિત કાનૂની મુદ્દાઓ પર એક ખાસ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. સીબીઆઈના નિવેદન અનુસાર, વર્કશોપમાં ''ઇન્ટરપોલ ચેનલ દ્વારા વિદેશી દેશો પાસેથી આંતરરાષ્ટ્રીય સહાય મેળવવા અને તે ચેનલને વધુ અસરકારક બનાવવાની રીતો પર પણ ચર્ચા કરવામાં આવી હતી. ભારતીય એજન્સીઓ દ્વારા વિદેશી દેશોમાંથી આવતા સંદર્ભોને કેવી રીતે અમલમાં મૂકી શકાય તેની પણ ચર્ચા કરવામાં આવી હતી''.



આ બે દિવસીય વર્કશોપ ઇન્ટરપોલ નોટિસ સિસ્ટમ દ્વારા આંતરરાષ્ટ્રીય ગુનાહિત બાબતોમાં સહકારના મહત્વ પર પ્રકાશ પાડે છે. સભ્ય દેશોની વિનંતી પર ઇન્ટરપોલ દ્વારા જારી કરાયેલી નોટિસ વિશ્વભરમાં ભાગેડુઓની શોધ અને પ્રત્યાર્પણ અથવા દેશનિકાલમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ નોટિસો પ્રકાશિત કરતા પહેલા, ઇન્ટરપોલના કાનૂની માળખાનું પાલન કરવું જરૂરી છે. વર્કશોપ દરમિયાન, સહભાગીઓને અનુપાલન ચકાસણી પદ્ધતિ અને ઇન્ટરપોલ નોટિસ અને પ્રસારના યોગ્ય મુસદ્દા વિશે માહિતી આપવામાં આવી હતી, અને ઘણા કેસ સ્ટડીઝની પણ ચર્ચા કરવામાં આવી હતી. વર્કશોપમાં ભારતીય કાયદા અમલીકરણ એજન્સીઓ ઇન્ટરપોલ ચેનલ દ્વારા વિદેશી દેશો પાસેથી આંતરરાષ્ટ્રીય સહાય કેવી રીતે મેળવી શકે છે અને તેને વધુ અસરકારક બનાવવા માટે કયા પગલાં લઈ શકાય તેની પણ ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત, વિદેશી દેશો તરફથી મળેલા સંદર્ભોનો ભારતીય એજન્સીઓ દ્વારા કેવી રીતે અમલ કરી શકાય તેની પણ ચર્ચા કરવામાં આવી હતી. આ સંદર્ભમાં, તાજેતરમાં શરૂ કરાયેલ ઇઇઅછઅઝઙઘક પોર્ટલનું મહત્વ પણ રેખાંકિત કરવામાં આવ્યું હતું. કાયદા અમલીકરણ એજન્સીઓને ઇન્ટરપોલ સભ્ય દેશો પાસેથી આંતરરાષ્ટ્રીય પોલીસ સહયોગ મેળવવા માટે ગઈઇ દિલ્હીને તેમની વિનંતીઓ મોકલવા માટે ઇઇઅછઅઝઙઘક પોર્ટલનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

# INDIA બ્લોકમા નહીં જોડાઈ પ્રશાંત કિશોર

## ચાલુ વર્ષમાં યોજનારી બિહાર વિધાનસભા ચૂંટણીમાં ૨૪૩ બેઠક ઉપર એકલા હાથે જન સુરજ પાર્ટી લડશે ચૂંટણી




નવીદિલ્હી, તા. ૨૬

આ વર્ષે બિહારમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે. બધા પક્ષો ગઠબંધન અને રણનીતિ અંગે પ્રયાસો કરી રહ્યા છે. દરમિયાન, જન સૂરજ પાર્ટીના સ્થાપક પ્રશાંત કિશોરે જાહેરાત કરી છે કે તેમનો પક્ષ ઇન્ડિયા એલાયન્સમાં જોડાશે નહીં. એક ખાસ વાતચીતમાં, પ્રશાંત કિશોરે ઇન્ડિયા બ્લોકમાં જોડાવાની કોઈપણ શક્યતાને નકારી કાઢી છે. તેમણે કહ્યું કે અમે પહેલાથી જ જાહેરાત કરી દીધી છે કે અમારી પાર્ટી બિહારમાં ૨૪૩ બેઠકો પર એકલા ચૂંટણી લડશે. અમે બિહારના લોકો સાથે ગઠબંધન કર્યું છે. અમે પરિવર્તન ઇચ્છીએ છીએ અને બિહારને વિકાસના માર્ગ પર પાછું લાવવા માંગીએ છીએ. અગાઉ, પ્રશાંત કિશોરે કહ્યું હતું કે તેઓ આગામી બિહાર વિધાનસભા ચૂંટણીમાં ૪૦ ટકા મહિલા ઉમેદવારોને મેદાનમાં ઉતારશે. આ વર્ષના અંતમાં બિહારમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે અને પ્રશાંત પોતાની રાજકીય પાર્ટી બનાવવાની અને પહેલીવાર વિધાનસભાની ચૂંટણી લડવાની તૈયારી કરી રહ્યા છે.

તાજેતરમાં પ્રશાંત કિશોરે મુખ્યમંત્રી નીતિશ કુમાર પર કટાક્ષ કર્યો હતો. પ્રશાંતે કહ્યું, નીતિશ કુમારની માનસિક સ્થિતિ એવી છે કે તેમને તેમના મંત્રીઓના નામ પણ યાદ નથી. પ્રશાંત કિશોરે કહ્યું, નીતિશ કુમાર શારીરિક રીતે થાકી ગયા છે અને માનસિક રીતે અસ્વસ્થ થઈ ગયા છે. તેમણે રાજીનામું આપી દેવું જોઈએ. પ્રશાંત કિશોરે કહ્યું કે મને અધિકારીઓ પાસેથી માહિતી મળી છે કે નીતિશ કુમારની માનસિક સ્થિતિ બગડી ગઈ છે. અમે જાહેરાત કરી છે કે જન સૂરજ બિહારની બધી ૨૪૩ બેઠકો પર ચૂંટણી લડશે. અમારું જોડાણ બિહારના લોકો સાથે છે, જેઓ પરિવર્તન ઇચ્છે છે અને રાજ્યને વિકાસના માર્ગ પર પાછું લાવવા માંગે છે. પ્રશાંત કિશોરની નવી શરૂ થયેલી જન સૂરજ પાર્ટી આ વર્ષે ઓક્ટોબર-નવેમ્બરમાં યોજાનારી રાજ્ય વિધાનસભાની ચૂંટણીઓ પહેલા સમગ્ર બિહારમાં આક્રમક રીતે પ્રચાર કરી રહી છે.

આગામી રાજ્ય ચૂંટણીને ભાજપની આગેવાની હેઠળના ગઉઅ ગઠબંધન અને કોંગ્રેસ-ઈંઉની આગેવાની હેઠળના ઇન્ડિયા બ્લોક વચ્ચે સીધી લડાઈ તરીકે જોવામાં આવી રહી છે, ત્યારે કિશોરનો પક્ષ એક શક્તિ તરીકે ઉભરી રહ્યો છે અને ચૂંટણી ગતિશીલતાને બંનેમાંથી કોઈ એકની તરફેણમાં ફેરવી શકે છે. હાલમાં, પ્રશાંત કિશોર એકલા ચૂંટણી લડવા માટે ઉત્સુક છે અને તેમણે કોઈપણ ગઠબંધન સાથે ચૂંટણી લડવામાં રસ દાખવ્યો નથી.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

## ચિંતનની ક્ષણે

## નરસિંહ જેવી અનન્ય દ્રષ્ટિ હોય તો જ ''બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે''! એ સત્ય સમજાય



હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. વર્તમાન સમય એક સ્પર્ધાત્મક યુગ છે, અને દરેક વખતે અને દરેકની જીત તો શક્ય નથી! કોઈને કોઈ તો અહીં હારે જ છે! અને હારે એટલે ડિપ્રેશનનો શિકાર બને! આ ડિપ્રેશન માંથી બહાર આવવા સ્વજનોની હુંફ અને સ્વયંનો આત્મવિશ્વાસ આ બે બહુ જરુરી છે! આત્મ વિશ્વાસની કમી આત્મબળના અભાવે આવે છે! આત્મબળ એકઠું કરવા જાગૃતિની બહુ જ જરૂર છે, અને એ પણ દરેકે દરેક વ્યક્તિએ પોતે પોતાની જાતને જગાડીને હકારાત્મકતા તરફ લઈ જવાની છે, તો એવાં સમયે આપણે એમ કહી શકાય કે, જાગૃતિનાં અધિષ્ઠાતા દેવ નરસિંહ છે. મનુષ્ય પ્રકૃતિ સાથે અનુસંધાન કેળવે, અને પરિસ્થિતિ સાથે સમાધાન કરે તો જીવનમાં સહનશીલતા વધતી દેખાય. પરંતુ આપણી ભૂલ ત્યાં થઇ કે, પરિસ્થિતિની બદલે જાત સાથે સમાધાન કરવા માંડ્યા. આ મોહ નિંદ્રામાંથી જાગવું પડશે, ત્યારે આપણે પ્રકૃતિ સાથેનું અનુસંધાન કેળવીને જીવનને હકારાત્મક બનાવી શકીશું. આજે નરસિંહનું એવા જ એક પદ પર ચિંતન કરીએ.

**નરસિંહ મહેતા**
જાગીને જોઉં તો જગત દીસે નહીં,
ઊંઘમાં અટપટા ભોગ ભાસે;
ચિત્ત ચૈતન્ય-વિલાસ-તદ્દરૂપ છે,
બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે.

કવિ અહીં,તમસ રાત્રીમાં જીવ જે મોહ નિદ્રા કરી રહ્યો છે, તેમાંથી જાગવાની વાત કરે છે. એટલે કે મોહ અને મમતાને કારણે પોતાનું જીવન જે સ્વના વર્તુળમાં ફરે રાખે છે, તેમાંથી બહાર નીકળી અને અન્ય તરફ દૃષ્ટિ કરે તો કહેવાતું જગત એટલે કે હું અને મારો પરિવાર એ ક્યાંય દેખાતું નથી, અને કણકણમાં ચૈતન્યના દર્શન થાય છે, એટલે કે પરમ કૃપાળુ પરમાત્માનાં વિલાસથી આ સૃષ્ટિનું સર્જન થયું છે, અને એક એક ક્ષણમાં તે બિરાજમાન છે, તેની પ્રતીતિ થાય છે. બ્રહ્મ લટકા કરે બ્રહ્મ પાસે, એટલે કે પ્રકૃતિનાં એક એક અંગમાં જો પરમાત્મા બિરાજમાન હોય, તો બંને સાપેક્ષ રીતે એકબીજા સામે પોતાનું કર્તવ્ય કર્મ કરીને આનંદ પ્રાપ્ત કરે છે. શક્ય છે કવિની કક્ષા એ સમયે કંઈક અલગ રહી હશે, અને તેમને આંબાની કેરીમાં પણ એ જ ઈશ્વર દેખાયો હશે, અને બાવળના કાંટામાં પણ એ જ કદાચિત. ગાયનું વાછરડું, અને કુતરા બિલાડાનું બચ્ચું બંનેમાં પણ તેને એ જ પરબ્રહ્મ દેખાયો હોઈ શકે, જ્યારે આપણે ગાય કુતરાનાં બચ્ચા આપણા વાહનોની હડફેટે આવે, તોપણ ગાડી રોકવાનું સૌજન્ય દાખવતા નથી. કારણકે ત્યાં મારાપણાનો ભાવ નથી. પરંતુ નરસિંહ નરસિંહ છે, તેને તો દરેકમાં મુરલી મનોહરના દર્શન થાય છે.

પંચ મહાભૂત પરિબ્રહ્મથી ઉપજ્યાં,
અણુ અણુ માંહી રહ્યા રે વળગી;
ફૂલ અને ફળ તે તો વૃક્ષનાં જાણવાં,
થડ થકી ડાળ નવ હોય અળગી.

પ્રકૃતિનાં રહસ્યનો તાગ મેળવવા કવિ લખે છે, કે પંચમહાભૂતની પ્રકૃતિનાં અણું અણુંમાં પરમ તત્વનો વાસ છે. હવા સતત તેની હાજરીનો સંસર્ગ કરાવે છે, પાણી તેની નિર્મળતાનો સંદેશ આપે છે, પૃથ્વી દરેકે દરેક જીવોમાં ભેદભાવ કર્યા વગર સ્થિરતાથી અંતરમાં ધારણ કરે છે. સૂર્ય ચંદ્ર રૂપે અગ્નિ ધવલ પ્રકાશ આપે છે, અને આકાશ પોતાની છત્રછાયામાં સદા સૌને હેમખેમ રાખે છે. આ પાંચે પાંચ પંચમહાભૂત પોતાનું અસ્તિત્વ પરબ્રહ્મથી જ છે, અને પોતાનાં અણુ અણુમાં તેનો નિશ્ચિત રૂપે વાસ છે, તે સત્યને જાણીને વળગી રહે છે, માટે પ્રકૃતિ ક્યારેય સ્વનું વિચારતી નથી. જેમ ફળ અને ફૂલ જે તે વૃક્ષના જ હોય છે, એટલે કે આંબામાં કેરી હોય તો એ આંબાની જ હોય, અને ગુલાબના છોડમાં ફૂલ હોય તો એ ગુલાબના છોડનું જ ફૂલ છે. તે રીતે આપણે સૌ પણ એ પરમ કૃપાળુ પરમાત્માના સંતાન છીએ, એ સત્ય આપણા જીવનનું સૌથી પ્રથમ અને અંતિમ સત્ય બની રહે, તો જીવનનાં સુખદુઃખ આપણાં હિત માટે જ છે, એવું આપણે વિચારી શકીએ. કારણ કે મા-બાપ પોતાના સંતાનની પ્રગતિ માટે ક્યારેક કઠીન તો ક્યારેક કોમલ કૃપા કરતા હોય છે. વૃક્ષ પોતાની ડાળને અળગી રાખી શકતો નથી, એટલે કે ડાળનું અસ્તિત્વ સતત ઝાડ સાથે જોડાયેલું હોય છે!એમ આપણે પણ તેની સાથે જોડાયેલા છીએ, પછી જે કંઇ થાય તે મારા હિત માટે જ થાય છે એવું વિચારી શકાય.

વેદ તો એમ વદે, શ્રુતિ-સ્મૃતિ સાખ દે : કનકકુંડળ વિશે ભેદ ન્હોયે;
ઘાટ ઘડિયા પછી નામ-રૂપ જૂજવાં,
અંતે તો હેમનું હેમ હોયે.

વેદ તો કહે જ છે કે તેની શ્રુતિ એટલી જ પરમાત્માની સ્મૃતિ જો બનાવી રાખીએ, તો આ જડ અને ચેતનનો ભેદ પણ અહીં નગણ્ય લાગે, એટલે કે આ સારું ને આ ખરાબ, એવો ભેદ ન રહે. કારણ કે સોનુ સૌને પ્રિય હોય, અને એ જ રીતે લોઢું સૌ ત્યજી દે તે પરમ કૃપાળુ પરમાત્મા એ બનાવેલી આ પ્રકૃતિનો પૂર્ણ આનંદ લઇ શકતા નથી. એટલે કે કમળ અને ગુલાબ, મોગરો, જેવા આકર્ષક પુષ્પ પસંદ આવે. પરંતુ બારમાસીનું કોઈ મૂલ્ય નહીં એવું ન્હોય, અહીં દરેકે દરેક પ્રાકૃતિક તત્વો આપણને જ્યારે પૂર્ણતઃ પ્રસન્નતા આપે, ત્યારે જ આપણે એ સત્યને સમજી શકીએ. ઈશ્વર તત્વ તો સર્વમાં વ્યાપ્ત છે, પછી તે પ્રકૃતિનું ગમે તે અંગ હોય ખાલી તેના ઘાટ જુદા છે,અંતે તો હેમનું હેમ હોયે, એટલે કે મૂળ તત્વ તો એ જ પરબ્રહ્મ છે, એ સત્ય સમજીને જીવનમાં દરેકે દરેકનો સ્વીકાર કરીએ, દરેકે દરેકને પ્રેમ કરીએ, તો જ પરમાત્માએ બનાવેલી આ પ્રકૃતિનો પૂર્ણતઃ આપણે આનંદ લઇ શકીએ.

જીવ ને શિવ તે આપ-ઈચ્છાએ થયો,
ચૌદ લોક રચી જેણે ભેદ કીધા;
ભણે નરસૈંયો 'એ તે જ તું', 'એ તે જ તું',
એને સમર્યાથી કંઈ સંત સીધ્યા.

જીવનું અવતરણ આ પૃથ્વી પર માત્ર ને માત્ર શિવની ઇચ્છાથી જ થયું છે. એણેજ ચૌદ બ્રહ્માંડની રચના કરીને જીવ અને શિવ એમ બે અલગ રૂપ કરીને ભેદ કર્યા છે, કારણ કે શિવની ઈચ્છા હતી, કે મેં બનાવેલી સૃષ્ટિનો કોઈ ઉપભોગ કરે. એટલે કે આ પ્રકૃતિને કોઈ માણે. નરસૈંયો સદગુરુની કૃપાથી એકએક પ્રાકૃતિક તત્વમાં તેના દર્શન કરી એ જ તું! એ જ તું!એમ એ પરમાત્માને પોકારે છે, અને એના સ્મરણથી જ નિત્ય આનંદ પ્રાપ્ત કરે છે.

જીવનમાં કોઈ અજાણી દિશાએ જવાનું હોય, તો આપણે સામાન્ય રીતે તેની જાણકારી પ્રાપ્ત કરીએ છીએ, અને તે પણ, તે જગ્યાએ જઈ આવેલા હોય, તેની પાસેથી તે પ્રદેશ વિશે પૂરી જાણકારી મેળવીને આપણે જતા હોઈએ છીએ. દાખલા તરીકે ત્યાં ઠંડી, ગરમી, કેવી છે, ત્યાં આગળ ખોરાક કઈ રીતનો મળે છે, અને ત્યાં આગળ જવું એ સારી વાત છે, કે ખતરો છે. આ બધી જ તપાસ કરીને આપણે જતાં હોઈએ છીએ. તો પરબ્રહ્મ કે પરમાત્માને આપણે જોવા જાણવા માટે પણ, આ રીતે એ તત્વને નજીકથી જેમણે જોયા છે એવા કોઈ સદગુરુની દ્વારા આપણે ત્યાં જવા ડગ ભરીએ, તો તે દિશામાં ઝડપથી આગળ વધી શકાય છે, અને સચ્ચિદાનંદને ઝડપથી પ્રાપ્ત કરી શકાય છે, તો નરસૈંયાએ તો શ્રીકૃષ્ણ રૂપી પરમ કૃપાળુ પરમાત્માને નજીકથી ઓળખ્યો છે, અથવા તો શ્રીકૃષ્ણની તેની પર ખૂબ મહેર છે, અને તેનાં તમામ કાર્યો તેણે કર્યા છે, તો એની જાગૃતિથી મળેલી દ્રષ્ટિથી આપણે પરમાત્માને જોવા જાણવા અને માણવા માટે નીકળીએ, તો એ પરબ્રહ્મ આપણને ઝડપથી મળી શકે. જાગીશું અને જાગતા રહીશું, તો ક્યારેક ને ક્યારેક પરબ્રહ્મને પામી શકીશું, અથવા તો માણી શકીશું, અને સૌ કોઈ આ પરબ્રહ્મને નરસૈયાની જેમ માણી શકે, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

લી. ફાલ્ગુની વસાવડા. (ભાવનગર)

### સરકાર-સાયબર ક્રાઇમ પોલીસ ગાઇ-વગાડીને કહે છે કે આવો કોઇ કાયદો નથી, પણ લોકો જાગતા જ નથી

# વૃધ્ધને પોલીસના નામે ડિજીટલ એરેસ્ટ કરી રૂપિયા પડાવાયા

## મની લોન્ડીંગમાં ફસાઇ જશો કહી એવા ડરાવાયા કે વૃધ્ધે ગોલ્ડ લોન લઇને નાણા ચુકવ્યા તો વધુ બાર લાખ મંગાયાઃ છેલ્લે છેતરાઇ ગયાની ખબર પડી

રાજકોટઃ ઓનલાઇન ફ્રોડ અને ડીજીટલ એરેસ્ટની ઘટનાઓ વચ્ચે લોકોને જાગૃત રહેવા સરકાર, સાયબર ક્રાઇમ પોલીસ સતત સતર્ક કરતી રહે છે. આમ છતાં આવી ઘટનાઓ બનતી જ રહે છે. વધુ એક કિસ્સામાં વૃધ્ધને ડિજીટલ એરેસ્ટક રી મુંબઇ પોલીસના નામે ડરાવી અઢી લાખ પડાવી લેવાયા છે. વૃધ્ધ એવા ડરી ગયા હતાં કે ગોલ્ડ લોન લઇને રકમ ટ્રાન્સફર કરી હતી. આથી ગઠીયાઓએ વધુ બાર લાખ માંગ્યા હતાં.

વિગતો પર નજર કરીએ તો કૃષ્ણનગરમાં રહેતા વૃદ્ધને તેમના આધારકાર્ડનો ઉપયોગ કરીને મનીલોન્ડરીંગ થયુ હોવાનુ જણાવીને સાયબર ગઠીયાએ તેમને મુંબઈ પોલીસની ઓળખ આપીને ડીજીટલ અરેસ્ટ કરીને ધાકધમકી આપીને કુલ રૂ. ૨.૫૦ લાખ પડાવી લીધા હતા. આ અંગે વૃદ્ધે અમદાવાદ કૃષ્ણનગર પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે જણાવય અનુસાર કૃષ્ણનગરમાં રહેતા બાલચંદભાઈ પંચાલ કે જે બોંતેર વર્ષના છે તેમને અજાણ્યા નંબર પરથી વીડીયો કોલ આવ્યો હતો. જેમાં સામેપક્ષેથી મુંબઈ કોલાબા પોલીસ અધિકારી વિજય ખન્ના બોલતા હોવાનુ કહીને બાલચંદભાઈને તેમના આધારકાર્ડ પરથી મનીલોન્ડરીંગ કરવામાં આવ્યુ હોઈ આ અંગે કેસ થયો હોવાનું કહ્યુ હતુ. ત્યારબાદ તેમને ઘરમાં કેટલા સભ્યો છે કેટલુ સોનુ છે અને કેટલી મિલ્કત છે વગેરે માહિતી માગી હતી.

આ અંગે બાલચંદભાઈએ તેમની પાસે કોઈ મિલ્કત કે પૈસા નથી તેમ કહેતા સામેથી આ કેસમાંથી નીકળવુ હોય તો પૈસા ભરવા પડશે નહી તો તમારુ ઘર ટાંચમાં લેવામાં આવશે તેવી ધમકી આપી હતી. એટલુ જ નહી તેમના સંતાનોની ધરપકડ કરવાનુ કહીને રૂ. ૨.૫૦ લાખ મોકલવાનુ કહ્યુ હતુ. ત્યારબાદ ફરી ૧૧ માર્ચે વીડીયોકોલ આવ્યો હતો અને તેમના એક બેંક એકાઉન્ટ નંબર મોકલી રૂપિયા આપવા દબાણ કર્યુ હતુ. એકદમ ગભરાઈ ગયેલા બાલચંદભાઈએ તેમની પાસે રહેલુ પાંચ તોલા સોનું બેંકમાં મુકીને ગોલ્ડ લોન લઈને રૂ. ૨.૫૦ લાખ આરટીજીએસથી મોકલી આપ્યા હતા.

આ રૂપિયા મળ્યા બાદ ગઠીયાએ ફોન કરીને તમે કહેતા હતા કે તમારી પાસે રૂપિયા નથી તો રૂ.૨.૫૦ લાખ કયાંથી આવ્યા તેમ કહીને જુઠુ બોલી પોલીસને ખોટી માહિતી આપવા બદલ બીજો કેસ કરવાની ધમકી આપી હતી. અને સરકારી લેટર મોકલીને બંને કેસ પુરા કરવા માટે રૂ. ૧૨ લાખની માંગણી કરી હતી. બાલચંદભાઈએ તેમની દિકરીને વાત કરતા છેતરપિંડી થયાની જાણ થતા ફરિયાદ કરી હતી. સાયબર ક્રાઇમ પોલીસે વિશેષ તપાસ શરૂ કરી હતી.



### એક સગીરે ગર્લફ્રેન્ડને મળવા જવાની ઘેલછામાં ડિલવીરીમેનનું બાઇક ચોરી લીધુંઃ પાર્સલ બેગ રસ્તામાં ફેંકી દીધી!

બીજી એક ચર્ચા જગાવતી ઘટનામાં છોટાઉદેપુર ખાતે રહેતી ગર્લફ્રેન્ડે મળવા બોલાવતાં સત્તર વર્ષીય સગીર મકરપુરા બસ ડેપો પાસે રામબાગ સોસાયટીના ગેટ પાસે ચાવી લગાવી રાખેલું ડિલિવરી બોયનું બાઈક ચોરી ફરાર થયો હતો. બાઈકની પાછળ લગાવેલી કંપનીની બેગમાં બ્યૂટી -ોડક્ટ્સનાં ત્રેસઠ પાર્સલ હતાં, તે બેગને સગીરે તરસાલી બાયપાસ હાઈવે પર ફેંકી દીધી હતી. ઘટના અંગે ફરિયાદ નોંધાવાતાં સગીરને પોલીસે બોડેલીથી બાઈક સાથે ઝડપી લીધો હતો. ત્યારબાદ સગીરે તરસાલી બાયપાસ રોડ પર જ્યાં બ્યૂટી પ્રોડક્ટ્સનાં પાર્સલ ભરેલી બેગ ફેંકી હતી ત્યાં તપાસી હતી. જોકે બેગ મળી આવી ન હતી. આ મામલે ડિલિવરી બોય દિપકસિંહ પરમારે કહ્યું કે, મકરપુરા ભવન્સ સ્કૂલની સામે સાકાર કોમ્પ્લેક્સમાં ડિલિવરી લિમિટેડ કંપનીમાં ડિલિવરી બોય તરીકે ૬ વર્ષથી નોકરી કરે છે. બપોરે તે મકરપુરા ડેપોની સામે આવેલી રામબાગ સોસાયટીમાં પાર્સલ આપવા ગયો હતો. સોસાયટીનો ગેટ બંધ હોવાથી તેણે બાઈક ગેટ પાસે જ પાર્ક કર્યું હતું અને ચાવી બાઈકમાં જ રાખી હતી. બાઈક પર ડિલિવરી બેગ પણ હતી, જેમાં રૂા.૪૦,૮૦૦નાં ૬૩ પાર્સલ હતાં. યુવક પાર્સલ આપીને પાંચ મિનિટમાં એટલે કે ગેટ પાસે આવતાં બાઈક ગાયબ હતું. તેણે તપાસ કર્યા બાદ બાઈકની ચોરી થઈ હોવાનું જણાતાં દિપકસિંહે મકરપુરા પોલીસ મથકમાં ફરિયાદ દાખલ કરાવી હતી. પોલીસે સીસીટીવીને આધારે ઉઠાવગીર સગીરને દબોચ્યો હતો. તેણે કબુલ્યું હતું કે ગર્લફ્રેન્ડને મળવા જવા માટે બાઇક ન હોવાથી ચાવી સાથેનું બાઇક ઉભુ હોઇ તે ઉઠાવી લીધુ હતું અને તેમાં લટકાવેલા પાર્સલની બેગ ફેંકી દીધી હતી! પીઆઇ વી. આર. પટેલ વધુ તપાસ કરી રહ્યા છે. કઇ રીતે સગીરને તેની ઘેલછા પોલીસ મથક સુધી પહોંચાડી ગઇ તે વાત અહિ જાણવા મળે છે.

# સુપોષિત ગુજરાત : શહેરમાં ડબલ ફોર્ટિફાઇડ મીઠું - ફોર્ટિફાઇડ ચોખા ઉપલબ્ધ

## કલેકટર કચેરી ખાતે હાથ ધરાઈ ચકાસણી : જિલ્લા પુરવઠા વિભાગ દ્વારા હાથ ધરાય ખાસ પહેલ







રાજકોટ, તા. ૨૬

સરકાર લોકોનું આરોગ્ય યોગ્ય રીતે જળવાઈ રહે તે માટે દરેક પગલાંઓ લઈ રહ્યું છે ત્યારે હવે સસ્તા અનાજની દુકાનમાં ડબલ ફોર્ટિફાઇડ ચોખા અને ફોર્ટિફાઇડ મીઠું ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે એટલું જ નહીં આ બંને વસ્તુઓ માટે ખાસ ચકાસણી પણ કરવામાં આવી હતી જેમાં ખૂબ મોટી સંખ્યામાં લોકો કલેક્ટર કચેરી ખાતે હાજર રહ્યા હતા.

ડબલ ફોર્ટીફાઈડ મીઠું અને ફોર્ટીફાઈડ ચોખા અંગે લોકોમાં જાગૃતિ આવે તે હેતુસર રાજકોટ કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે જિલ્લા પુરવઠા શાખા દ્વારા બેઠક યોજાઈ હતી. આ બેઠકનો મુખ્ય હેતુ દર માસે સરકાર દ્વારા અપાતા ડબલ ફોર્ટીફાઈડ મીઠું અને ફોર્ટી ફાઈડ ચોખા અંગે જાણકારી આપવાનો હતો.

લોકોમાં કુપોષણ અને એનેમિયા જેવા રોગોના નિવારણ અર્થે સરકારે અમલી બનાવેલા રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩ (ગ્ત્રજ્ઞ્અ) હેઠળ તમામ લાભાર્થીઓને વાજબી ભાવની દુકાનો દ્વારા કરાતી જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ આ જથ્થો આપવામાં આવે છે.

કલેકટર પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ જિલ્લા પુરવઠા અધિકારીના અધ્યક્ષસ્થાને રાજકોટ શહેરમાં આવેલ વાજબી ભાવના દુકાનદારો સાથે લાભાર્થીઓમાં ડબલ ફોર્ટીફાઈડ મીઠું અને ફોર્ટી ફાઈડ ચોખા બાબતે ગેર માન્યતા દુર થાય, તેના લાભોથી લાભાર્થીઓ પરિચિત થાય અને લાભાર્થીઓમાં જાગતતા લાવવા માટે ફૂડ ન્યુટ્રીશનના ડીવીઝનલ કો-ઓર્ડીનેટર શ્રી વિપુલ ઠાકરને સાથે રાખી ડબલ ફોર્ટીફાઈડ મીઠાંમાં આયોડિન અને આયર્ન તેમજ ફોર્ટી ફાઈડ ચોખામાં આયર્નની હાજરી તપાસવામાં આવી હતી.

ઉપરાંત, દૈનિક જીવનમાં ડબલ ફોર્ટીફાઈડ મીઠું અને ફોર્ટીફાઈડ ચોખાના વપરાશથી થતા ફાયદાઓ અંગે તમામ વાજબી ભાવના દુકાનદારોશ્રીને માહિતગાર કરી તાલીમ આપવામાં આવી હતી. જેથી લાભાર્થીઓમાં પણ જાગૃતિ આવે. ભારત સરકાર અને રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાથી થતા લાભો છેવાડાના માનવી/લોકો સુધી પહોંચે અને લોકો સંપૂર્ણ પોષણ, સ્વસ્થ જીવન જીવી શકે તથા ગુજરાત સરકારશ્રીનું ''સુપોષિત ગુજરાત'' અભિયાન સિદ્ધ તેમ જિલ્લા પુરવઠા અધિકારી રાજેશ્રી કે.વંગવાણી અને તેમની ટીમ દ્વારા અથાગ પ્રયાસ કરવામાં આવે છે. આ બેઠકમાં બહોળી સંખ્યામાં વાજબી ભાવના દુકાનદારો ઉપસ્થિત રહ્યા હતા.

### વડાપ્રધાન મોદી - સહકાર મંત્રી શાહના નેતૃત્વમાં ભારત સરકારનું ક્રાંતિકારી કદમ

# દેશમા સૌ પ્રથમ સહકારી વિશ્વવિદ્યાલય ગુજરાતમાં

## સમગ્ર વિશ્વને અચંબીત કરનાર અમુલ પ્રણેતાના નામ સાથે ત્રિભુવન સહકારી વિશ્વ વિદ્યાલય દેશ-વિદેશમાં ગુજરાતનું ગૌરવ વધશે : સરકારના નિર્ણયને વધાવતા સહકારી અગ્રણી દિલીપ સંઘાણી





રાજકોટ મિરર, તા.૨૬

આઝાદીના ૭૫ વર્ષ પુર્ણ થવા જાય ત્યા સુધી જે રીતે સહકારીતાને મહત્વ મળવુ જોઈએ તે મળ્યુ ન હતુ. તેવા સમયે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ''સહકારથી સમૃધ્ધિ'' ને ચરિતાર્થ કરવા અલગ સહકારીતા વિભાગની રચના સાથે અમીતભાઈ શાહ જેવા સફળ અને સબળ નેતૃત્વમાં સહકારથી આર્થીક વિકાસ સમૃધ્ધિમા પહેલ કરી છે.

સમગ્ર દેશમા સર્વપ્રથમ સહકારી વિશ્વવિદ્યાલય ગુજરાતમા સ્થાપવાના કાંતિકારી નિર્ણયથી રોમેરોમ આનંદ વ્યાપી ગયો હોવાનું ભારત સરકારના નિર્ણયને આવકારતા રાષ્ટ્રિય સહકારી અગ્રણી ઈફકો-એનસીયુઆઈના પ્રમુખ દિલીપ સંઘાણીએ જણાવ્યુ છે. તેઓએ વધુમાં કહ્યું હતુ કે, હર દેશના હર પરિવારને સહકારીતાએ જોડવાનું કામ કર્યું છે.

સહકારના માધ્યમથી ગ્રામિણ અર્થ વ્યવસ્થા, સ્વરોજગાર, નાના જમીન ધારકોનો વિકાસ, પશુપાલન, મત્સ્યઉધોગ સહિત તમામ ક્ષેત્રમાં સહકારીતા કામ કરી રહ્યા છે તેવા સમયે દેશની સર્વ પ્રથમ ત્રિભુવન સહકારી વિશ્વ વિદ્યાલયની સ્થાપના ગુજરાતની ભૂમિ ઉપર થવા જઈ રહી છે. આવા ક્રાંતિકારી નિર્ણય ગુજરાતની સહકારી પુંજી છે તેમ જણાવી ભારત સરકાર દ્વારા લેવામાં આવેલ નિર્ણયને આવકારી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી અને સહકાર મંત્રી અમીતભાઈ શાહને દિલીપભાઈ સંઘાણીએ અભિનદન પાઠવ્યા હતા.

### સગીરાની પજવણી કર્યાની શંકા અને પિત્રાઇએ કરેલા ડખ્ખામાં મનદુઃખ રાખી  ઘટનાને અંજામ અપાયો

# બે યુવાનોના અપહરણ કરી એવા ફટકાર્યા કે પગ ભાંગી ગયા

## બે અલગ અલગ ઘટનાઃ બંને યુવાનને ગંભીર ઇજાઓ સાથે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા

રાજકોટઃ માથાકુટની ઘટનાઓ રોજીંદી બની ચુકી છે. અવાર-નવાર કોઇને કોઇ કારણોસર લોકો એક બીજા પર ધોકા-પાઇપ-ધારીયા કે પછી પાણકા કે જે હાથમાં આવે તેનાથી તુટી પડતાં હોય છે. વાત નાની મોટી છોલછાલથી પતી જાય ત્યાં સુધી ઠીક હોય છે. પણ ઘણીવાર હુમલાખોરોના ઘા એવા હોય છે કે માર ખાનારના હાડકા ખોખરા થઇ જતાં હોય છે અને પાંચ છ મહિનાના ખાટલા આવી જતાં હોય છે. કંઇક આવી જે બે અલગ અલગ ઘટનામાં બે યુવાનના અપહરણ કરીને તેને એવા ફટકારાયા હતાં કે બંનેના પગ ભાંગી ગયા હતાં. અલગ અલગ ગામના આ બંને યુવાનને ગંભીર ઇજાઓ સાથે સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતાં.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો અહિ એક સગીરાની પજવણી, છેડતી કર્યાની શંકા રાખી યુવાનને ટીંગાટોળી કરી ઉઠાવીને લઇ જઇ ધોકાવાળી કરવામાં આવી હતી. આ ઘટના જુનાગઢમાં બની છે.

જુનાગઢ પોલીસ હેડકવાર્ટર પાછળ



લીલબાઇ પરા રામ ચોકમાં રહેતો રાજીવ હરસુખભાઇ સોલંકી નામનો વીસ વર્ષનો યુવાન રાતે ઘર પાસે શેરીમાં રેંકડીમાં સુતો હતો ત્યારે અચાનક જ પડોશમાં રહેતાં શખ્સો આવ્યા હતાં અને ધોકાવાળી કરી હતી. બાદમાં તેને ટીંગાટોળી કરી નજીકની શેરીમાં લઇ ગયા અને ફરીથી ધોકાથી ફટકાર્યો હતો. સવાર સુધી આ રીતે તેને મારકુટ કરવામાં આવી હતી. બાદમાં તેના મોટાબાપુ આવી જતાં તેને બચાવી જુનાગઢ હોસ્પિટલમાં ખસેડ્યો હતો. ત્યાંથી વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવતાં તેણે ઘટનાની હકિકત વર્ણવી હતી. જેના બંને પગ ભાંગી નાખવામાં આવ્યા છે તે યુવાન રાજીવે જણાવ્યું હતું કે પોતે પ્લાસ્ટીક ભંગારનો ધંધો કરે છે. પોતે રાતે સુતો હતો ત્યારે પડોશમાં રહેતાં શખ્સોએ હુમલો કર્યો હતો અને ટીંગાટોળી કરી ઉઠાવી જઇ હાથ રાંઢવાથી બાંધી દઇ બેફામ ધોકા ફટકાર્યા હતાં.

આ હુમલો શા માટે થયો? તેનું કારણ જણાવતાં રાજીવે વધુમાં કહ્યું હતું કે પડોશીની છોકરીની પોતે છેડતી કરી છે તેવો આરોપી મુકી માર મારવામાં આવ્યો હતો. તેમજ પોતાની પાસેથી રોકડા અને મોબાઇલ પણ પડાવી લેવાયા હોવાનો આક્ષેપ તેણે કર્યો હતો. હોસ્પિટલ ચોકીના રામશીભાઇ, ચંદ્રસિંહ, ભાવેશભાઇ, તૌફિકભાઇ, ધર્મેન્દ્રભાઇએ જુનાગઢ સી-ડિવીઝન પોલીસને જાણ કરતાં તપાસ શરૂ કરી હતી.

આવી જ હુમલાની બીજી ઘટના મોરબીમાં બની હતી. તેમાં પણ યુવાનને ઉઠાવી જઇ પગ ભાંગી નખાયા હતાં. વિગતો પર નજર કરીએ તો મોરબીમાં રહેતાં યુવાનને સાંજે ઘર પાસે હતો ત્યારે બાજુના વિસ્તારમાં રહેતાં શખ્સોએ આવી મારકુટ કરી બાઇકમાં બેસાડી અપહરણ કરી પંચાસર રોડ પર લઇ જઇ ધોકાથી બેફામ ફટકારી પગ ભાંગી નાખ્યા હતાં. મોરબી જનક સોસાયટીમાં રહેતો બાવીસ વર્ષનો ઇરફાન મહમદભાઇ પરમાર  ઘર પાસે હતો ત્યારે નજીકના વિસ્તારમાં રહેતો અકરમ, જુનેદ, લાલીયો, વિશાલ સહિતના આવ્યા હતાં અને માર મારી બાઇકમાં અપહરણ કરી પંચાસર રોડ પર લઇ જઇ ધોકાવાળી કરતાં દેકારો મચી ગયો હતો. લોકો ભેગા થઇ જતાં બધા ભાગી ગયા હતાં. ઇરફાનને મોરબી સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

અહિ હુમલાની ઘટનાને પગલે ડોક્ટરે પોલીસ કેસ જાહેર કરી સિવિલ હોસ્પિટલ ચોકીમાં જાણ કરતાં ઇન્ચાર્જ રામશીભાઇ, ચંદ્રસિંહ સહિતએ મોરબી એ-ડિવીઝનને જાણ કરી હતી. ઇરફાન તેના કાકાની બુટ ચપ્પલની દૂકાનમાં બેસી વેપાર કરે છે. તેના કાકાના દિકરા શાહરૂખને અગાઉ સામેના લોકો સાથે માથાકુટ થઇ હોઇ તેનો ખાર રાખી તેના પર હુમલો કરી અપહરણ કરી ઉઠાવી પગ ભાંગી નંખાયાનું જણાવતાં મોરબી પોલીસે ગુનો દાખલ કરી આરોપીઓને ઝડપી લેવા તજવીજ હાથ ધરી હતી. આમ એક સરખી બે ઘટનામાં અલગ અલગ કારણોસર બે યુવાનને ઉઠાવીને એવા ફટકારાયા હતાં કે બંનેના પગ ભાંગી ગયા હતાં. આ બંને હાલ રાજકોટ સારવાર હેઠળ છે. જે તે પોલીસ સ્ટેશન દ્વારા આરોપીઓને પકડી લેવા કાર્યવાહી કરવામાં આવી છે.

આઠ મહિના અગાઉ ધાર્મિક પ્રસંગમાં થયેલી ચડભડનો ખાર હવે ઉતારાયોઃ મોડી રાતે નાકરાવાડીમાં હલ્લાથી ગામમાં ચકચાર

# ટોળકીનોઆતંકઃ યુવાન લોહીલુહાણ, તેના પિતા-પડોશીને ફ્રેકચર

## શુકલપીળીયાનો સંજયો બીજા શખ્સો સાથે ધારીયા, પાઇપ, ધોકા, સોડા બોટલો સાથે ધસી આવ્યોઃ તોડફોડ કરી રાહુલ ઉર્ફ કડવો, તેના પિતા ભાવસીંગભાઇને ફટકાર્યાઃ પડોશી પ્રકાશભાઇને ભાવસીંગભાઇના ભાઇ સમજીને સબોડી નાંખ્યાઃ કુવાડવા પોલીસે દાખલ કરી બે FIR

રાજકોટઃ જુના મનદુઃખને કારણે ઘણીવાર લોકો એવા બાખડી પડતાં હોય છે કે ગામઆખામાં ચકચાર મચી જતી હોય છે. આવી જ એક બટાઝટીની ઘટના રાજકોટના કુવાડવા રોડ પર આવેલા નાકરાવાડી ગામમાં બની હતી. બાજુના શુકલપીપળીયાનો સંજય નામનો શખ્સ મોડી રાતે ટોળકી રચી નાકરાવાડીમાં રાહુલ ઉર્ફ કડવાના ઘરે ધસી ગયો હતો. આ ટોળકીએ તોડફોડ કરી આતંક મચાવવાની સાથે રાહુલને લોહીલુહાણ કરી નાંખ્યો હતો. વચ્ચે પડેલા તેના પિતા ભાવસીંગભાઇના પગ ભાંગી નખાયા હતાં. તો પડોશમાં રહેતાં નિર્દોષ યુવાનને તે ભાવસીંગભાઇનો ભાઇ હોવાનું સમજીને તેના પણ પગ ભાંગી નાંખ્યા હતાં. આ ઘટનાએ સમગ્ર ગામમાં ચકચાર જગાવી છે. કુવાડવા પોલીસે બે એફઆઇઆર દાખલ કરી હુમલાખોરોની શોધખોળ શરૂ કરી હતી.



વિગતો પર નજર કરીએ તો કુવાડવા રોડ પર નવાગામ નજીક આવેલા નાકારવાડીમાં જુના મનદુઃખને કારણે મોડી રાતે ગામના જ એક શખ્સે ટોળકી રચી એક પરિવારના ઘરમાં ઘુસી આતંક મચાવ્યો હતો અને ઘરમાં, વાહનમાં તોડફોડ કરી હતી. અહિ યુવાનના માથામાં સોડા બાટલી ફટકારી તેના પિતાને ધોકા ફટકારી પગ ભાંગી નાંખ્યા હતાં. આડેધડ બોટલોના ઘા થતાં હોઇ પડોશમાં રહેતાં યુવાન આ રીતે માથાકુટ નહિ કરવા અને બીજાને લાગી જશે તેમ સમજાવતાં તેને પણ ધોકાવાળી કરી તેના પણ બંને પગ ભાંગી નખાયા હતાં. વધુ માહિતી અનુસાર નાકરાવાડી ગામમાં રહેતો અને ઇમિટેશનની મજૂરી કરતો પચ્ચીસ વર્ષનો યુવાન રાહુલ ઉર્ફ કડવો ભાવસીંગભાઇ દંતેસરીયા રાતે સાડા બારેક વાગ્યે પત્નિ કાજલ સાથે રૂમમાં સુતો હતો અને બીજા રૂમમાં તેના માતા સવિતાબેન અને પિતા ભાવસીંગભાઇ શામજીભાઇ દંતેસરીયા સુતા હતાં.

આ દરમિયાન અચાનક નજીકના શુકલપીપળીયા ગામનો સંજય ચતુરભાઇ સોલંકી, બેચર કોળી અને ચાર અજાણ્યા ટોળકી રચીને આવ્યા હતાં અને ઘરના દરવાજા પાસે જોર જોરથી દેકારો કરતાં રાહુલે જાગીને દરવાજો ખોલતાં જ સંજય ધારીયા સાથે, બેચર પાઇપ સાથે અને અજાણ્યા શખ્સો ધોકા-સોડા બોટલો સાથે જોવા મળ્યા હતાં. રાહુલ કંઇ સમજે એ પહેલા જ તેના પર કાચની બોટલ ફટકારી દેતાં માથામાં ઇજા થઇ હતી. તે ડરી જતાં દરવાજો બંધ કરી દીધો હતો અને દેકારો મચાવતાં બીજા રૂમમાં સુતેલા તેના મોટા બાપુનો દિકરો નવઘણ, કિશોરભાઇ સહિતના આવી ગયા હતાં. એ દરમિયાન તેના પિતા ભાવસીંગભાઇ પણ જાગી ગયા હતાં. જેથી આ બધાએ તેમના પર હુમલો કર્યો હતો.

ત્યાર પછી સંજય સહિતનાએ ઘરમાં ઘુસી જઇ તોડફોડ કરી હતી. તેમજ તેના પિતાને ધોકાવાળી કરતાં બંને પગમાં ફ્રેકચર થઇ ગયું હતું. રાહુલ ઉર્ફ કડવાએ કહ્યું હતું કે આઠેક મહિના પહેલા ભાદરવી અગીયારસના દિવસે શુકલ પીપળીયા ગામમાં સંજય સોલંકીને મારા પિતા સાથે ઝઘડો થયો હતો. એ પછી બંને વચ્ચે મનદુઃખ ચાલતું હતું. તેનો ખાર રાખી સંજયએ ટોળકી રચી ધારીયા, પાઇપ, સોડા બોટલો, ધોકા સાથે અમારા ઘરમાં ઘુસી હુમલો કર્યો હતો. બીજી તરફ ભાવસીંગભાઇના પડોશી પ્રકાશભાઇ રાજુભાઇ વઢલખીયા નામના ઓગણચાલીસ વર્ષના યુવાન પ્રકાશભાઇ રાજુભાઇ વઢલખીયા પણ પોતાના પર અજાણ્યા ત્રણ શખ્સોએ ધોકા-પાઇપથી હુમલો કર્યાની ફરિયાદ સાથે સિવિલ હોસ્પિટલમાં દાખલ થયા હતાં. તેને પણ બંને હાથ અને જમણા પગમાં ફ્રેકચર થયાનું નિદાન તબિબોએ કર્યુ હતું.

તેની પોલીસે અલગથી ફરિયાદ દાખલ કરી અજાણ્યા ત્રણ શખ્સો સામે ગુનો નોંધ્યો હતો. પ્રકાશભાઇ કડીયા કામની મજૂરી કરે છે. તેણે કહ્યું હતું કે રાતે અમારા ઘર પાસે ધીરૂ શામજી દંતેસરીયા, અજય ઝીંઝુવાડીયા ભાગતા ભાગતાં મારી ઓરડી પાછળ સંતાઇ ગયા હોઇ ત્રણ જણા પાછળ આવ્યા હતાં. દેકારો થતાં હું જાગીને બહાર આવતાં આ શખ્સોએ 'તું ભાવસીંગભાઇનો ભાઇ છો ને?' તેમ કી ગાળો દીધી હતી. મેં તેને હું ભાવસીંગભાઇનો ભાઇ નથી તેમ કહેવા છતાં મારા પર લાકડઓથી હુમલો કરી આડેધડ ઘા ફટકાર્યા હતાં. દેકારો સાંભળી મારા પત્નિ જાગીને બહાર આવતાં આ ત્રણેય ભાગી ગયા હતાં. સિવિલ હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, ચંદ્રસિંહ, ભાવેશભાઇ, તૌફિકભાઇ, ધર્મેન્દ્રભાઇએ જાણ કરતાં કુવાડવાના આસી સબ ઇન્સ. કે. એચ. ચાવડાએ હોસ્પિટલે પહોંચી રાહુલ ઉર્ફ કડવો અને પ્રકાશભાઇ વઢલખીયાની ફરિયાદ પરથી બે ગુના દાખલ કર્યા હતાં.

આ ડખ્ખામાં ભાવસીંગભાઇ અને પુત્ર રાહુલને તો જુના મનદુઃખને કારણે ધોકાવાયા હતાં. પરંતુ પડોશી પ્રકાશભાઇ નવાણીયા કુટાઇ ગયા હતાં. તે ભાવસીંગભાઇના ભાઇ હોવાનું સમજીને હુમલાખોરોએ તેમના હાથ-પગમાં પણ ફ્રેકચર કરી નાંખ્યા હતાં. પોલીસ ઇન્સપેક્ટર બી. પી. રજયા અને ટીમોએ આરોપીઓની શોધખોળ હાથ ધરી છે.

---

ગાંધીગ્રામ ધરમનગર આવાસ ક્વાર્ટરના મુરલીધર ચોકમાં મોડી રાતે મચી ગયો હંગામો

# પેડલર પુત્રએ મિત્રો સાથે મળી બે યુવાનને લીધા કારની ઠોકરે

## મીરાનગરના અજયસિંહે પેડલર સુધાના દિકરા હિતેષને જેલમાંથી છોડાવવા ખર્ચેલા નાણા પાછા માંગતા હિતેષે મિત્રો સાથે મળી અજયસિંહ અને તેની સાથેના ભુરાને બલેનો ગાડીથી ઉલાળી માથે જતાં ઘુસ્તાવી નાંખ્યા

રાજકોટઃ ગાંધીગ્રામ, રૈયાધાર વિસ્તારમાં મહિલા પેડલર અને તેના પુત્રના અવાર-નવાર ડખ્ખા કે બીજા કરતુતો સામે આવતાં રહે છે. વધુ એક વખત મહિલા પેડલરના પુત્રએ કાયદાનો ભંગ કર્યો હતો. ગાંધીગ્રામ ધરમનગર આવાસ યોજના ક્વાર્ટરના મુરલીચર ચોકમાં રાતે મીરાનગરના યુવાન અને તેના મિત્રને મહિલા પેડલરના પુત્ર સહિતનાએ કારની ઠોકરે ચડાવ્યા બાદ નીચે ઉતરી ઢીકાપાટુનો માર મારતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પૈસાની લેતીદેતીનો આ ડખ્ખો પોલીસ સુધી પહોંચ્યો હતો.

વિગતો પર નજર કરીએ તો અગાઉ હુમલાખોર એનડીપીએસના ગુનામાં જેલમાં હોઇ તેને છોડાવવા માટે મીરાનગરના યુવાને ખર્ચ કર્યો હોઇ તે રકમની ઉઘરાણી મામલે ચાલતાં મનદુઃખમાં આ હુમલો કરાયો હતો. રૈયા રોડ બાપા



સિતારામ ચોક મીરામનગર-૨માં રહેતાં અને ડ્રાઇવીંગ કરી ગુજરાન ચલાવતાં અજયસિંહ દોલુભા ચુડાસમા નામના તેત્રીસ વર્ષના યુવાનને રાતે સાડા ત્રણેક વાગ્યે ધરમનગર આવાસ યોજના ક્વાર્ટરના મુરલીધર ચોકમાં હતાં ત્યારે હિતેષ ધામેલીયા, મુરલી, રાજુ, પદીયો ઉર્ફ પ્રદિપ સહિતે બલેનો ગાડીની ઠોકરે લઇ બાદમાં કારમાંથી નીચે ઉતરી માર મારતાં ઇજાઓ થઇ હતી.

બનાવને પગલે દેકારો મચી જતાં હુમલાખોરો ભાગી ગયા હતાં. એ પછી અજયસિંહ અને ભુરાને સારવાર માટે ખસેડાતાં સિવિલ હોસ્પિટલમાં દાખલ થતાં હોસ્પિટલ ચોકીના આસી સબ ઇન્સ. રામશીભાઇ, ચંદ્રસિંહ, ભાવેશભાઇ, તૌફિકભાઇ, ધર્મેન્દ્રભાઇ સહિતે યુનિવર્સિટી પોલીસને જાણ કરતાં એએસઆઇ હિતેષભાઇ જોગડાએ અજયસિંહની ફરિયાદ પરથી એફઆઇઆર દાખલ કરી હતી. અજયસિંહે જણાવ્યું હતું કે હું અને મારો મિત્રો ભુરો કોળી સહિતના રાતે મુરલીધર ચોકમાં ઉભા રહી વાતો કરતાં હતાં ત્યારે પેડલર સુધા ધામેલીયાનો પુત્ર હિતેષ તથા તેના મિત્રો બલેનો કાર લઇને આવ્યા હતાં અને ટક્કર મારતાં હું અને ભુરો પડી ગયા હતાં. એ પછી આ બધાએ નીચે ઉતરી ઢીકાપાટુનો આડેધડ માર માર્યો હતો. દેકારો થતાં લોકો ભેગા થઇ જતાં આ બધા ભાગી ગયા હતાં.

અજયસિંહે આગળ કહ્યું હતું કે અગાઉ હિતેષ માદક પદાર્થના ગુનામાં જેલમાં હતો ત્યારે ત્યારે તેને છોડાવવા માટે મેં દોઢેક લાખનો ખર્ચ વકિલ ફી સહિતનો કર્યો હતો. આ રકમ મારે તેની પાસેથી લેવાની હોઇ મેં ફોન કરી ઉઘરાણી કરી હતી. આ વાતનો ખાર રાખી રાતે અમે ચોકમાં હોવાની હિતેષને ખબર પડતાં તેણે મિત્રો સાથે આવી હુમલો કર્યો હતો. પોલીસે વિશેષ તપાસ હાથ ધરી છે. તાજેતરમાં હિતેષ ધામેલીયા પર હુમલો થયાની એફઆઇઆર દાખલ થઇ હતી. મોટે ભાગે આરોપી બનતા હિતેષને જે તે વખતે ફરિયાદી બનવુ પડ્યું હતું. ત્યાં હવે વધુ એક વખત તેનું આરોપીમાં નામ સામે આવતાં યુનિવર્સિટી પોલીસે તેને શોધી કાઢવા તપાસ શરૂ કરી હતી.

---

# માજીદ ઉર્ફે માજલો ભાણુંના ગુજસીટોકના જામીન રદ કરતી કોર્ટ

## મજીદ જામીન પર છૂટે તો ફરી ગુન્હા આચરશે તેવી કોર્ટમાં કરાયેલી રજુઆતો ધ્યાને લેવાઈ

રાજકોટ મિરર તા. ૨૬

શહેરમાં પોલીસ પર હુમલો કરનાર ગુનાહિત ઇતિહાસ ધરાવનાર શખ્શ માજીદ ઉર્ફે માજલો ભાણુંના ગુજસીટોકના જામીન કોર્ટે રદ કર્યા છે. રાજકોટ શહેરના પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગડીયા, નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૨ જગદીશ બાંગરવા, મદદનીશ પોલીસ કમિશ્નર પશ્ચિમ વિભાગના રાધિકા ભારાઇએ પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશન વિસ્તારમા કાયદો વ્યવસ્થા જળવાય રહે અને લોકોની સલામતી જળવાય તે હેતુથી અસામાજીક પ્રવૃતિ કરતા જાહેર શાંતિ ન ડોહળવાનો પ્રયાસ કરતા ગુનેગારો વિરૂધ્ધ અટકાયતી પગલા લેવા આદેશો આપ્યા હતા.

ઉપરાંત કોર્ટ દ્વારા શરતોને આધીન જામીન પર છુટેલા તેમજ ગંભીર પ્રકારના ગુનામા જામીન પર છુટ્યા પછી પણ ગુનાહીત પ્રવૃતિ કરત જામનગર રોડ હુડકો ક્વાર્ટર રામાપીર મંદીર વાળી શેરી વોકળાના કાંઠે રહેતો માજીદ ઉર્ફે માજલો રફીકભાઇ ભાણૂના કોર્ટમાં રીપોર્ટ કરી



જામીન રદ સુચના અપાઈ હતી.

તેના આધારે પી.આઈ. વી.આર. વસાવાએ માજીદ ઉર્ફે માજલો રફીકભાઇ ભાણુના જામીન રદ કરવા માટે મદદનીશ પોલીસ કમિશ્નર પશ્ચિમને રીપોર્ટ કર્યો હતો. મદદનીશ પોલીસ કમિશ્નર પશ્ચિમ વિભાગના રાધિકા ભારાઇએ કોર્ટમા માજીદના જામીન રદ કરવા રીપોર્ટ કરી ગુજસીટોકના સ્પેશ્યલ સરકારી વકીલ તુષાર ગોકાણી સાથે શખ્શના ગુનાહીત ઇતિહાસ તેમજ ગુજસીટોકના ગુનામા જામીન મુકત થઈ ફરીથી જાહેર સુલેહ શાંતિનો ભંગ કરતો હોય અને સમાજમાં ભય ફેલાવતો હોય જેની સામાજીક જીવન પર વિપરીત અસર પડતી હોવાની રજૂઆત કરી હતી. એટલુજ નહિ કોર્ટની શરતોનો પણ ભંગ કરાયો હોવા બાબતે વાકેફ કરતા ગુજસીટોકના સ્પેશ્યલ સરકારી વકીલ તુષાર ગોકાણીએ કોર્ટને રજુઆત કરતા ગુજસીટોકના ગુનામા જામીન પર રહેલ આરોપી માજીદ ઉર્ફે માજલો ભાણૂના કોર્ટે જામીન રદ કર્યા છે. આ શખ્શના અગાઉ રાજકોટ શહેરના જુદા જુદા પોલીસ મથકમાં ૧૧ ગુન્હાઓ અને વડોદરા શહેર પોલીસ મથકમાં એક એમ ૧૨ ગુન્હા નોંધાયા હોવાનું પોલીસે જણાવ્યું હતું.

---

### અવસાન નોંધ

**ગોંડલ :** અશ્વિનભાઈ કનુભાઈ ખંઢેરીયા (ઉ.વ. ૫૬) તે પ્રફુલભાઈ હરીભાઇ ખંઢેરીયાના નાનાભાઈ ભાવેશભાઈ ખંઢેરીયા, અંજનાબેન મકવાણાના મોટાભાઈ, અંકિત, જતનના પિતાનું તા. ૨૫ના રોજ અવસાન થયું છે. બેસણું તા.૨૭ ને ગુરૂવારે, સાંજે ૪ થી ૬, શ્યામ વાડી, પેલેસ રોડ ગોંડલ ખાતે રાખેલ છે.

**ગોંડલ :** મુળ ગોંડલ હાલ ભરૂચ સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ હંસાબેન પ્રાણભાઈ મહેતા (ઉ. વર્ષ ૭૭) તે ગૌરાંગ પ્રાણભાઈ મહેતા (ભરૂચ), નયના બેન હર્ષદભાઈ પાઠક (પોરબંદર), છાયાબેન કિરીટ ભાઈ પાઠક (અમદાવાદ), શ્રદ્ધાબેન રમેશભાઈ પાઠક (ગોંડલ), સોનલબેન વિપુલભાઈ ખંભોળિયાનાં માતુશ્રી, તથા હિનાબેન ગૌરાંગભાઈ મહેતાના સાસુનું નું તા. ૨૪નાં રોજ અવસાન થયેલ છે.બેસણુ તા.૨૭ને ગુરુવારે, સાંજે ૪થિ૬,તેમના નિવાસસ્થાન, ગૌરાંગ મહેતા, એબી-૩૩ આતીર્થ બંગલો, નિપન નગરનીં બાજુમાં, એચડીએફસી બેંક પાછળ, લિંકરોડ - ભરૂચ ખાતે રાખેલ છે.

---

# નગીનબાપા વ્યોમવિહારી હતા : મોરારિબાપુ





વરિષ્ઠ પત્રકાર કૃષ્ણકાંત ઉનડકટને નચિકેત એવોર્ડ અર્પણ થયો

રાજકોટ મિરર, તા.૨૬

નગીનબાપા વિદ્યાવિહારી હતા, વ્યોમવિહારી હતા. એમની સ્મૃતિમાં નચિકેત એવોર્ડ અપાય છે, આ પ્રસંગ મારા દિલની નજીક છે. મારા 'ઘર'માંથી અપાતો હોય એવી મને લાગણી થાય છે. નચિકેત ૨૦૨૫ એવોર્ડ વરિષ્ઠ પત્રકાર કૃષ્ણકાંત ઉનડકટને અપાયો એ પ્રસંગે મોરારીબાપુનાં આ ઉદ્ગાર બધાને સ્પર્શી ગયા હતા.

કે.જી. ધોળકિયા સ્કૂલનાં ઓડીટોરીયમ ખાતે યોજાયેલા આ સમારંભમાં સંદેશની સુરત આવૃત્તિનાં નિવાસી તંત્રી, લેખક, વક્તા કૃષ્ણકાંત ઉનડકટને મોરારીબાપુનાં હસ્તે નચિકેત એવોર્ડ એનાયત થયો હતો. રૂ. સવા લાખની રાશિ, ટ્રોફી અને રામનામી અર્પણ થયા હતા. આ પ્રસંગે કૃષ્ણકાન્તનાં ત્રણ પુસ્તકો જિંદગી તું મને ગમે છે , નો રીગ્રેટસ અને સ્વનું સાંનિધ્યનું વિમોચન પણ થયું હતું. મંચ પર નગીનદાસ સંઘવી સ્મૃતિ સમિતિના સભ્ય અને મુંબઈ સમાચારનાં મેગેઝીન એડિટર ભરત ઘેલાણી, જાણીતા પત્રકાર લેખક વર્ષાબેન પાઠક , નગીનદાસજીની પુત્રીઓ હર્ષાબેન અને ઉષાબેન ઉપસ્થિત હતા.

મોરારીબાપુએ પોતાની પ્રસન્નતા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, નગીનબાપા આ એવોર્ડનું નામ નચિકેત આપેલું, નચિકેત પ્રશ્નો પૂછતા અને એ વ્યોમવિહારી હતા એમ જ નગીનબાપા વિદ્યાવિહારી અને વ્યોમવિહારી હતા. એ જે લખતા સાધાર લખતા એમનામાં મેં સબળતા, સરળતા અને સજળતા જોયા છે, આ મારી અનુભૂતિ છે. એ શતાયું નહિ જટાયુ હતા. એમની સાદગી મને બહુ સ્પર્શી છે. એમના ઝભ્ભાના ખિસ્સામાં મેં ક્યારેય કોઈ પૈસા હોય એવું જોયું નથી. એમની સાથે મેં બહુ સત્સંગ કર્યો છે. ક્યારેક મહાવીર તો ક્યારેક બુદ્ધ તો ક્યારેક ઇસુ વિષે એમની પાસે સાંભળતો રહેતો. આજે તો કોની સાથે બેસવું ને વાત કરવી એ સમસ્યા છે. બાપા મારી માટે વાત વિસામો હતો. સ્મૃતિકારે તો કહ્યું છે કે, યુદ્ધ હોય ત્યાં લોકો એકઠાં થાય છે. લગ્ન હોય કે મરણ લોકો એકઠાં થાય છે. મારા અને બાપા વચ્ચે સબંધો પર લોકો સવાલ ઉઠાવતા રહેતા પણ સત્ય સ્પષ્ટ હોય છે અને સત્યસ અસ્પષ્ટ. સત્યનો ખોટો વિરોધ થાય ત્યારે પણ લોકો ભેગા થતા હોય છે.

બાપુએ ઉમેર્યું હતું કે, આજે તો એવોર્ડ પણ વેચાય છે. પણ મને આનંદ છે કે, આજે કૃષ્ણકાંત જેવા કસાયેલા પત્રકાર લેખકને આ એવોર્ડ આપાય છે. આજે આપણે એમનો વંદના કરી રહ્યા છીએ. મને આ એવોર્ડ મારા ઘરમાંથી અપાતો હોય એવું લાગે છે.

એવોર્ડનો પ્રતિભાવ આપતા કૃષ્ણકાંત ઉનડકટે ભીના અવાજે જણાવ્યું હતું કે, બાપુનો હાથ હોય અને બાપાનું નામ જેની સાથે જોડાયેલું હોય એ એવોર્ડ મને મળે તો મારો આનંદ આજે બેવડાઈ જાય છે. મારી પત્રકારત્વની સફર નરસિંહ જુનાગઢથી નર્મદ સુરતસુધીની રહી છે. મારા જીવનમાં ઘણા ઉતાર ચઢાવ આવ્યા છે. પણ શબ્દોએ મને ટકાવ્યો છે. અને હા, એક વાત જરૂર કહીશ કે, લખવાથી લેખક નથી થવાતું પણ વાંચવાથી લેખક થવાય છે. દરેક પાસે પોતાની અનુભુતી છે પણ નસીબદાર છીએ કે અમારા પાસે શબ્દો અને એની અભિવ્યક્તિ છે. રાજકોટમાં અમને આ એવોર્ડ અપાય છે, આ શહેરે મને ઘણું બધું આપ્યું છે. જીવનસાથી જ્યોતિથી માંડી ઘણા મિત્રો આપ્યા છે. હસમુખ ગાંધીથી માંડી હરકિસન મહેતા સાથે કામ કરવાનો મોકો મને મળ્યો છે. અહી ઉપસ્થિત ભરતભાઈ ઘેલાણી અને વર્ષાબેન પાસેથી હું ઘણું શીખ્યો છું. અમને લખવા થયો છે. જ્યાં સુધી જીવવાનું છે ત્યાં સુધી લખવાનું છે અને જ્યાં સુધી લખવાનું છે ત્યાં સુધી જીવવાનું છે.

આ પ્રસંગે જાણીતા પત્રકાર લેખક વર્ષાબેન પાઠકે નગીનદાસ સંઘવી વિષે હળવી વાતો કરી હતી. એમને કહ્યું કે, અમે અવારનવાર નગીનભાઈને મળતા અને દરેક વખતે કૈક ભાથું મેળવીને ઉભા થતા. સૌથી વધુ એમની સરળતા બધાને સ્પર્શતી કારણ કે એ મોટા સાથે કે પછી બાળક સાથે પણ સહજ રહી શકતા હતા. એમના માટે લખવું એ એક વ્યસન હતું અને એમણે કદી કોઈને વ્યસન બાબતે સલાહો આપી નહોતી. એ હસતા તો બહુ ખુલ્લા મને હસતા હતા. એમની સાથે હોઇએ તો એમના જ્ઞાનનો કદીય ભાર લાગતો નહોતો. મહુવા ગુરુકુળનો પ્રસંગ યાદ કરતા એમણે કહ્યું હતું કે, હું ત્યાં નગીનભાઈને મળવા ગયેલી, ચર્ચા પછી બ્રેક લઇ હું જરા બહાર નીકળી તો એમણે કહ્યું કે, વર્ષા તારે સિગાર પીવી હોય તો પીજે. પણ મેં પીધી નહોતી, મારી પાસે હતી પણ નહિ અને એ રીતે મહુવા ગુરુકુલના પર્યાવરણ અને પવિત્રતાને મેં જાળવી રાખ્યા હતા.

પાછળથી મોરારીબાપુએ એમના પ્રવચનમાં કહ્યું હતું કે, વર્ષાદીદી તમે મને કહ્યું હોત તો હું સિગારેટ મગાવી દેત, હું ઘણીવાર કહુ છું હું કોઈને સુધારવા નહિ સ્વીકારવા આવ્યો છું.

કૃષ્ણકાંતનો પરિચય આપતા કૌશિક મહેતાએ જણાવ્યું હતું કે, આ માણસે વ્યક્તિત્વને વ્યાવસાયિક જિંદગીમાં બહુ સંઘર્ષ કર્યો છે. અનેક પડકારો અને પ્રલોભનો આવ્યા છે પણ એ જરાય ડગ્યો નથી. એની પત્રકારત્વની કારીકીર્દી સીધી લીટીમાં આગળ વધી છે. એમના પિતાએ શરૂ કરેલા 'શરૂઆત' દૈનિકથી શરૂઆત કરી રાજકોટ ચિત્રલેખા અને પછી દિલ્હી અને ફરી ગુજરાત. મોટાભાગના ગુજરાતી અખબારો અને સામયિકોમાં એણે કામ કર્યું છે. નાની ઉમરમાં તંત્રી બન્યા બાદ એની લેખક તરીકેની કારકિર્દી બહુ નોંધપાત્ર રહી છે. પત્રકાર તરીકે અનેક એક્સક્લુઝીવ સ્ટોરી આપી અને ચિંતનની પળેનાં લેખક તરીકે એ ખ્યાતી મળી. આ કોલમના કારણે કેટલાકના જીવનમાં પરિવર્તન આવ્યા છે. દૂરબીન અને એક્સ્ટ્રા કોમેન્ટ નામની રોજીંદી કોલમ તો સ્પર્ધાત્મક પરીક્ષાના વિદ્યાર્થીઓ માટે માહિતીનો સ્ત્રોત બની ગઈ છે. એમના ૨૮ પુસ્તકો થયા અને આજે એમાં વધુ ત્રણનો ઉમેરો થાય છે. એમના પુસ્તકો બહુ લોકપ્રિય છે, બેસ્ટ સેલર છે.

નચિકેત એવોર્ડ વિષે માહિતી મુંબઈ સમાચારનાં મેગેઝીન એડિટર ભરત ઘેલાણીએ આપી હતી. આ એવોર્ડનું નામ પણ નગીનદાસ સંઘવીએ આપ્યું હતું અને એ પાછળની પૂર્વભૂમિકા રજુ કરી હતી. સંચાલન વિશિષ્ટ શૈલીમાં યોગેશ ચોલેરાએ કર્યુ હતું અને બાપુને એમણે યુનિવર્સિટી ઓફ તલગાજરડાનાં કુલપતિ ગણાવ્યા હતા. ધોળકિયા સ્કૂલનાં મિતુલ ધોળકિયા અને સ્ટાફે વ્યવસ્થા સંભાળી હતી. જાણીતા લેખકો, સર્જકો અને અગ્રણી નાગરીકો કાર્યક્રમમાં ઉપસ્થિત હતા.

જે આરોગ્ય વિભાગને ન દેખાયું તે રાજકોટ શહેર SOGની ટીમની નજરે ચડ્યું: કુવાડવામાંથી નકલી ડોક્ટરને પકડી લેવાયો

# છ-છ મહિનાથી ડુપ્લો ડોક્ટર કરતો'તો લોકોના આરોગ્ય સાથે ચેડા!

પોલીસ કર્મચારી બાતમી મળતાં ખુદ દર્દી બનીને ગયા પછી આરોગ્ય અધિકારી, પોલીસ અધિકારીઓને બોલાવી કાર્યવાહી કરાવીઃ દર્દી મુજબ ફી વસુલતો'તો આ કહેવાતો ડોક્ટર








રાજકોટઃ રાજ્યભરમાં પોલીસ અવાર-નવાર ડુપ્લીકેટ ડીગ્રી વગરના ડોક્ટરોને પકડી કાયદાના ઈન્જેકશન આપતી હોય છે. પરંતુ કાયદાની છટકબારી કહો કે ગમે તે આવા લેભાગુ નકલી ડોક્ટરો છુટીને ફરીથી લોકોના આરોગ્ય સાથે ચેડા કરવા માંડતા હોવાના પણ અનેક વખત કિસ્સા સામે આવ્યા છે. આ વચ્ચે કુવાડવામાં વચ્છરાજ ક્લિનીક નામના દવાખાનામાં ડીગ્રી વગરના ડોક્ટર પ્રેકટીસ કરી માનવ જીંદગી સાથે ચેડા થતાં હોવાની બાતમી પરથી શહેર એસઓજીની ટીમે દરોડો પાડી મુળ પોરબદરના શખ્સને પકડી લીધો હતો. આશ્ચર્યની વાત એ હતી કે છ-છ મહિનાથી તે ડીગ્રી વગર દવાખાનુ ધમધમાવતો હતો આમ છતાં આરોગ્ય વિભાગની નજરે આ કહેવાતો ડોક્ટર કે તેનું દવાખાનુ ચડ્યા નહોતાં!

વિગતો પર નજર કરીએ તો શહેર એસઓજીની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે એએસઆઇ ફિરોઝભાઇ શેખ અને સાથેના કિશોરભાઇ ઘુઘલને બાતમી મળી હતી કે કુવાડવા ગામમાં રાજ કુબાવત નામનો શખ્સ વચ્છરાજ ક્લિનીકમાં ડોક્ટર બનીને બેસે છે અને ડીગ્રી વગર દર્દીઓને તપાસી દવા લખી આપે છે, બાટલા ચડાવી આપે છે અને ઈન્જેક્શન પણ આપે છે. આ માહિતી પરથી હેલ્થ ઓફિસરને જાણ કરી બાદમાં એસઓજીના કિશોરભાઇ દર્દી બનીને ગયા હતાં અને બ્લડપ્રેશર ચેક કરાવ્યું હતું. તેને તપાસ અહિ ડોક્ટર તરીકે બેઠેલા શખ્સે દવા પણ લખી આપી હતી. બાદમાં પોલીસે સાચી ઓળખ આપી હતી અને હેલ્થ હઓફિસર ડો. રીન્કલ વેરડીયા તથા પીએસઆઇ એસ. બી. ધાસુરાએ ડોક્ટરની ડીગ્રી હોય તો બતાવવાનું કહેતાં તેણે ગલ્લા તલ્લા કર્યા બાદ કોઇ માન્ય ડીગ્રી નહિ હોવાનું કહેતાં તેની સામે બીએનએસની કલમ ૩૦, ૩૩ તેમજ મેડીકલ પ્રેકટીશનર એક્ટ હેઠળ ગુનો નોંધી ધરપકડ કરી હતી.

ડોક્ટર ડોક્ટર રમવા બેસી ગયેલા આ શખ્સે પોતાનું નામ રાજ વિનોદભાઇ કુબાવત હોવાનું અને પોતાની ઉમર એકત્રીસ વર્ષની તથા પોતે હાલ કુવાડવા પટેલ ફળીયા, ધરમશીભાઇના મકાનમાં ભાડેથી રહેતો હોવાનું પરંતુ મુળ ગામ પોરબંદર, દેવદર્શન પાર્ક, રોકડીયા હનુમાન મંદિર પાસેનો વતની હોવાનું કહ્યું હતું. પોલીસે તેના દવાખાનામાંથી એલોપેથીક દવાઓ, ઈન્જેક્શન, બાટલા, મેડિકલને લગતા સાધનો મળી ૨૬૧૨૧નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. એસઓજીએ દરોડો પાડ્યો ત્યારે દવાખાનામાં એક શખ્સ ખુરશી પર બેઠેલો અને ગળામાં સ્ટેથોસ્કોપ લટકાવેલો દેખાયો હતો.

અંદર દર્દી માટેના બે ખાટલા, દર્દીને ચડાવવા માટેના ગ્લુકોઝ સહિતના બાટલા, એલોપેથીક દવાઓ સહિતની સાધાન સામગ્રી મળી હતી. રાજ કુબાવતે કબુલ્યું હતુ કે પોતે હોમીયોપેથીની દવા જ આપી શકે છે. આમ છતાં ડીગ્રી વગર એલોપેથીક દવા આપતો હતો.

છએક મહિનાથી તેણે આ દવાખાનુ ચાલુ કર્યુ હતું. એસઓજીના પોલીસ ઇન્સ. સંજયસિંહ એમ. જાડેજા, પીએસઆઇ ધાસુરા, ફિરોઝભાઇ શેખ, કિશોરભાઇ ઘુઘલ, હરદેવસિંહ જાડેજાની ટીમે આ કામગીરી કરી નકલી ડોક્ટરને કાયદાનો ડોઝ આપ્યો હતો.

## વાહન અકસ્માતની ઘાત નડીઃ યુવાન અને ત્રણ વર્ષના બાળકના જીવ ગયા

### ગોમટા ફાટક પાસે છકડાને અજાણ્યા વાહને ઉલાળતાં યુવાનનું અને મિતાણા પાસે ટ્રેક્ટર ફરી વળતાં માસુમ બાળકનું મોત




રાજકોટઃ વાહન અકસ્માતની ઘાત વધુ એક વ્યકિત માટે જીવલેણ નીવડી હતી. ગોંડલના ગોમટા પાસે છકડો રિક્ષાને અજાણ્યા વાહને ઉલાળી દેતાં લીલાખા ગામના ભીખાભાઇ રાયાભાઇ ગીડનું ગંભીર ઇજા થતાં મૃત્યુ થયું હતું. લીલાખા રહેતાં ભીખાભાઇ ગીડ-રબારી સાંજે છકડો રિક્ષામાં ગોંડલથી માલ ભરીને પોતાના ગામે જઇ રહ્યા હતાં ત્યારે ગોમટા ફાટક પાસે ઘડીયાળના કારખાના નજીક પહોંચ્યા ત્યારે અજાણ્યા વાહન ચાલકે છકડાને ઠોકરે ચડાવતાં ભીખાભાઇને ગંભીર ઇજા થતાં ગોંડલ સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં.

પરંતુ સારવાર દરમિયાન અહિ મોત નિપજતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. મૃત્યુ પામનાર ભીખાભાઇ પરિવારના એકના એક આધારસ્તંભ હતાં. સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. અજાણ્યા વાહન ચાલકને શોધી કાઢવા ગોંડલ તાલુકા પોલીસે તપાસ હાથ ધરી હતી. બીજા બનાવમાં ટંકારાના છત્તર ગામે જીઆઇડીસી પાસે ખેતરમાં રમી રેહલા ત્રણ વર્ષના બાળકનું ટ્રેકટરના વ્હીલ નીચે આવી જતાં ગંભીર ઇજા થતાં મોત નિપજતાં મજૂર પરિવારમાં શોક છવાઇ ગયો હતો. વધુ માહિતી મુજબ ટંકારાના મિતાણા ગામે રહેતાં રેમનભાઇ રાઠવા ગત સાંજે છત્તર જીઆઇડીસી સામે મિતાણા રોડ પર આવેલા ખેતરમાં પોતાના પરિવાર સાથે હતાં ત્યારે તેનો પુત્ર સંજય કે જે ત્રણ જ વર્ષનો હતો તે ખેતરમાં રમતો હતો. આ વખતે ટ્રેક્ટર ચાલકે ટ્રેક્ટર ચાલુ કરતાં રમી રહેલો સંજય ઠોકરે ચડી જતાં છાતી, માથામાં ગંભીર ઇજાઓ થતાં ટંકારા સારવાર અપાવી રાજકોટ ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ મોત નિપજ્યું હતું. આ પરિવાર મુળ છોટાઉદેપુરનો વતની છે. સંતાનમાં તેને સંજય એક જ દિકરો હતો. રાજકોટ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનના એમ. જી. જાડેજાએ જરૂરી કાર્યવાહી કરી ટંકારા પોલીસને જાણ કરી હતી.

## બેભાન થઇ જવાથી કૈલાસ સોસાયટી, ભગવતીપરાના મહિલાના મૃત્યુ



રાજકોટઃ હૃદય બંધ પડી જવાથી અને બેભાન થઇ જવાથી બે મહિલાની જિંદગીની સફરનો અંત આવી ગયો હતો. વિગતો જોઇએ તો શહેરના નાના મવા રોડ પર મારવાડી બિલ્ડીંગ પાછળ કૈલાસ સોસાયટી-૨ કરણ પાર્કમાં રહેતાં ગીતાબેન જેન્તીભાઇ પરમાર નામના એકતાલીસ વર્ષના મહિલા સવારે પાંચેક વાગ્યે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ તબિબે નિષ્પ્રાણ જાહેર કરતાં પરિવારજનોમાં કલ્પાંત સર્જાયો હતો.

મૃત્યુ પામનાર ગીતાબેન બે બહેન અને એક ભાઇમાં મોટા હતાં. લગ્ન બાદ છુટાછેડા થઇ ગયા હોઇ હાલ માતા, ભાઇ સાથે રહેતાં હતાં. સવારે માતા હંસાબેન જગાડવા જતાં ન જાગતાં બેભાન હાલતમાં સિવિલમાં ખસેડાયા હતા. પરંતુ તેને મૃત જાહેર કરાતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. હોસ્પિટલ માલવીયાનગર પોલીસે આકસ્મિક મૃત્યુની નોંધ કરી કાર્યવાહી કરી હતી. હાર્ટએટેક આવી ગયાનું જણાવાયું હતું.

બીજા બનાવમાં ભગવતીપરા આશાબા પીરની દરગાહ પાસે રહેતાં ઉર્મિલાબેન નામુભાઇ બાબરીયા નામના ચોપન વર્ષના મહિલા રાતે સાડા દસેક વાગ્યે ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ દમ તોડી દેતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. બી-ડિવીઝન પોલીસને જાણ કરતાં જરૂરી કાર્યવાહી કરવામાં આવી હતી. બંને બનાવમાં હોસ્પિટલ ચોકીના આસી સબ ઇન્સ. રામશીભાઇ, ચંદ્રસિંહ, ભાવેશભાઇ, તૌફિકભાઇ, ધર્મેન્દ્રભાઇએ માલવીયાનગર અને બી-ડિવીઝન પોલીસને જાણ કરી હતી.

## રિદ્ધિ સિદ્ધિ પાર્કના પ્રૌઢનો કૂવામાં ઝંપલાવી આપઘાત

### માનસિક બીમારીથી કંટાળી પગલું ભર્યાનું જણાવતી તાલુકા પોલીસ



રાજકોટ મિરર, તા.૨૬

શહેરના ૮૦ ફૂટ રોડ પર આવેલી સર્વોદય સ્કૂલની બાજુના પુનિતનગર તરફ જતા સ્વસ્તિક હાઈટની પાછળના કૂવામાંથી આજે એક પ્રૌઢની લાશ મવડી ફાયર સ્ટેશનના સ્ટાફે બહાર કાઢી હતી. ફાયર સ્ટાફ અને પોલીસના કહેવા મુજબ પ્રૌઢે બીમારીથી કંટાળીને કૂવામાં ઝંપલાવી આપઘાત કરી લીધાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

આ બાબતે મળતી વિગતો મુજબ શહેરના ૮૦ ફુટ રોડ ઉપર સર્વોદય સ્કૂલની બાજુમાં પુનિતનગર તરફ જતા સ્વસ્તિક હાઈટની પાછળના એક ૧૦થી૧૨ ફૂટ પાણી ભરેલા કુવામાં લાશ તરતી હોવાની મવડી ફાયર સ્ટેશનને સાગરભાઈ નામના યુવાને મવડી ફાયર સ્ટેશનને જાણ કરી હતી.

દરમિયાન ફાયર સ્ટેશનનેથી નિવૃત્ત સ્ટેશન ઓફિસર યોગેશ ડી.જાની સ્ટાફના જયેશ ડાભી, અનિલભાઈ, પ્રફુલભાઈ, સંજયભાઈ, અશ્વિનભાઈ, અર્જુનસિંહ, હસ્તદીપસિંહ, ક્રિપાલસિંહ, હરેશભાઈ, રાજેશભાઈ, મગનભાઈ, નિરવભાઈ, અને હરેશભાઈ ગોંડલીયા સહિતનો કાફલો ઘટના સ્થળે દોડી દોડી ગયો હતો દરમિયાન ફાયર સ્ટાફે કુવામાં ઉતરીને પાણીમાં તરતી લાશને મહામહનતે બહાર કાઢી હતી. બનાવની ફાયર બ્રિગેડના સ્ટાફે રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનને જાણ કરતા ઈર્શાદભાઈ ઝા પોતાના સ્ટાફ સાથે ઘટના સ્થળે દોડી આવ્યા હતા. અહીં પ્રાથમિક તપાસમાં એવું બહાર આવ્યું હતુ કે, સર્વોદય સ્કૂલની બાજુમાં આવેલા રિદ્ધિસિદ્ધિ પાર્કમાં રહેતા ગીણોયા મુકેશભાઈ વિઠ્ઠલભાઈ )ઉં. વર્ષ ૫૧)ની આ લાશ હતી. દરમિયાન પોલીસે મૃતકના પરિવારજનોનો સંપર્ક કરતા મૃતકને બે પુત્ર હોવાનું તેમજ આ બંને પુત્રોએ પિતા લાંબા સમયથી માનસિક બીમારી ભોગવી રહ્યા હોય કદાચ આવી પીડામાંથી છૂટવા માટે આવું પગલું ભર્યું હોવાનું જણાવ્યું હતું.

ફાયર બ્રિગેડ સ્ટાફ અને પોલીસેના કહેવા મુજબ કૂવા કાંઠેથી મૃતકના ચપ્પલ, મોબાઇલ અને પાકીટ મળી આવતા આ બનાવ અકસ્માતનો નહિ પણ આપઘાતનો હોવાનું જાણવા મળ્યું હતું. રાજકોટ તાલુકા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

દુષ્કર્મની ફરિયાદ નોંધવાની ધમકી આપીને

# કારખાનેદાર પાસેથી મહિલા સહીત પાંચે રૂા.૫૦ હજાર પડાવ્યા : ગુન્હો

રાજકોટ મિરર, તા.૨૬

જેતપુરના નવાગઢમાં રામજી મંદિર સામે રહેતા અંકિત જીતેન્દ્ર રાદડિયા નામના સાડી કારખાનેદાર યુવાને પોતાને પૂર્વ આયોજિત ગુનાહિત કાવતરું રચીને મહિલા સહિત પાંચ શખ્સોએ દુષ્કર્મના ગુનામાં ફિટ કરી દેવાની ધમકી આપી, ડરાવીને રૂપિયા ૫૦ હજાર પડાવી લીધાની પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

અંકિત રાદડિયાએ આરોપીઓ તરીકે જેતપુરના અમરનગર રોડ ઉપર શ્રીજી સ્કૂલ પાસે રહેતા ભાવિન આંબલીયા, શહેરના ઉદય પંડ્યા, જેતપુરની માર્કેટ યાર્ડમાં અંકુર ટ્રેડિંગના માલિક કિશન રાદડિયા, સરદાર ચોકમાં રહેતી રેશ્મા ધવલ વેકરીયા તેમજ તેમના પતિ ધવલ વેકરીયાના નામ આપ્યા છે.

ફરિયાદમાં અંકિત જીતેન્દ્ર રાદડિયાએ જણાવ્યું છે કે પોતે નવાગઢની ગઢની રાંગ વિસ્તારમાં આવેલા ઈલાહી ચોકમાં નંદ ગોપાલ પ્રિન્ટ નામે સાડી પ્રિન્ટનું કારખાનું ધરાવે છે.

ગઈ તા. ૨૦ મી માર્ચના રોજ સાંજના છ એક વાગ્યે તેમને જેતપુરના ભાવિન આંબલીયા નામના શખ્શ ફોન આવ્યો હતો અને કહ્યું હતું કે તેમની પાસે પોતાની એક મેટર આવેલી છે. મિત્રતાના દાવે અંકિતે પૂછ્યું હતું કે કઈ મેટર છે ? ત્યારે ભાવીને જણાવ્યું હતું કે "તું જેતપુરની તીર્થ હોટલમાં તારીખ ૦૧.૦૩.૨૦૨૫ના રોજ સાંજના સવા પાંચ વાગ્યાની આસપાસ રેશમા નામની છોકરીને લઈ ગયો હતો અને આ છોકરી તારા વિરુદ્ધ બળાત્કારની ફરિયાદ કરવા માંગે છે.

આવા સમયે અંકિતે કહ્યું હતુ કે હું કોઈ છોકરી સાથે નહીં પરંતુ એકલો પણ ક્યારેય તીર્થ હોટલમાં ગયો નથી. હું રેશમા ને ઓળખતો નથી. તમે તે છોકરીને કહી દો કે ફરિયાદ કરી દે મારા વિરુદ્ધ નહીંતર હું ફરિયાદ કરી દઈશ.

આવા સમયે જાણે અંકિતના મદદગાર બનવાનું નાટક કરીને ભાવીને જણાવ્યું હતું કે ફરિયાદ નથી કરવી પરંતુ અત્યારે બધું રોકાવી રાખ્યું છે, હું તીર્થ હોટલના સીસીટીવી ફૂટેજ તપાસ કરાવી લઉં છું એટલે સાચી હકીકત ખબર પડી જશે.

થોડા સમય પછી ભાવીને પાછો અંકિત ને ફોન કરીને કહ્યું હતુ કે મેં તીર્થ હોટલના સીસી ફૂટેજ જોઈ લીધા છે અને તેમાં તું ચોખ્ખો દેખાય છે. ત્યારે પણ અંકિત રાદડિયાએ કહ્યું હતું કે હું કોઈ દિવસ તીર્થ હોટલમાં ગયો જ નથી. ત્યારે ભાવિન આંબલીયાએ અંકિતને કહ્યું હતું કે જે હોય તે પણ હું છોકરીના પપ્પા સાથે વાતચીત કરીને તારી સાથે વાત કરું છું તેમ કહીને ફોન કાપી નાખ્યો હતો.

બીજી બાજુ ઉદય પંડ્યા નામના શખ્શે પોતે તીર્થ હોટલવાળા હોવાનું જણાવીને અંકિતને કોલ કરીને કહ્યું હતું કે ભાવિન આંબલીયા તારા સીસી ફૂટેજ લઈ ગયા છે, અને તેમાં તું જ દેખાય છે, તારું જે કાંઈ હોય તે તેમની સાથે સમજી લેજે મારે તને જાણ કરવી જરૂરી છે, આથી અંકિતે ઉદય પંડ્યાને પણ કહ્યું હતું કે હું તમારી હોટલમાં ક્યારે આવ્યો જ નથી તો મારા સીસી ટીવી ફૂટેજ ક્યાંથી આવ્યા ? ત્યારે ઉદયએ કહ્યું હતું કે તું સીસીટીવી ફૂટેજમાં ચોખ્ખો દેખાય છે એટલે તું ભાવિનભાઈ સાથે સમજી લેજે આટલું કહીને ઉદય ફોન કાપી નાખ્યો હતો.

બીજી બાજુ એકદમ ગભરાઈ ગયેલા અંકિત રાદડિયાએ ફરી ભાવિન આંબલીયાને ફોન કરીને પોતાની મેટર વિશે પૂછ્યું હતું. ત્યારે ભાવિન આંબલીયાએ કહ્યું હતું કે તે છોકરી પાસેથી રૂપિયા ૫૦ હજાર રોકડા તેમજ સાત ગ્રામ સોનાનો બ્રેસલેટ પડાવી લીધું હોય આ બંને વસ્તુ પાછી આપી દે એટલે તારું પ્રકરણ પૂરું થઈ જશે એવું કહેતા, જો કેમ એ કરીને મેટર પૂરી થતી હોય તેવું માની લઈને ભયભીત અવસ્થામાં અંકિત પૈસા અને સોનુ ક્યાં આપવા આવવાનો છે તેવું કહેતા ભાવિન આંબલીયાએ જેતપુરના જુનાગઢ રોડ ઉપર આવેલ માર્કેટ યાર્ડમાં અંકુર ટ્રેડિંગમાં આપવાનું કહ્યું હતું.

ગભરાયેલા અંકિતે માર્કેટ યાર્ડમાં જતી વખતે પોતાના કાકા પરેશભાઈ વશરામભાઈ રાદડિયાને સાથે રાખ્યા હતા. કાકા ભત્રીજા બંને યાર્ડમાં પહોંચ્યા ત્યારે અંકુર ટ્રેડિંગ ખાતે ભાવિન આંબલીયા તેમજ કિશન રાદડિયા અંકુર ટ્રેડિંગના માલિક હાજર હતા. ત્યાં જઈ અંકિતે ભાવિનભાઈને કહ્યું હતું કે અમે ૫૦ હજાર લઈને આવ્યા છીએ. આ સમયે ભાવીને કહેલ કે છોકરીવાળાને બોલાવવા પડશે. આવું નાટક કરીને ભાવીને કોઈને ફોન કરતા ત્યાં એક મહિલા તથા ત્રણ અજાણ્યા શખ્શઆવ્યા હતા. આ સમયે ભાવીને મહિલાની ઓળખ રેશ્મા વેકરીયા તરીકે આપી હતી અને રેશમાએ ફરિયાદ તૈયાર પણ કરી લીધી છે તેવું કહીને એક કાગળ અંકિતને આપતા તેમાં પોતાના પર દુષ્કર્મોનો આરોપવાળી વાત લખવામાં આવી હતી.

મહિલા સાથે ત્રણ અજાણ્યા આવેલા શખ્સોને ભાવિન આંબલીયાએ ઓળખાણ આપી હતી. તેમાં એક રેશમાનો પતિ ધવલ વેકરીયા તેમજ દિવ્યેશ પ્રફુલ ઉસદડિયા(રહે. દેસાઈવાડી, જેતપુર ) અને ફેનીલ અશોક બાબરીયા(રહે.શાંતિનગર જેતપુર) તરીકે ઓળખ આપી હતી અને આ બંને તેમના મિત્રો હોવાનું પણ ભાવિને કહ્યું હતું.

ગભરાયેલા અંકિત પાસેથી ભાવિન આંબલીયાએ રૂપિયા ૫૦ હજાર લઈ લીધા હતા અને કહ્યું હતું કે હવે તમે છુટ્ટા, તમારી મેટર પુરી. ત્યારે અંકિતે કહ્યું હતું કે આપણું પ્રકરણ તો પૂરું થઈ ગયું પણ મને મારા સીસી ફૂટેજ તો બતાવો. ત્યારે ભાભીને તેમને આવા કોઈ આધાર પુરાવા ન બતાવતા પોતાની સાથે દુષ્કર્મ અને ધમકી આપીને પૈસા પડાવવા માટે પૂર્વ આયોજિત કાવતરું રચાયું હોવાનું માલુમ પડતા અંકિત જીતેન્દ્રભાઈ રાદડિયાએ જેતપુર શહેર પોલીસ સ્ટેશનમાં ઉપરોક્ત ભાવિન આંબલીયા, ઉદય પંડ્યા, અંકુર ટ્રેડિંગના માલિક કિશન રાદડિયા, સરદાર ચોકમાં રહેતી રેશ્મા ધવલ વેકરીયા તેમજ તેમના પતિ ધવલ વેકરીયા સામે ફરિયાદ નોંધાવતા જેતપુર શહેર પોલીસે પાંચેયની ધરપકડની તજવીજ હાથ ધરી છે.

**પોલીસે પાંચેય તોડબાજોની શરુ કરી શોધખોળ : મંદીના માહોલમાં જ યુવાનને ધૂતારા ભટકી ગ્યા**

# રાજકોટને ગ્રોથ સિટી તરીકે વિકસતા આપણે જોઈશું : CM




**મનપા – રૂડાના રૂા.૫૬૫.૬૩કરોડના વિવિધ વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ–ખાતમુહૂર્ત કાર્યક્રમ યોજાયો**

રાજકોટ, તા. ૨૬
રાજકોટ મહાનગરપાલિકાના વિવિધ વિકાસ પ્રકલ્પો પૈકી, રૂ.૫૮.૫૪ કરોડના ૪ પ્રકલ્પોના લોકાર્પણ તથા રૂ.૩૩૨.૨૬ કરોડના જુદા જુદા ૩૫ પ્રકલ્પોના ખાતમુહૂર્ત તેમજ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના અંતગર્ત નિર્માણ પામેલ આવાસો પૈકી ખાલી પડેલ ઊઠજ-૨ (૧.૫ ઇંઇઊં)ના ૧૩૩, ખઈઋ (૩ઇંઇઊં)ના ૫૦ એમ કુલ ૧૮૩ આવાસો લાભાર્થીઓને ફાળવણીનો કોમ્પ્યુટરાઈઝડ ડ્રો તેમજ રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળના વિવિધ વિકાસ પ્રકલ્પો પૈકી રૂ.૧૭૪.૮૩ કરોડના ૬ પ્રકલ્પોના ખાતમુહૂર્ત મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું .

આ કાર્યક્રમમાં ઉપસ્થિત જંગી જનમેદનીને સંબોધન કરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલએ જણાવ્યું કે, રાજકોટ મહાનગરપાલિકા અને રાજકોટ શહેરી વિકાસ સતામંડળ (રૂડા)ના કુલ રૂ. ૫૬૫.૬૩ કરોડના વિવિધ પ્રકલ્પોના લોકાર્પણ-ખાતમુહૂર્ત, અને આવાસ ડ્રોના આ કાર્યક્રમ યોજવા બદલ મહાનગરપાલિકાના પદાધિકારીઓ-અધિકારીઓ તથા રૂડાની ટીમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.



આપણે સૌ જાણીએ છીએ કે, ઇઝ ઓફ લિવિંગ એટલે કે સામાન્ય નાગરિકોના જીવન સરળ, ખુશહાલ, સુખશાંતિમય અને પ્રગતિશીલ બને તે દિશામાં વિશ્વ નેતા અને ભારતના માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આપણો દેશ ખુબ જ ઝડપથી સર્વાંગી વિકાસ હાંસલ કરી રહ્યો છે.




ભૂપેન્દ્રભાઈ પટેલે કહ્યું કે, આ વખતે રાજકોટને પાણીની ચિંતા ન થાય તે માટેની સુદ્રઢ વ્યવસ્થા સરકાર દ્વારા કરવામાં આવી ચુકી છે. નાગરિકોને પીવાના પાણીની કોઈ મુશ્કેલી ના પડે તેવું આયોજન કરવામાં આવેલ છે. લોકોએ આ બાબતમાં ચિંતા કરવાની કોઈ જરૂર નથી. વધુમાં તેઓએ માહિતી આપતા જણાવ્યું કે શહેરની સુખાકારી માટે આજે રૂ. ૫૬૫.૬૩ કરોડના વિવિધ કામોનું લોકાર્પણ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. આજે એક જ દિવસમાં આટલું મોટું કામ થયું છે. ભૂતકાળની વાત કરૂ તો, કોર્પોરેશનમાં પહેલા એક લાખ રૂપિયાનું કામ કરવામાં પણ વાર લાગતી હતી. જોકે આજે એક જ દિવસમાં કરોડોના કામો થાય છે એ આપ સૌની નજર સમક્ષ જોઈ શકાય છે. ભૂતકાળમાં એક લાખ રૂપિયાના કામમાં પણ તકલીફ પડતી હતી ને હવે આજે કરોડોના કામ આસનીથી થાય છે તો તેનું કારણ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી છે. તેમના દૂરંદેશીપૂર્ણ દ્રષ્ટિકોણ અને આયોજનના પરિણામે આ બધું શક્ય બની રહ્યું છે. તેમણે બજેટ વધાર્યું, વિવિધ યોજનાઓનો સમાવેશ કર્યો અને એ માટેનું પ્લાનિંગ કરી તેનો ઝડપી અમલ શરૂ કરાવ્યો જેનાથી કામો આસાનીથી થાય છે. સરવાળે શહેર વૈશ્વિક દિશામાં આગળ વધે છે. આપ સૌ જાણો છો કે, તાજેતરમાં જ રાજ્ય સાકાર દ્વારા તાજેતરમાં નગરપાલિકાઓને નવી મહાનગરપાલિકાનો દરજ્જો આપવામાં આવ્યો અને તેના પરિણામે જે તે શહેરની વિકાસ પ્રક્રિયાને વેગ પ્રાપ્ત થશે.

નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ ૨૦૨૫ના વર્ષને શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવવાનું આયોજન કરવામાં આવેલ છે. આ આયોજનના માધ્યમથી પણ શહેરી વિકાસને તેજ રફતાર પ્રાપ્ત થઇ શકશે. વિકાસ પ્રક્રિયાને અવિરત આગળ ધપાવવા માટે ગત વર્ષ કરતા આ વખતે ૪૦% બજેટ વધારવામાં આવેલ છે. વડાપ્રધાનના માર્ગદર્શન હેઠળ ઔદ્યોગિક ક્ષેત્રે નોંધપાત્ર વિકાસ થઇ રહ્યો છે. રાજ્ય સરકારે ૬ ગ્રોથ સિટી વિકસાવવાનું આયોજન કરેલ છે તેમાં રાજકોટનો પણ સમાવેશ થાય છે અને આગામી સમયમાં રાજકોટને ગ્રોથ સિટી તરીકે વિકસતા આપણે સૌ જોઈ શકીશું. આ મેગા આયોજન માટે આવશ્યકતા જણાશે તો બજેટ વધારવામાં પણ આવશે.

મોદી સરકારે પર્યાવરણ જાળવણી, પાણી, સ્વચ્છતા જેવી બાબતોને ધ્યાનમાં રાખી તેને અગ્રતા આપી છે અને રાજકોટ પણ તેને અનુસરી રહ્યું છે અને આજે અહીં આવતા જોયું કે, રાજકોટ જે રંગીલું રાજકોટ છે તે જ રંગીલું રાજકોટ સ્વચ્છ પણ દેખાય છે. વિકાસ માટે આપણે સૌએ સાથે મળીને તેમાં સહભાગી થઈએ તો સારા પરિણામો પ્રાપ્ત થઇ શકશે. સરકારની કામગીરીની સાથે નાગરિકો પણ તેમાં પોતાનો સહકાર આપે તે જરૂરી છે. અત્યારનો સમય અમૃતકાળ છે. સૌના સાથથી આપણે આ વર્ષ ઉજવીશું અને વિકાસ તરફ હરણફાળ ભરીશું. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના અવિરત સહયોગથી રાજકોટ શહેરની વણથંભી વિકાસયાત્રા આગળ ધપી રહી છે. તાજેતરમાં રાજ્ય સરકારશ્રી દ્વારા ત્વરીત નિર્ણય કરી, રાજકોટ શહેરને પીવાનું પાણી પુરૂ પાડતી ભાદર ડેમની પાઈપલાઈન શિફ્ટ કરવા માટે ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવેલ છે. રાજય સરકારના સહયોગથી રાજકોટ શહેરની પાણીની સમસ્યા ભૂતકાળ બનેલ છે. હાલમાં જ રાજય સરકાર દ્વારા રાજકોટ શહેરને સૌની યોજના મારફત નર્મદા ડેમનું પાણી ફાળવતા આજે ઉનાળામાં શહેરના આજી-૧ અને ન્યારી-૧ ડેમ છલોછલ ભરવામાં આવેલ છે.

આજે શહેરમાં સોનાનો સૂરજ ઉગ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે રાજકોટ મહાનગરપાલિકા તથા રૂડા કચેરીના કુલ રૂ.૫૬૫.૬૩ કરોડના વિવિધ વિકાસ પ્રકલ્પોના એકસાથે લોકાર્પણ-ખાતમુહૂર્ત થનાર છે. જેમાં, ખાસ કરીને શહેરના મવડી વિસ્તારમાં નવનિર્મિત આધુનિક ઇન્ડોર ગેમ્સ સ્પોટ્ર્સ કોમ્પલેક્ષ, શહેરી બસ સેવામાં વધુ નવી ૨૫ ઇલેક્ટ્રીક બસ, કાલાવડ રોડ પર બીજા રિંગ રોડ પાસે નિર્માણ પામનાર આઇકોનીક ફ્લાયઓવર બ્રિજ, અન્ય ૪નાના બ્રિજ, શહેરમાં બાંધકામ વિભાગ, ડ્રેનેજ નેટવર્ક, વોટર વર્કસ નેટવર્કના કામ સહિતના કામોનું લોકાર્પણ તથા ખાતમુહૂર્ત થનાર છે તેમજ પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત નિર્માણ પામેલ પૈકી ખાલી પડેલ ૧૮૩ આવાસ લાભાર્થીઓને આવાસ ફાળવણીનો કોમ્પ્યુટરાઈઝડ ડ્રો કરી, આવાસની ફાળવણી કરવામાં આવનાર છે. સાથોસાથ રૂડા કચેરીના નવા રિંગ રોડ ડેવલોપમેન્ટ અને રૂડા હસ્તકનાં ગામોમાં ડ્રેનેજ નેટવર્ક સહિતના કુલ રૂ.૧૭૪.૮૩ કરોડના ૬કામોનું ખાતમુહૂર્ત થનાર છે. આમ, રાજકોટને એકસાથે અલગ અલગ વિભાગના કામોના લોકાર્પણ અને ખાતમુહૂર્તની ભેટ થકી, શહેરીજનોની સુવિધામાં અને સુખાકારીમાં અનેકગણો વધારો થનાર છે.

રાજ્ય સરકારના સહયોગથી રાજકોટ મહાનગરપાલિકાના શાસકો જ્યાં માનવી ત્યાં સુવિધા તથા સૌનો સાથ સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌના પ્રયાસના સૂત્ર સાથે શહેરમાં પાયાના મહત્વના અનેકવિધ પ્રોજેક્ટ્સનું નિર્માણ કાર્ય ગતિમાં છે. જેમાં, ખાસ કરીને પીવાના શુધ્ધ પાણી માટે ડી.આઈ.પાઈપલાઈન તથા ડ્રેનેજ નેટવર્કના કામો, નવા ભળેલા વિસ્તારોમાં પ્રાથમિક સુવિધાના કામો, જામનગર રોડ સાંઢીયા પૂલ ખાતે ફ્લાયઓવર બ્રિજ, પ્રદ્યુમન પાર્ક પાસે એશિયાટીક લાયન સફારી પાર્ક, નવા ફાયર સ્ટેશન, આરોગ્ય કેન્દ્ર, પ્રાથમિક શાળાના બિલ્ડીંગ, કોમ્યુનિટી હોલ, પાર્ટી પ્લોટ, આવાસ યોજના સહિતના અનેકવિધ કામો ગતિમાં છે.



રાજકોટ શહેર રહેવાલાયક, માણવાલાયક, હરીયાળું અને રળિયામણું બને તે માટે સાથોસાથ શહેરમાં કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો કરવા માટે ૫લાખ વૃક્ષોનું વાવેતર કરવાનો લક્ષ્યાંક નક્કી કરેલ છે, શહેરી ટ્રાન્સપોર્ટેશનમાં સી.એન.જી. તથા ઇલેક્ટ્રિક બસ, ઘન કચરાનું વૈજ્ઞાનિક ઢબે પ્રોસેસીંગ, મેગા સ્કેલ સોલાર રૂફટોપ વગેરે જેવા અનેકવિધ પગલાઓ લેવામાં આવી રહેલ છે. રાજકોટ મહાનગરપાલિકા તંત્ર શહેરનો સર્વાંગી વિકાસ થાય અને શહેર ખરા અર્થમાં લિવેબલ સિટી અને સ્માર્ટ સિટી બને તે દિશામાં અવિરતપણે આગળ ધપી રહ્યુ છે અને તેમાં ‘‘સૌનો સાથ સહકાર‘‘ મળી રહેશે તેવી મને ચોક્કસપણે અપેક્ષા છે. ભારત દેશને વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત બનાવવાની દિશામાં આપણે સૌ સાથે મળીને આગળ વધીએ.

---

જિંદગીને ગમે તેવી પરિસ્થિતિમાં જીવી લેનારાઓ છે તો અકળ કારણે દુનિયા છોડનારા પણ અનેક છે

# ઉમર ચોવીસ, લગ્નને થયું હતું દોઢ વર્ષ અને કરી લીધો આપઘાત

**અયોધ્યા ચોક પાસેના ગાયત્રી પાર્કની ઘટનાઃ પરિણીતાએ ગળાફાંસો ખાઇ દુનિયા છોડીઃ સાસરીયા, માવતર બંનેએ કહ્યું-આપઘાત કરવો પડે તેવુ કારણ નહોતુંઃ તો પછી શા માટે ભર્યુ આ પગલું?**



રાજકોટઃ અપમૃત્યુની ઘટનાઓના સિલસિલા વચ્ચે વધુ ત્રણ બનાવો બન્યા હતાં. જેના કારણે જે તે હતભાગી મૃતકોના પરિવારજનોમાં શોક છવાઇ ગયો હતો. જેમાં એક પરિણીતા અને એક વૃધ્ધાએ આપઘાત કર્યા હતાં. જ્યારે એક યુવાનનું પહેલા માળેથી પડી જવાથી મૃત્યુ થયું હતું. જે પરિણીતાએ આત્મહત્યા કરી તેની ઉમર ચોવીસ વર્ષ જ હતી અને દોઢ વર્ષ પહેલા જ તેના લગ્ન થયા હતાં. પરિવારજનોએ કહ્યું હતું કે આપઘાત કરવો પડે તેવું કોઇ કારણ નહોતું. તો પછી શા માટે તેણીએ જીવતર ટુંકાવ્યું? તે અંગે રહસ્ય સર્જાયુ હતું.

વિગતો પર નજર કરીએ તો અયોધ્યા ચોક ગોકુલ મથુરા પાછળ ગાયત્રી પાર્કમાં રહેતી ચોવીસ વર્ષની હેમાલીબેન યશભાઇ મકવાણા નામની પરિણીતાએ પંખામાં ચુંદડી બાંધી ગળાફાંસો ખાઇ લેતાં સિવિલ હોસ્પિટલમાં બેભાન હાલતમાં ખસેડાયેલ. પરંતુ તબિબે તેણીને નિષ્પ્રાણ જાહેર કરતાં પરિવારજનોમાં ગમગીની વ્યાપી ગઇ હતી. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના આસી સબ ઇન્સ. રામશીભાઇ, ચંદ્રસિંહ, તૌફિકભાઇ, ભાવેશભાઇ, ધર્મેન્દ્રભાઇએ કરતાં યુનિવર્સિટી પોલીસે કાર્યવાહી કરી હતી. ગળાફાંસો ખાઇ આત્મહત્યા કરી લેનારી હેમાલીબેનના લગ્ન દોઢ વર્ષ પહેલા જ થયા હતાં. તેણીના પતિ યશભાઇ એક્સપોર્ટ ઇમ્પોર્ટનું કામ કરે છે. તેણીના માવતર દોઢસો રીંગ રોડ પર સોમનાથ સોસાયટીમાં રહે છે અને પિતાનું નામ વિનોદભાઇ દાનાભાઇ પરમાર છે.

વધુ માહિતી મુજબ હેમાલીબેન એક ભાઇથી નાની અને માતા-પિતાની એક જ દિકરી હતી. સવારે પતિ ઓફિસે જવા નીકળ્યા બાદ સાસુ નયનાબેન પુત્રવધૂ હેમાલીબેનના રૂમ પાસે જતાં દરવાજો બંધ હોઇ ખખડાવવા છતાં નહિ ખોલાતાં પોતાના પતિ સુરેશભાઇને જાણ કરતાં તેઓ ઘરે આવ્યા હતાં ઇન્ટરલોકની બીજી ચાવી પોતાની પાસે હોઇ તેનાથી લોક ખોલતાં પુત્રવધૂ લટકતાં મળતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. તુરત જ તેણીને બેભાન હાલતમાં હોસ્પિટલે ખસેડી હતી. પરંતુ અહિ મૃતદેહ જ પહોંચ્યાનું જાહેર થયું હતું. હેમાલીબેનને કોઇ તકલીફ કે કોઇ બિમારી નહિ હોવાનું સાસરિયા પક્ષે જણાવ્યું હતું. પિતાએ પણ દિકરીએ આ પગલુ શા માટે ભર્યુ? તેનાથી પોતે અજાણ હોવાનું કહ્યું હતું. ત્યારે આ પરિણીતાએ મોત મેળવી લીધું તેનું કારણ શુ? તે અંગે સર્જાયેલા રહસ્યને ઉકેલવા પોલીસ કામે લાગી હતી.

આપઘાતની બીજી ઘટના જોઇએ તો મોરબીના શનાળા રોડ પર ભુમિ એપાર્ટમેન્ટમાં રહેતાં વનીતાબેન બાબુભાઇ કાંજીયા નામના ઓગણસાંઇઠ વર્ષના વૃધ્ધાએ ગઇકાલે સાંજે ઘરે ઘઉંમાં રાખવાની ટીકડીઓ પી લેતાં મોરબી સારવાર અપાવી રાજકોટ ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ આજે અહિ મૃત્યુ નિપજતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. ખાનગી હોસ્પિટલ મારફત જાણ થતાં માલવીયાનગર પોલીસે કાર્યવાહી કરી મોરબી પોલીસને જાણ કરી હતી. આપઘાત કરનાર વનીતાબેનને સંતાનમાં એક પુત્રી અને એક પુત્ર છે. પતિ નિવૃત જીવન જીવે છે. વનીતાબેનને સંયુક્ત પરિવારમાંથી અલગ થવું હતું. પરંતુ દિકરાએ અલગ થવાની ના પાડતાં કંકાસ થતાં આ પગલુ ભર્યાનું જણાવાયું હતું. આ બનાવની વધુ તપાસ મોરબી પોલીસ કરે છે.

ત્રીજા બનાવમાં ગોંડલ રોડ પર વાવડી ઇન્ડસ્ટ્રીયલ એરીયામાં રહેતો મુળ બિહારનો યુવાન ઘરના પહેલા માળેથી અકસ્માતે પડી જતાં ગંભીર ઇજા થતાં મોત નિપજ્યું હતું. વાવડીમાં ઇન્ડસ્ટ્રીયલ એરીયામાં મહાલક્ષ્મી મસાલા નામના કારખાના પાસે રહેતો ગૌતમ બલેશ્વર ઠાકુર નામનો અઠ્ઠાવીસ વર્ષનો યુવાન સવારે દસેક વાગ્યે ઘરના પહેલા માળે હતો ત્યારે નીચે પડી જતાં ગંભીર ઇજા થતાં સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. સારવાર દરમિયાન તેનું મોત થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે તાલુકા પોલીસે કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર ગૌતમ બે ભાઇ અને એક બહેનમાં નાનો અને કુંવારો હતો. તે આઠ વર્ષથી રાજકોટ રહી કારખાનામાં મજૂરી કરતો હતો. આ બનાવથી પરિવારજનોમાં ગમગીની છવાઇ ગઇ હતી.

---

**મને કમળાની બિમારી છે એટલે હું જાઉ છું... ઘરમાં ચીઠ્ઠી મુકી નીકળી ગયેલી બાળાનું અપહરણ**

# પંદર વર્ષની અપહૃત બાળાને ગાંધીગ્રામ પોલીસે શોધી કાઢીઃ અપહરણકાર સહિત બે ઝડપાયા

**મુળ માણસાનો અને હાલ પીપળી આશ્રમ પાસે રહેતો હકો મિત્ર અમનની મદદથી બાળાને ઉઠાવી ગયો હતોઃ અગાઉ પણ આ બંને પોક્સો, બળાત્કારમાં સંડોવાયા’તાં**





રાજકોટઃ આજના સમયમાં કોઇપણ ગુનો બને તો પોલીસ તેનો ભેદ ઉકેલવા માટે સૌથી પહેલા સીસીટીવી કેમેરા અને પછી મોબાઇલ ફોનના આધારે તપાસ શરૂ કરે છે. જે તે કિસ્સામાં મોબાઇલ ફોન અને કેમેરા પોલીસ માટે ગુના ઉકેલવામાં મહત્વાના સાથીદાર બનતા હોય છે. પરંતુ ગાંધીગ્રામ પોલીસે એક એવો ગુનો ડિટેક્ટ કર્યો છે જેમાં મોબાઇલ ફોન નહોતો અને કેમેરાનો પણ નહિવત ઉપયોગ થયો હતો. ગૂમ થયેલી પંદર વર્ષની બાળાનું અપહરણ થયાની માહિતી મળતાં ગુનો દાખલ કરી પોલીસે તપાસ શરૂ કરી હતી. એક પછી એક અનેક રિક્ષાચાલકોની પુછતાછ કરતી કરતી પોલીસ અપહૃત બાળા સુધી પહોંચી હતી અને તેને ભગાડી જનારાને તથા ગુનામાં મદદ કરનારાને પણ પકડી લીધો હતો.

વિગતો જોઇએ તો શહેરના ગાંધીગ્રામ વિસ્તારમાં રહેતી પંદર વર્ષની બાળા બે દિવસ પહેલા ઘરે ચિઠ્ઠી મુકીને જતી રહી હતી. ચિઠ્ઠીમાં તેણીએ પોતાને કમળાની બિમારી હોવાથી કંટાળીને ઘર મુકી રહી હોવાનું લખ્યું હતું. પરિવારજનોએ ગૂમ થયાની નોંધ ગાંધીગ્રામ પોલીસને કરતાં પોલીસે સગીર ગુમ થવાના કિસ્સામાં અપહરણનો ગુનો દાખલ કરી તપાસના ચક્રો ગતિમાન કર્યા હતાં. બાળા પાસે મોબાઇલ ફોન પણ ન હોઇ તેને શોધવાનું કામ કપરૂ થઇ ગયું હતું. ગાંધીગ્રામ પોલીસે કુનેહપુર્વક તપાસ કરી બાળાની ભાળ મેળવી તેને ભગાડી જનાર અને મદદગારી કરનાર એમ બે શખ્સને પકડી લીધા હતાં. અપહૃત બાળાને શોધી કાઢવા ગાંધીગ્રામ પોલીસની ટીમ કામે લાગી હતી. એ દરમિયાન હેડકોન્સ. મશરીભાઇ ભેટારીયા, મુકેશભાઇ સબાડ અને પ્રદિપભાઇ ડાંગરને મહત્વની માહિતી મળી હતી. એક રિક્ષાચાલકે ફોટાના આધારે આ બાળાને ઓળખી કાઢી હતી અને માધાપર ચોકડીથી સ્પેશીયાલ ભાડુ કરી આ બાળા ગ્રીનલેન્ડ ચોકડીએ ઉતરી કોઇ છોકરા સાથે વાત કરવી હોઇ ત્યાં હાજર કડુ પહેરેલા ભાઇ પાસેથી ફોન લઇ વાત કરી હોવાની માહિતી મળી તી. આના આધારે ટીમ કામે લાગી હતી અને કડુ પહેરેલા રિક્ષાવાળાને શોધતાં તેની પુછતાછ પછી અન્ય રિક્ષાવાળા સુધી પોલીસ પહોંચી હતી. સીસીટીવી કેમેરા, ટેકનીકલમ સોર્સની મદદ લીધી હતી. જો કે કેમેરા પણ બહુ કામ આવ્યા નહોતાં. હ્યુમન સોર્સથી બાળાને કુવાડવા રોડના ડી માર્ટ મોલમાંથી શોધી કાઢી હતી. તેની સાથે તેને ભગાડી જનાર બાવીસ વર્ષના હકો ઉર્ફ મહાવીરસિંહ ઉર્ફ ભુપેન્દ્રસિંહ ઉર્ફ ભુપતસિંહ વાઘેલા (રહે. પીપળી ધામ તા. પાટડી, મુળ રામપુરા વાઘેલા વાસ ગાંધીનગર) તથા તેને મદદ કરનાર ચોવીસ વર્ષના અમન બનારસભાઇ ગુપ્તા (રહે. ભગીરથ સોસાયટી સંત કબીર રોડ)ને પકડી લીધા હતાં.બાળા મોબાઇલ ફોન વાપરતી ન હોઇ તેના માતાનો ફોન ચેક કરતાં તેમાં તેણી સ્નેપચેટથી કોઇ સાથે વાત કરતી હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસની ટીમોએ રિક્ષાચાલકોની પુછતાછ કરી હતી અને તેના થકી માહિતી મેળવી હતી. આરોપીઓ પૈકી હકો ઉર્ફ મહાવીરસિંહ અગાઉ પણ ગાંધીગ્રામ પોલીસમાં વર્ષ ૨૦૨૪માં પોક્સોના ગુનામાં પકડાયો હતો. જ્યારે અમન બી-ડિવીઝનમાં અપહરણ-બળાત્કાર ગુનામાં પકડાયો હતો. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી જગદીશ બાંગરવા, એસીપી રાધીકા ભારાઇની સુચના અંતર્ગત પીઆઇ એસ.આર. મેઘાણી, પીએસઆઇ એસ. બી. જાડેજા, હેડકોન્સ. મશરીભાઇ ભેટારીયા, હંસરાજભાઇ ઝાપડીયા, અમીતભાઇ કોરાટ, અમિતભાઇ કોરાટ, રવિભાઇ ગઢવી, સહદેવસિંહ જાડેજા, શબ્બીરખાન મલેક, કોન્સ. અમીનભાઇ ભલુર, રોહિતદાન ગઢવી, મુકેશભાઇ સબાડ, રઘુવીરસિંહ જાડેજા, ભરતભાઇ મકવાણા, પ્રશાંતભાઇ ગજેરાએ આ કામગીરી કરી હતી. આમ પોલીસની કુનેહભરી કામગીરી સફળ રહી હતી અને અપહૃત બાળા પરત તેના વાલીને મળી હતી.